Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૮

## જીવનનો કસ-વીતરાગરસ

ગુરુદેવના અંતરમાં વીતરાગરસનો પ્રવાહ નિરંતર વર્તી રહ્યો છે. પ્રવચન વખતે તો વીતરાગરસની એ પાવનગંગાના પ્રવાહમાં અનેક જિજ્ઞાસુઓ પાવન થાય છે; તે ઉપરાંત તીર્થયાત્રા જેવા વિશેષ પ્રસંગો વખતે, ભૂત-ભાવિનાં કોઈ મંગલ સ્મરણોની યાદી વખતે, સાધર્મી-ધર્માત્માઓ સાથેના વિશેષ પ્રસંગો વખતે, વિશિષ્ટ શાસ્ત્રોના સ્વાધ્યાય કે ચિંતન કરતાં કરતાં જાગેલી ઊર્મિઓ વખતે, -એમ અનેક પ્રસંગે એ વીતરાગરસની મસ્તી અને ચૈતન્યની ધૂન જોવા મળે છે; ત્યારે એમ થાય છે કે વાહ! ગુરુદેવનું ખરું જીવન આ જ છે, આ જ એમના જીવનનો ક્રમ છે, એ વીતરાગી-ચૈતન્યરસથી ભરપૂર જીવનની ઓળખાણ તે ગુરુની સાચી સેવા છે.

આત્માને સાધવા માટે ગુરુદેવની વાણી મુમુક્ષુને શૂરાતન ચડાવે છે. ગુરુમુખે નિજનિધાન સાંભળતાં મુમુક્ષુ રાજી-રાજી થઈ જાય છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે શુદ્ધાત્માને ધ્યેય બનાવીને ધર્મી જીવોનો સંઘ મોક્ષપુરીમાં ચાલ્યો જાય છે, -હે જીવ! તું પણ એમાં ભળી જા.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૫, જેઠ (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૨૬ : અંક ૮
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# આત્મચિંતનમાં મગ્ન પ્રશાંત મુદ્રા



આત્મચિંતનમાં મગ્ન ગુરુદેવની આ પ્રશાંત મુદ્રા કેવી શોભે છે!! મુંબઈથી ઇંદોર તરફ જતાં વિમાનમાં હસ્તાક્ષર લખતી વખતે પણ ગુરુદેવની મુદ્રા આવી જ હતી. –જો કે આ દૃશ્ય તો સોનગઢમાં માનસ્તંભ પાસેનું છે.

*****

વાર્ષિક લવાજમ
*****
ચાર રૂપિયા
*****

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
* વર્ષ ૨૬ : અંક ૮ *

વીર સં. ૨૪૯૫
*****
જેઠ
*****

# ગગનમંડળમાં જ્ઞાયકનું ઘોલન

મક્ષીજી તીર્થમાં પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાના મંગલ ઉત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવ વિમાન દ્વારા મુંબઈથી ઈન્દોર પધારી રહ્યા હતા. સાથે ૪૦ જેટલા મુમુક્ષુ યાત્રિકો હતા, ને પૂ. બેનશ્રીબેન હર્ષથી ભક્તિ કરાવતા હતા. આ વિમાનયાત્રાની મંગલ યાદીમાં વિમાનમાં બેઠાબેઠા ગુરુદેવે મંગલ હસ્તાક્ષર લખી આપ્યા. હસ્તાક્ષર માટે વિનંતિ કરતાં પ્રથમ તો એક હાથમાં નોટબુક ને બીજા હાથમાં પેન્સીલ રાખીને ક્ષણભર ગુરુદેવ જ્ઞાયકના ઘોલનમાં થંભી ગયા.....એ વખતે વહાલા વિદેહીનાથ અને કુંદકુંદ–પ્રભુની વિદેહયાત્રા એમને યાદ આવતા હતા... થોડીવારે આંખ ઉઘાડી, ને આ પ્રમાણે હસ્તાક્ષર લખી આપ્યા–“શુદ્ધ જ્ઞાયકના અતંર્મુખ ઘોલનથી આત્માને આનંદ થાય છે–જે વચનાતીત છે.”

જમીનથી બાર હજાર ફૂટ ઊંચે નિરાલંબી આકાશમાં ગગનવિહાર પ્રસંગે હૃદયમંથનમાંથી ગુરુદેવે આપેલી આ અમૃતપ્રસાદી આપણને પણ આત્મિક ભાવના જગાડીને આનંદ પમાડે છે.

# સમ્યક્ત્વની ભૂમિકામાં આત્માનો નિર્ણય

卐

**વૈશાખ વદ ૯ ના રોજ પૂ. ગુરુદેવ શાંતધામ સોનગઢમાં પધાર્યા.....ને સમયસાર ગા. ૭૪ થી પ્રવચનો શરૂ થયા. ગુરુદેવ કહે છે કે ભાઈ! લક્ષ્મી ચાંદલો કરવા આવે તેમ આ તારા આત્માનો નિર્ણય કરીને અનુભવના મંગલ ટાણાં આવ્યા છે; કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી તને ચાંદલો કરવા આવી છે. તો આ અવસર તું ચુકીશ મા.**

આચાર્યદેવ કહે છે કે આત્માને જ્ઞાન થવાનો ને દુઃખ મટવાનો એક જ કાળ છે. ધર્મ થવાના કાળે જ આત્મા રાગાદિ દુઃખભાવોથી છૂટે છે, ને પરભાવોથી છૂટવાના કાળે જ આત્મા જ્ઞાનરૂપ–આનંદરૂપ થાય છે. –આ રીતે ભેદજ્ઞાન થતાં તે બંને એક સાથે જ થઈ જાય છે. જીવના સ્વભાવ તરફ વળેલો જે જ્ઞાનભાવ, તેમાં રાગાદિ સમસ્ત પરભાવોનો અભાવ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે શુભાશુભ વિકલ્પોનો સ્વામી નથી. આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાનપણે પરિણમવાનો છે, રાગપણે પરિણમવાનો એનો સ્વભાવ નથી; એટલે રાગ તે જ્ઞાનનું સાધન થાય નહિ. ધર્મ કરવા માટે પહેલાં જ આવો નિર્ણય કરવો કે શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવવાળો શુદ્ધ આત્મા હું છું; વચ્ચે વિકલ્પો આવે તે હું નથી, તે વિકલ્પ વડે હું સ્વસંવેદન–પ્રત્યક્ષ થતો નથી, પણ મારા શુદ્ધ જ્ઞાનસ્વભાવવડે જ હું સ્વસંવેદન–પ્રત્યક્ષ થનારો છું. –આવા નિર્ણયપૂર્વક ભેદજ્ઞાન કરવું તે ધર્મની રીત છે. આ નિર્ણયમાં જેની ભૂલ હોય તેને ધર્મ થાય નહીં.

ભાઈ! તું ચૈતન્ય જાત છો, તે જાત રાગની નથી. રાગથી તારી જુદી જાત છે. રાગાદિ ભાવો તો તારી ચૈતન્ય જાતથી વિરુધ્ધ છે; તેનામાં સ્વ–પરને જાણવાની તાકાત નથી, ને તારામાં તો સ્વ–પરને જાણવાની તાકાત છે. –આવો નિર્ણય કરનાર જ્ઞાની રાગાદિના સ્વામીપણે જરાય પરિણમતો નથી, માટે તેને રાગની મમતા નથી, તેથી તે નિર્મમ

છે. રાગની મમતા પણ રહે ને ભેદજ્ઞાન પણ થાય–એમ બને નહિ. ભેદજ્ઞાન થતાં વેંત સમસ્ત રાગની રુચિ છૂટી જાય છે.

કોઈ પૂછે છે કે અમારે કરવું શું? ભાઈ! આવું ભેદ જ્ઞાન કરવું. જ્ઞાન અને રાગની ભિન્નતાનો નિર્ણય કરવો. આ જ સુખી થવાનો ને દુઃખથી છૂટવાનો માર્ગ છે.

જુઓ, હજી તો સમ્યગ્દર્શન પામવા માટે આત્માનો સાચો નિર્ણય કરનારા પણ આવો નિર્ણય કરે છે કે રાગાદિ વ્યવહારના અવલંબન વગર સ્વસંવેદન–પ્રત્યક્ષ થાઉં એવો હું છું. –તો પછી આગળ જતાં ઉપરના ગુણસ્થાને વ્યવહારના અવલંબનથી લાભ થાય–એ વાત ક્યાં રહી? વચ્ચે રાગ આવશે પણ તે રાગ મોક્ષમાર્ગમાં સાધક નથી પણ બાધક છે; શુદ્ધ જ્ઞાનરૂપ જે મોક્ષમાર્ગ, તેનાથી વિરુધ્ધ રાગાદિ બંધ ભાવો છે. –આમ બંનેના સ્વભાવનું અત્યંત જુદાપણું નક્કી કરીને, જ્ઞાનસ્વભાવ તરફ વળતાં મોક્ષમાર્ગ થાય છે ને આનંદ અનુભવાય છે.

જ્ઞાનસ્વભાવ તો ધ્રુવ છે–શરણ છે; જ્ઞાનસ્વભાવપણે તો જીવ સદાય ટકનારો છે; ને રાગાદિ શુભાશુભ ભાવો તો ક્ષણભંગુર, અસ્થિર, અધ્રુવ ને અશરણ છે; તે રાગાદિ ભાવો કાયમ જીવમાં ટકનારા નથી. આમ જાણીને અનિત્ય એવા રાગાદિ ભાવો તરફથી પાછો વળે ને નિત્ય જ્ઞાનસ્વભાવ તરફ ઢળે–ત્યારે જીવને ભેદજ્ઞાન થાય છે, ત્યારે તેને આસ્રવો છૂટી જાય છે. –આનું નામ ધર્મ છે.

જ્ઞાન તો આત્માનો સહજ સ્વભાવ છે, તે કાંઈ નવું નથી થતું; ને રાગાદિ ભાવો આત્માનો સ્વભાવ નથી, તે તો કૃત્રિમ નવા ઉત્પન્ન થાય છે, અને તેના અભાવમાં પણ આત્મા ટકી રહે છે. જ્ઞાન વિના આત્મા ટકી ન શકે. એટલે જ્ઞાનનો નિષેધ ન થઈ શકે. પણ રાગાદિ તો ભિન્ન સ્વભાવવાળા હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે, તેના અભાવમાં આત્મા આનંદશવરૂપે ટકી રહે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ તો સહજ નિરાકુળ આનંદશવરૂપ છે, ને રાગાદિભાવો આકુળતારૂપ છે, દુઃખરૂપ છે. ભાઈ, તું અંતરમાં વિચાર કરીને જો કે રાગાદિનું વેદન કેવું છે? –શાંતિરૂપ છે કે દુઃખરૂપ છે? રાગાદિનું વેદન આકુળતારૂપ છે. દુઃખરૂપ છે, તેનું ફળ પણ દુઃખ છે. અને તારો સહજ જ્ઞાનસ્વભાવ તો નિરાકુળ શાંત સુખરૂપે અનુભવાય છે, તે અનુભવનું ફળ પણ સુખ છે. –આમ અંતરના વેદનમાં જ્ઞાન અને રાગના સ્વાદની ભિન્નતા જાણ. બહારના જડ પદાર્થોની તો વાત જ શી? એમાં સુખ માને તે તો તીવ્ર મોહમાં મુર્છાઈ ગયેલા છે; પણ અંદર શુભ રાગની

વૃત્તિ ઊઠે તેમાં પણ દુઃખ છે–એમ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી જીવ દુઃખરૂપ આસ્રવોથી પાછો ફરે નહિ, ને તેને સાચું ભેદજ્ઞાન થાય નહિ. ભેદજ્ઞાન કરનાર જીવ રાગાદિ પરભાવોથી પાછો વળે છે એટલે કે તેમાં ક્યાંય તેને સુખ ભાસતું નથી. તેનાથી ભિન્ન શુદ્ધ જ્ઞાનને એકને જ તે પોતાના સ્વભાવપણે અનુભવે છે.–આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે.

ભગવાન સર્વજ્ઞદેવે મોક્ષની સાધના માટે પહેલેથી જ એમ નક્કી કરવાનું ફરમાવ્યું છે કે જ્ઞાન અને રાગાદિ ભાવોને અત્યંત જુદાઈ છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં આવો દ્રઢ નિર્ણય હોય છે. વિકલ્પના મેલા તરંગ જેટલો આત્મા નથી, આત્મા તો આખો આનંદનો સાગર છે. અહો! આવા આનંદથી ભરેલા ચૈતન્ય દરિયામાં વચ્ચે રાગાદિનું અવલંબન કેવું? રાગને તો જીવ નથી કહેતા; જીવ તો ચેતન સ્વભાવ છે. –આમ તારા સ્વભાવને રાગથી ભિન્ન જાણીને હે જીવ! તું રાગથી પાછો વળ. આત્માનો નિર્ણય કરવા માટે આ ઉત્તમ અવસર તને મળ્યો છે. કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી ચાંદલો કરવા આવી છે, ત્યારે રાગમાં ધર્મ માનીને રોકાઈશ નહીં. આત્માના સાચા સ્વરૂપનો નિર્ણય કર ત્યાં તને કેવળજ્ઞાનની ખાતરી થઈ જશે. –આવો વીતરાગનો માર્ગ છે.

સમવસરણમાં બિરાજમાન ભગવાનને તો વીતરાગતા છે, ને ભગવાનની વાણીમાં પણ વીતરાગતાનો જ, એટલે કે જ્ઞાનસ્વભાવના અવલંબનનો જ ઉપદેશ આપ્યો છે. વાણીના અવલંબને તો રાગ થાય છે, તેનો ઉપદેશ ભગવાને નથી આપ્યો. ભગવાને પોતે પરનું અવલંબન છોડીને, સ્વભાવના અવલંબને સર્વજ્ઞતા પ્રગટ કરી છે, ને વાણીમાં પણ સમસ્ત પરનું અવલંબન છોડીને સ્વભાવનું એકનું જ અવલંબન લેવાનું ભગવાને ઉપદેશ્યું છે. ભગવાને રાગ અને પરાલંબન છોડયું તો તેઓ રાગનો કે પરાલંબનનો ઉપદેશ કેમ આપે? પરના અવલંબનથી લાભ થવાનું બતાવે તે ઉપદેશ વીતરાગભગવાનનો નહિ. સ્વાશ્રયે વીતરાગતાનો ઉપદેશ તે જ વીતરાગભગવાનનો ઉપદેશ છે. –આવા સ્વાશ્રયનો નિર્ણય કરે તેને જ ભગવાનની વાણીનો સાચો નિર્ણય થાય છે. પરાશ્રયથી (શુભરાગથી પણ) લાભ માનનાર જીવ ભગવાનની વાણીને ઓળખતો નથી. અહો, વીતરાગનો માર્ગ અનેરો છે.

ગણધરો, ઇન્દ્રો અને ચક્રવર્તી વગેરેની સભામાં સમવસરણ વચ્ચે ભગવાન સર્વજ્ઞપરમાત્માનો જગતને માટે આ અધ્યાત્મસન્દેશ છે કે હે જીવો, તમારો જ્ઞાનસ્વભાવ છે, તેનાથી બહાર વાણીના શ્રવણ ઉપર લક્ષ જાય કે કોઈ પણ બહારના પદાર્થનું અવલંબન લેવા તરફ લક્ષ જાય તેમાં રાગ અને આકુળતા છે, તે સુખનું કારણ નથી. જીવના નિર્મળ–

પરિણામરૂપ ધર્મ જીવના સ્વભાવના અવલંબને જ થાય છે. પરના અવલંબને રાગાદિની ઉત્પત્તિ થશે ને તેનું ફળ પણ બહારનો સંયોગ આવશે; તે સંયોગના લક્ષે તો રાગ ને આકુળતા જ થશે. નિરાકુળ સુખ તો જ્ઞાનસ્વભાવના અવલંબને જ થશે. આમ જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા નક્કી કરીને, જ્ઞાનસ્વભાવનું અવલંબન લેવું તે મોક્ષનું બીજ છે. માટે તમે આવો નિર્ણય કરીને જ્ઞાનસ્વભાવનું અવલંબન લ્યો.

આત્મા ચૈતન્યમૂર્તિ આનંદનું ઝાડ છે, તેનો પાક થઈને તેમાંથી આનંદનું ફળ આવે છે. ને રાગાદિ વિકારભાવો તે દુઃખનું ઝાડ છે, તેનો પાક દુઃખરૂપ ફળ દેનાર છે. –આમ બંનેના સ્વરૂપની અત્યંત ભિન્નતાને જીવ જ્યારે ઓળખે છે ત્યારે તે રાગનું અવલબંન છોડે છે ને વિજ્ઞાનઘનસ્વભાવનું અવલંબન લ્યે છે; આ રીતે આત્માના આનંદનો અનુભવ થાય છે. સાચા નિર્ણયનું આ ફળ છે.

ધર્મ કહો, કે આત્માની વીતરાગપર્યાય કહો; તે કેમ થાય? રાગના અવલંબને વીતરાગપર્યાય ન થાય. રાગથી પાર ચિદાનંદ સ્વભાવ હું છું–એવો નિર્ણય કરીને તેનું અવલંબન કરતાં વિજ્ઞાનઘનરૂપ વીતરાગપર્યાય પ્રગટે છે. –એ ધર્મ છે ને એ જ મોક્ષમાર્ગ છે.

## મારું અસ્તિત્વ

* મારા આત્મામાં અસ્તિત્વગુણ છે,
  તેથી આત્માનું અસ્તિત્વ કદી મટતું નથી.
  અસ્તિત્વ મટતું નથી એટલે મરણ થતું નથી.
  અસ્તિપણે આત્મા સદાય છે....છે......ને છે.
* શરીર હોય ત્યારે પણ આત્મા પોતાના ચૈતન્યભાવથી જીવતો છે.
  શરીર ન હોય ત્યારે પણ આત્મા પોતાના ચૈતન્યભાવથી જીવતો છે.
  શરીર કપાય કે છૂટું પડે તેથી કાંઈ આત્મા મરી જતો નથી.
* આત્માનું અસ્તિત્વ શરીરથી જુદું છે.
  આત્મા કદી મરતો નથી..........
  ચૈતન્ય જીવનથી સદાય મારું અસ્તિત્વ છે.
  મારા અસ્તિત્વથી હું સદાય જીવતો જ છું.

# અધ્યાત્મસંત શ્રી કાનજીસ્વામી

## ( જીવનપરિચય ( ગતાંકથી ચાલુ )

લે. બ્ર. હરિલાલ જૈન

**જૈનધર્મની પ્રભાવનાના અનેક પ્રસંગોથી ભરપૂર પૂ. શ્રી કહાનગુરુના મંગલજીવનનો વિસ્તૃત પરિચય આત્મધર્મમાં પહેલી જ વાર પ્રસિદ્ધ થાય છે. અનેક વિશેષતાઓથી ભરપૂર ગુરુદેવના જીવનમાંથી મુમુક્ષુજીવોને આત્મસાધનાની અનેરી પ્રેરણાઓ મળે છે. ભૂત-ભવિષ્યની મંગલ સંધિવાળું એ જીવન પરમ આસ્તિકતાને દ્રઢ કરે છે ને ભક્તિતરંગોને ઉલ્લસિત કરે છે. આવા જીવનનો પહેલો હપ્તો ગતાંકમાં પ્રગટ થયેલ તે વાંચીને ઘણાએ પ્રસન્નતા વ્યક્ત કરી છે. બીજો હપ્તો અહીં પ્રગટ થાય છે; તેમાં પણ અનેક અવનવા પ્રસંગો જાણીને આપને પ્રસન્નતા થશે. ( સંપાદક )**

સં. ૨૦૧૫ માં દક્ષિણ ભારતના તીર્થોની ઉલ્લાસભરી યાત્રા કરીને ગુરુદેવ અધ્યાત્મધામ સોનગઢની શીતલછાયામાં પધાર્યા, અને ગુરુદેવની શીતલછાયામાં, સોનગઢના શાંત અધ્યાત્મવાતાવરણમાં મુમુક્ષુ ભક્તજનો આનંદથી આત્મિકભાવનામાં રત બન્યા.....જાત્રામાંથી મળેલી સંતોના આદર્શ–જીવનની પ્રેરણા અંતરમાં વાગોળવા માંડયા. ગુરુદેવનું અંતર પણ અધ્યાત્મચિંતનમાં વિશેષ પરોવાયું. યાત્રાના મધુર સંભારણાં ગુરુદેવ ફરીફરીને યાદ કરતા ને તેમનું હૃદય તીર્થ પ્રત્યેની ભક્તિભાવનાથી દ્રવી જતું. દક્ષિણયાત્રાની ખુશાલીમાં ૨૪ તીર્થંકરપૂજનવિધાન થયું હતું. ( આ દક્ષિણતીર્થયાત્રાનું પુસ્તક પણ હવે પ્રસિદ્ધ થશે. )

ગુરુદેવ સાથે ભારતના દેશદેશનો પ્રવાસ ખેડીને સોનગઢ આવ્યા પછી ત્યાંના શાંત અધ્યાત્મવાતાવરણમાં મુમુક્ષુને જે મીઠાશ વેદાય છે, જે ચૈતન્યની નીકટતાના ભણકાર

સંભળાય છે–તે અદ્‌ભુત છે. ગુરુદેવનો શીતળ વડલો દિનેદિને વધુ વિસ્તરતો જાય છે. આવા શીતળધામમાં, પૂ. બેનશ્રીબેનની મધુરી છાયામાં વસતા કુમારિકા બ્ર. બહેનો પ્રત્યે ધાર્મિક વાત્સલ્યનો પ્રમોદ આવતાં, આફ્રિકાથી એક જિજ્ઞાસુ ભાઈએ દરેક બહેનોને રૂા. ૧૦૧ ) ( ૨૭ બહેનો માટે રૂા. ૨૭૨૭ ) ભેટ મોકલ્યા હતા. સાથે સંદેશ હતો કે ‘ધન્ય છે તે બહેનોના જીવનને......દરેક આત્માર્થી જીવે તે જીવનનો ધડો લેવા જેવું છે.’ આફ્રિકાના ઉત્સાહી ભાઈઓ તરફથી સં. ૨૦૧૬ ના કા. સુદ ૮ ના રોજ બે પત્રો આવ્યા; એકમાં જામનગરમાં જિનમંદિર બંધાવવા માટે રૂા. ૬૫૦૦૦ ) મોકલવાનું જણાવ્યું હતું, ને બીજામાં રૂા. ૫૧૦૦૦ ) મોકલવાનું જણાવ્યું હતું. જામનગરના જિનમંદિર માટે અત્યંત અલ્પ સમયમાં દોઢ લાખ ઉપરાંત ફંડ થઈ ગયું હતું.

૨૦૧૬ ના પોષમાસમાં ફરીને ગુરુદેવનો વિહાર સૌરાષ્ટ્ર વડીયા, જેતપુર ને ગોંડલના દિ. જિનમંદિરોમાં પ્રતિષ્ઠા નિમિત્તે થયો. ત્રણે ગામમાં દિ. જિનમંદિરોમાં ભવ્ય પ્રતિષ્ઠા–મહોત્સવ ઉજવાયા. ફા. સુદ ૧૨ ના રોજ રાજકોટ–જિનમંદિરનો દશવર્ષીય ઉત્સવ ઉજવાયો.

## ઉમરાળામાં જન્મોત્સવ ( સં. ૨૦૧૬ )

ગુરુદેવનો ૭૧ મો જન્મોત્સવ જન્મનગરીમાં–ને જ્યાં જન્મ થયો તે જન્મધામમાં જ ઉજવાયો હતો..... ૭૦ વર્ષ પહેલાં જ્યાં માતા ઉજમબાએ કુંવર કહાનને લાડ લડાવ્યા –જમાડયા–રમાડયા, એ જ સ્થાનમાં આજે ભારતભરનાં ભક્તો ઉજમબાને યાદ કરી કરીને ભક્તિથી ગુરુ કહાનને અભિનંદતા હતાં. અહા, અદ્‌ભુત હતા એ ભક્તિના દ્રશ્યો ! ને અનેરા હતા એ ધર્મમાતાઓનાં વાત્સલ્ય !! ‘માતા આશીર્વાદ આપે છે’ એવું દ્રશ્ય જ્યારે ‘પૂ. માતાજીએ’ ભક્તિ દ્વારા વાત્સલ્યભાવથી દર્શાવ્યું તે સર્વોત્તમ દ્રશ્ય, એ પવિત્ર વાત્સલ્યનું ઝરણું–મુમુક્ષુજનો જીવનભર નહિ ભૂલે. માતા આશીર્વાદ આપે છે–બેટા, તું ધર્મનો રંગી થજે ને આત્માનો પ્રભાવી થજે. વૈશાખ સુદ બીજે જન્મવધાઈ લઈને ભારતના ભક્તો આવ્યા ને ઉજમબાના આંગણે ૫૦૦ શ્રીફળનો ને રૂપિયાનો ઢગલો થઈ ગયો. આજે ગુરુદેવ પણ ખુશખુશાલ હતા....ગામ–પરગામના જેટલા બાળકો દર્શન કરવા આવે તે દરેકને પ્રેમથી સ્વહસ્તે જૈનબાળપોથી તથા આત્મસિદ્ધિ તેઓ આપતા, ને ગુરુદેવ પાસેથી એમના ‘બેસતા વર્ષની બોણી’ મળતાં સૌ આનંદિત થતા. જન્મધામમાં ભક્તિ પણ અદ્‌ભુત આનંદકારી થઈ હતી. ખરેખર ઉમરાળા આજે ફરીને ધન્ય બન્યું હતું.

## વિદેહનાં સંભારણાં

ત્યારબાદ વૈશાખમાસના ઉત્સવ દરમિયાન સમવસરણમાં ભક્તિ વખતે સીમંધરનાથ અને કુંદકુંદાચાર્યદેવ પ્રત્યે પરમ ઉલ્લાસ–ભક્તિ–બહુમાન આવતાં ગુરુદેવે સમવસરણમાં બેઠા બેઠા પુસ્તકમાં લખ્યું કે –‘ભરતથી મહાવિદેહની મૂળદેહે જાત્રા કરનાર શ્રી કુંદકુંદઆચાર્યનો જય હો, વિજય હો, ’ તીર્થયાત્રાના કેવા ભાવો, ને વિદેહનાં કેવાં સ્મરણો એમના અંતરમાં ઉલ્લસે છે તે આ હસ્તાક્ષર દ્વારા દેખાઈ આવે છે.

## નવીન મેઘવર્ષા

સં. ૨૦૧૬ ના જેઠ વદ ત્રીજે ગુરુદેવની ડાબી આંખનો મોતિયો સફળ રીતે ઉતારવામાં આવ્યો હતો. અને એક અઠવાડિયે પાટો છૂટતાં ગુરુદેવ પહેલવહેલા જ્યારે સભામાં પાટ ઉપર આવીને બિરાજ્યા તે વખતના આનંદદાયી વાતાવરણની શી વાત! અને પછી શ્રાવણ માસમાં ગુરુદેવે પ્રવચન કરીને શ્રુતની મેઘવર્ષા ફરી શરૂ કરી ત્યારે તો શ્રુતતરસ્યાં જિજ્ઞાસુ જીવોનાં હૈયાં એ નવીન અમૃતવર્ષા ઝીલીને આનંદવિભોર બનીને ખીલી ઊઠયા હતા. પૂ. બેનશ્રીબેને નવીન ભક્તિ કરાવી હતી. આખા મંડળમાં આનંદોલ્લાસનું વાતાવરણ હતું.

## અધ્યાત્મની ધૂન ને મુનિદર્શનની ઊર્મિ

સં. ૨૦૧૬ માં શ્રાવણ સુદ પાંચમે એકવાર ગુરુદેવ બહાર ફરવા ગયેલ, ને ત્યાં ખુલ્લા મેદાનમાં બેઠાબેઠા એકાંતમાં એકલા ધૂન જમાવી. (પાસે એક ભક્ત–આ લખનાર પોતે એ ધૂન સાંભળતો હતો એની ગુરુદેવને ખબર ન હતી, એ તો પોતાની ધૂનમાં મસ્ત હતા.) મુખમાંથી શબ્દો નીકળતા હતા.

જ્યાં ચેતન ત્યાં સુર્વગુણ કેવળી બોલે એમ
પ્રગટ અનુભવ આતમા નિર્મળ કરો સપ્રેમ..... રે
ચૈતન્યપ્રભુ! પ્રભુતા તમારી ચૈતન્યધામમાં....
જિનવરપ્રભુ! પધાર્યા સમોસરણધામમાં......
વહાલા પ્રભુજી! બિરાજે વિદેહધામમાં.....

–એ રટણમાં ને રટણમાં ગુરુદેવને મુનિદર્શનની એવી ઊર્મિ સ્ફૂરી કે અરે, અત્યારે અહીં કોઈક મુનિરાજના દર્શન થાય તો કેવું સારું! કોઈક ચારણઋદ્ધિધારક

પરમ દિગંબર મુનિરાજના અત્યારે દર્શન થાય, કુંદકુંદશવામી જેવા કોઈ મુનિરાજ ક્યાંકથી આકાશમાર્ગે અહીં આવી ચડે ને નીચે પધારીને દર્શન આપે–તો કેવું ધનભાગ્ય!!

–આ પ્રકારે ઘણીવાર ગુરુદેવ એકાંતમાં બેઠાબેઠા, કોઈવાર સ્વાધ્યાયમંદિરના ચોકમાં ઝાડની છાયામાં અધ્યાત્મ–ચિંતનમાં મશગુલ બની જતા હોય છે....એ વખતનું એમની મુદ્રાનું દ્રશ્ય ખૂબ જ અધ્યાત્મપ્રેરક હોય છે....ને અંદર ઘોળાતા ઊંડા ભાવો કોઈકવાર સાંભળવા મળે છે ત્યારે આત્માર્થી જીવો ન્યાલ થઈ જાય છે.

## "સુવર્ણ સન્દેશ" સાપ્તાહિક

૨૦૧૬ ના આસો વદ અમાસે આ સાપ્તાહિક શરૂ થયું, તેના દ્વારા જિજ્ઞાસુઓને સોનગઢના તાજા સમાચાર અને પ્રવચનોનું દોહન નિયમિત મળ્યા કરતા; સર્વે જિજ્ઞાસુઓમાં તે ખૂબ પ્રિય હતું. સં. ૨૦૧૮ ના ચૈત્ર માસ સુધી તેનું પ્રકાશન ચાલ્યું.

૨૦૧૭ના પોષમાં કોંગ્રેસ મહાસભાનું અધિવેશન ભાવનગર મુકામે થયેલ, ત્યાં આવેલા અનેક નેતાઓ, કાર્યકરો ને પ્રેક્ષકો મોટી સંખ્યામાં સોનગઢ પણ આવ્યા હતા. અધિવેશનના ભરચક કાર્યક્રમમાંથી પણ સમય મેળવીને ઢેબરભાઈ જેવા આગેવાન (ભૂતપૂર્વ કોંગ્રેસપ્રમુખ) પણ સોનગઢ આવીને ગુરુદેવ સાથે એક કલાક તત્ત્વચર્ચા કરી હતી. ઢેબરભાઈ ગુરુદેવ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે ને અવારનવાર સોનગઢ આવીને (તેમ જ બીજે જ્યાં અવકાશ મળે ત્યાં) તેઓ ગુરુદેવના સત્સંગનો લાભ લ્યે છે.

## ૨૦૧૭માં જિનબિંબ-પ્રતિષ્ઠા અને ગિરનારયાત્રા

સં. ૨૦૧૭ માં ફરી પાછો વિહાર આવ્યો....જો કે વારંવાર થતો વિહાર સોનગઢવાસી ભક્તોને વિરહદાતા લાગે.....પરંતુ ભારતમાં પ્રસરતા ગુરુદેવના પ્રભાવનાના વેગને કોણ રોકી શકે? જામનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા, સાવરકુંડલા વેદીપ્રતિષ્ઠા અને ગિરનાર સિદ્ધિધામની યાત્રા–આવા મંગળપ્રસંગો નિમિત્તે પોષ માસમાં ગુરુદેવે વિહાર કર્યો.

જામનગરમાં લગભગ બે લાખના ખર્ચે તૈયાર થયેલ ભવ્ય જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો મહોત્સવ મહા માસમાં ઘણાજ ઉલ્લાસથી ઊજવાયો. સૌરાષ્ટ્રનો આ મહોત્સવ અતીવ પ્રભાવશાળી હતો. દિલ્હી, જયપુર, કલકત્તા વગેરે અનેક સ્થળો ઉપરાંત આફ્રિકા વસતા કેટલાય જિજ્ઞાસુઓ પણ ખાસ આ ઉત્સવમાં ભાગ લેવા

આવ્યા હતા; એટલું જ નહિ, આ મંદિર બાંધનાર કોન્ટ્રાકટર ભાઈશ્રી અગરસિંહજી દરબારે ભક્તિપૂર્વક રૂા. ૫૦૦૦ ) –ની ઉછામણી લઈને મંદિર ઉપર કળશ ચડાવ્યો હતો. બી. એ. ભણેલા એક કુમારિકાબહેને આ પ્રસંગે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી.

જામનગરના પ્રતિષ્ઠામહોત્સવ પછી ગુરુદેવ ગિરનારની યાત્રાએ પધાર્યા. ગુરુદેવ સાથે યાત્રાસંઘમાં ૧૨૦૦ જેટલા યાત્રિકો હતા, ને અદ્‌ભુત ઉત્સાહપૂર્વક યાત્રા થઈ હતી. ગુરુદેવે સંઘસહિત ગિરનારની આ ત્રીજી યાત્રા કરી. ગુરુદેવ સાથે ફરીફરીને એ વૈરાગ્યધામો–એ નેમ–રાજુલની સાધનાના સ્થળો, એ મોક્ષનાંધામ ને સંતોનાં રહેઠાણ જોતાં ભક્તોને ઘણો જ આનંદ થતો, ને હૃદયમાં સંતોના ચૈતન્યજીવનની અનેરી પ્રેરણા મળતી. અહા, ચૈતન્યસાધનાનું એ જીવન !! ને એ સાધનાની આ ભૂમિ ! – આત્મસાધક સંતો સાથે એની યાત્રા–એ જીવનનો કિંમતી અવસર છે. સૌરાષ્ટ્રની ધરામાં આવું મહાનમહિમાવંત તીર્થ છે એનું ખરું ગૌરવ તો ગુરુદેવ સાથેની યાત્રા વખતે જ સમજાયું. ગિરનારના ધામ ઉપર બેઠાબેઠા ગુરુદેવના મુખથી વૈરાગ્યની વાણી સાંભળતા હોઈએ કે કોઈ અધ્યાત્મની ચર્ચા ચાલતી હોય, કે કોઈ ટૂંકની ટોચે બેઠાબેઠા ભક્તિપૂજન કરતા હોઈએ–કે મૌન બેઠા હોઈએ, અગર આનંદથી ગાતાં ગાતાં સંતો સાથે પર્વત ચડતા કે ઉતરતા હોઈએ–એ બધાય પ્રસંગો મુમુક્ષુજીવનમાં જ્ઞાન–વૈરાગ્ય ને ભક્તિનું અમીભર્યું સીંચન કરતાં હોય છે–ખરેખર એ જીવનની સોનેરી ઘડી છે.

–અને એ સિદ્ધિધામની યાત્રા પછી તરત બીજે જ મહિને સાવરકુંડલામાં નૂતન દિ. જિનમંદિરમાં જિનેન્દ્રદેવની વેદીપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. ને પછી ગુરુદેવ સોનગઢ પધાર્યા.....

## પ્રભાવના, પ્રચાર, ભક્તિ ને સંતની છાયામાં જીવનઘડતર

ગુરુદેવના સાક્ષાત્ સમાગમનો તો દરવર્ષે હજારો જિજ્ઞાસુઓ લાભ લે છે, તે ઉપરાંત સાહિત્યદ્વારા ને ટેપરેકોર્ડિંગ–પ્રવચન દ્વારા ગામેગામના અનેક જિજ્ઞાસુઓ લાભ લઈને પોતાની જિજ્ઞાસા પોષે છે ને સોનગઢ પ્રત્યે આકર્ષાય છે. દૂર દૂરના જિજ્ઞાસુઓનું આગમન દિનેદિને વધતું જાય છે.

સોનગઢમાં સ્થિરતાના કાળ દરમિયાન નિત નવાનવા ભક્તિના ઉત્સવપ્રસંગો ઉજવાતા હોય છે. ગુરુદેવ પણ એવા પ્રસંગોમાં ઉપસ્થિત રહે છે. કોઈવાર ચોવીસ તીર્થંકર વિધાન તો કોઈવાર સહસ્રમંડલ વિધાન, કોઈ વાર વીસવિહરમાન તીર્થંકર

વિધાન, કોઈવાર અઢીદ્વીપવિધાન તેરહદ્વીપવિધાન કે ત્રિલોકમંડલવિધાન, તો કોઈવાર સિદ્ધચક્રવિધાન કે પંચપરમેષ્ઠીવિધાન, કોઈવાર જિનેન્દ્રપ્રભુના મહાઅભિષેક તો કોઈવાર રથયાત્રા, કોઈવાર મુનિવરોની અવનવી ભક્તિ તો કોઈવાર જિનવાણીમાતાની સેવાના વિધવિધ પ્રસંગો–આમ દેવ–ગુરુ શાસ્ત્રની સેવનામાં અનુરક્ત મુમુક્ષુનું ચિત્ત સંસારની અનેકવિધ અટપટી માયાજાળોને ભૂલી જાય છે; સંતચરણમાં ચૈતન્યને સાધવાની ધૂનમાં અનુકૂળતા કે પ્રતિકૂળતાના પ્રસંગો પ્રત્યે તેનું વિશેષ લક્ષ જતું નથી. મુમુક્ષુનું આવું સુંદર જીવનઘડતર ગુરુદેવની છાયામાં થાય છે. ખરેખર, ગુરુદેવની છાયામાં જીવન એ એક અનેરું જીવન છે.

સં. ૨૦૧૮ના માગશર માસમાં ગુરુદેવની જમણી આંખનો મોતિયો સફળતાપૂર્વક ઊતર્યો; પૂરતા આરામ બાદ અઢી મહિને જ્યારે ફરીને ગુરુદેવનાં પ્રવચનો શરૂ થયાં ત્યારે ભારતભરના જિજ્ઞાસુઓએ આનંદિત થઈને સન્દેશ દ્વારા ખુશાલી વ્યક્ત કરી હતી; અને આ પ્રસંગે શ્રીમાન દીપચંદજી શેઠિયા વગેરે મુમુક્ષુઓ તરફથી ખુશાલી સાથે જ્ઞાનપ્રચાર માટે કુલ રૂા. ૨૫,૦૦૦ જેટલી રકમો જાહેર કરવામાં આવી હતી. ભક્તિ વગેરે પ્રસંગોથી એ દિવસ મોટા હર્ષોત્સવરૂપે ઉજવાયો હતો.

## માનસ્તંભનો મહાઅભિષેક

સં. ૨૦૧૮ ના ચૈત્ર માસમાં માનસ્તંભના મહાન પ્રતિષ્ઠામહોત્સવની દશમી વર્ષગાંઠ હતી, તે નિમિત્તે મંચ બાંધીને માનસ્તંભના દશવર્ષીયમહાઅભિષેકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવના એ દિવસો યાદગાર બની રહ્યા છે. બાર વર્ષે થતા બાહુબલીનાથના મહામસ્તકાભિષેક જેવો આ અભિષેક શોભતો હતો, ને આ રીતે દરેક દશ વર્ષે ( કે પાંચ વર્ષે ) આવો અભિષેક થાય–એમ ભક્તો ભાવના ભાવતા હતા. મંચ ઉપર ગુરુદેવે ભક્તિભાવથી સીમંધરનાથનું પૂજન કરીને સુવર્ણકળશથી મહાઅભિષેકનો મંગલ પ્રારંભ કર્યો હતો..... માનસ્તંભ–મહોત્સવનાં મધુર સંભારણાં એ વખતે તાજાં થતાં હતાં. હજારો યાત્રિકો હોંશેહોંશે મંચદ્વારા ઉપર જઈને માનસ્તંભની આનંદકારી યાત્રા કરતા હતા, ને ભક્તિભાવથી પૂજન કરતા. ગુરુદેવ ઘણીવાર મંચ ઉપર જઈને સીમંધરનાથ પાસે બેસતા, ને વિધવિધ ભાવનાઓ સાથે ભક્તિ ગવડાવતા. કોઈ કોઈવાર પૂ. બેનશ્રીબેન પણ અદ્ભુત ભક્તિ તથા પૂજન કરાવતાં.

ચૈત્ર સુદ ૧૩ નો પવિત્ર દિવસ પણ વિશેષ આનંદોલ્લાસથી ઉજવાયો હતો.

માનસ્તંભના પ્રતિષ્ઠા મહોત્સવની ફિલ્મદ્વારા એ વખતના પાવન પ્રસંગો ફરીફરીને નિહાળતાં સૌને ઘણો હર્ષ થતો હતો.

ત્યારબાદ તુરત મુંબઈ–દાદરમાં શેઠશ્રી નવનીતલાલભાઈ ઝવેરીના હસ્તે જિનમંદિરનું (જેમાં સમવસરણની પણ રચના છે તેનું) શિલાન્યાસ થયું. આ પ્રસંગે મુંબઈના મુમુક્ષુઓને ઘણો જ આનંદ હતો. આ જ અરસામાં જોરાવરનગર તથા દહેગાંવમાં પણ દિ. જિનમંદિરના શિલાન્યાસ થયા. આ વર્ષે ગુરુદેવનો વૈશાખ સુદ બીજનો (૭૩મો) જન્મોત્સવ રાજકોટ શહેરમાં ઉજવાયો હતો. અનેક શહેરના જૈનસમાજ હવે સોનગઢની–ગુરુદેવની–ઉપદેશશૈલીને અનુસરવા લાગ્યા છે, ગુરુદેવની અધ્યાત્મરસઝરતી વીતરાગતાપ્રેરક આત્મપ્રધાન ઉપદેશશૈલી પાસે બીજા ઉપદેશ તેમને નીરસ જેવા લાગે છે. એટલે પર્યુષણ જેવા વિશેષ તહેવારોમાં સોનગઢથી કોઈ ભાઈને વાંચન માટે બોલાવે છે. આ પ્રકારની માગણી વધુ ને વધુ ગામોથી આવતી જાય છે. સોનગઢની અધ્યાત્મશૈલીથી સૌ પ્રભાવિત થાય છે.

## સૌરાષ્ટ્ર-ગુજરાતને મધ્યપ્રદેશમાં વિહાર

## લાઠી શહેરમાં જન્મોત્સવ; ભોપાલ શહેરમાં પ્રતિષ્ઠા-મહોત્સવ

સં. ૨૦૧૯માં ફાગણ માસમાં ફરીને ગુરુદેવનો મંગલવિહાર સૌરાષ્ટ્ર–ગુજરાત અને મધ્યપ્રદેશમાં થયો. તે દરમિયાન લાઠી શહેરમાં ગુરુદેવનો ૭૪મો જન્મોત્સવ અતિ ઉત્સાહપૂર્વક ઉજવાયો. લાઠીમાં આ જન્મોત્સવ વખતે ગુરુદેવના સ્વાગતજુલૂસમાં ચાલતાં ચાલતાં મુંબઈના પ્રમુખશ્રી અને મંત્રી વગેરે સાથે, આગામી જન્મોત્સવ (હીરક મહોત્સવ) મુંબઈમાં ઉજવાય તે વખતના ઉલ્લાસની વાતચીત થઈ તથા તે પ્રસંગે અભિનંદનગ્રંથ બહાર પાડવાની આ લેખકની ભાવના તેમની પાસે રજૂ કરી....એ મહાન કાર્ય મુંબઈના ઉત્સાહી મંડળથી જ થઈ શકે તેમ હતું; આ બધી વાતચીતથી તે જન્મોત્સવના સરઘસમાં જ હીરકજયંતી–અભિનંદનગ્રંથના પાયા રોપાયા. લાઠીમાં એ જન્મોત્સવ બહુ ઉત્સાહથી ઉજવાયો હતો, જિનમંદિરના નવા શિખરની પ્રતિષ્ઠાનો ઉત્સવ પણ સાથે જ હતો.

ત્યારબાદ વૈશાખમાં જોરાવરનગરમાં (રૂા. ૬૫,૦૦૦ના ખર્ચે તૈયાર થયેલા) નવા દિ. જિનમંદિરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ થયો. જોરાવરનગર જેવા નાના ગામમાં પણ આવો મોટો મહોત્સવ ગુરુદેવના પ્રતાપથી ઉજવાયો, એ

મહોત્સવ આનંદકારી હતો. દેહગામ ( ગુજરાત ) માં પણ રૂા. ૫૫,૦૦૦ના ખર્ચે સુંદર જિનમંદિર બંધાયું અને વૈશાખ વદમાં વેદીપ્રતિષ્ઠાનો મહોત્સવ ગુરુદેવની છાયામાં ઉજવાયો. ગુજરાતની જનતાએ આ ઉત્સવમાં ખૂબ ઉત્સાહથી ભાગ લીધો. આ ઉત્સવને ગુજરાતની જનતાનો ઉત્સવ કહી શકાય. આસપાસનાં ગામોથી પાંચ હજાર ભાઈ–બહેનો આવ્યાં હતાં ને મોટા ધાર્મિક મેળા જેવું વાતાવરણ હતું. નાની–મોટી ઉછામણી દ્વારા રૂા. ૮૫૦૦૦ જેટલી આવક થઈ હતી. દેહગામના ઈતિહાસમાં આવો મહોત્સવ આ પહેલવહેલો જ હતો. અહીંથી ગુરુદેવ અમદાવાદ પધારેલા ત્યારે ત્યાં પણ દિ. જિનમંદિરનું શિલાન્યાસ થયું હતું.... મુમુક્ષુઓને આ પ્રસંગે ઘણો આનંદ હતો.

અમદાવાદથી દાહોદ થઇને ગુરુદેવ ભોપાલશહેર પધાર્યા......ત્યાં અધ્યાત્મ–સંમેલન થયું જેમાં દશહજાર માણસો હતા. નૂતન સ્વાધ્યાય ભવન તથા જિનભવનમાં વેદીપ્રતિષ્ઠાનો મહોત્સવ ભવ્ય હતો. મધ્યપ્રદેશની જનતા ગુરુદેવનો અધ્યાત્મસન્દેશ ખૂબ ઉત્સુકતાથી સાંભળતી હતી. જેઠ સુદ પાંચમે શાંતિનાથ ભગવાનની ભવ્ય રથયાત્રામાં ભગવાનના સારથિ તરીકે ગુરુદેવ રથમાં બેઠા હતા. અહીંથી ગુરુદેવ ભેલસા ( વિદર્ભ ) પધારેલા ત્યાં પણ તેમના હસ્તે સ્વાધ્યાય ભવનનું શિલાન્યાસ થયું. પછી ઈન્દોર પધાર્યા; ઈન્દોરનો જૈનસમાજ પહેલેથી જ ગુરુદેવ પ્રત્યે ખાસ પ્રેમ ધરાવે છે; હજારોની સંખ્યામાં જિજ્ઞાસુઓએ લાભ લીધો ને તિલકનગર સોસાયટીમાં ગુરુદેવની ઉપસ્થિતિમાં જિનમંદિરનું શિલાન્યાસ થયું. ત્યાંથી ગુરુદેવ ઉજ્જૈન પધારતાં મુમુક્ષુ મંડળના સ્વાધ્યાય મંદિરનું ઉદ્ઘાટન તેમ જ તેના ઉપરના ભાગમાં જિનાલયનું શિલાન્યાસ થયું. આમ ૨૦૨૦ માં મધ્ય પ્રદેશનો પ્રભાવશાળી પ્રવાસ કરીને તેમ જ નૌકાવિહારદ્વારા સિદ્ધવરકૂટ વગેરે તીર્થોની ફરીને યાત્રા કરીને ગુરુદેવ સોનગઢ પધાર્યા......

## આઠ કુમારિકા બહેનો

પહેલાં ૬ પછી ૧૪ અને હવે સં. ૨૦૧૯ ભાદરવા માસમાં ૨૨ વર્ષની આસપાસના આઠ કુમારિકા બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞાનો ભવ્ય પ્રસંગ બન્યો. આવો સામૂહિક બ્રહ્મચર્યપ્રતિજ્ઞાનો આ ત્રીજો અવસર હતો. આઠ બહેનોમાંથી ત્રણ બહેનો તો બી. એ. સુધી ભણેલી હતી. નાનાં નાનાં બાળકોને પણ ગુરુદેવનો ઉપદેશ કેવો પ્રિય લાગે છે ને સંતોના ચરણમાં અધ્યાત્મજીવન કેવું ગમે છે તેનાં આ ઉદાહરણ છે.

ભાદરવા વદ પાંચમે ગોગીદેવી આશ્રમની અંતર્ગત શ્રી મનફૂલા–સ્વાધ્યાય ભવનના ઉદ્ઘાટનનો પ્રસંગ પણ ઘણા હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. ગુરુદેવે કરેલી

સમ્મેદશિખર વગેરે મંગલતીર્થોની મહાન યાત્રાના આનંદકારી સ્મરણોથી ને તીર્થમહિમાથી ભરેલું પુસ્તક દીવાળીપ્રસંગે પ્રકાશિત થયું. તીર્થયાત્રા સંબંધી સાહિત્યમાં આ 'મંગલ તીર્થયાત્રા' પુસ્તક અનેરી ભાત પાડે છે.

## ફરી ફરીને યાત્રા.....પુનઃપુનઃ પ્રતિષ્ઠા......


મધ્ય પ્રદેશના પ્રવાસેથી પાછા ફર્યાને છ માસ થયા ત્યાં તો ફરીને મોટો પ્રભાવશાળી પ્રવાસ આવ્યો–એમાં સૌરાષ્ટ્ર ને ગુજરાત તથા દક્ષિણ દેશના મહાનતીર્થો –શ્રવણબેલગોલના બાહુબલી, મૂડબિદ્રી, કુન્દાદ્રિ અને પોન્નૂર વગેરેની યાત્રા થઈ. આ યાત્રા દ્વારા ગુરુદેવે પોન્નૂરના અસાધારણ મહિમાને ભારતભરમાં પ્રસિદ્ધ કર્યો. આ યાત્રામાં ગુરુદેવનો આનંદોલ્લાસ અપૂર્વ હતો. કુંદકુંદસ્વામી પ્રત્યેની ભક્તિનો પાર ન હતો. હજાર જેટલા યાત્રિકોએ ઘણા ઉત્સાહથી યાત્રા કરી હતી. ને દક્ષિણદેશનો જૈનસમાજ તો અતીવ પ્રભાવિત થયો હતો. પોન્નૂર યાત્રામાં આસપાસના લગભગ પાંચ હજાર માણસો આવ્યા હતા, પોન્નૂર પાસે તો મોટો મેળો ભરાયો હતો. કુંદકુંદસ્વામીના અજોડ મહિમાને ગુરુદેવ ભક્તિપૂર્વક પ્રસિદ્ધ કરી રહ્યા છે. 'અત્યારે જ જાણે અહીં બેઠાબેઠા કુંદકુંદસ્વામી શાસ્ત્રો લખી રહ્યા હોય કે શુદ્ધાત્માનું ચિન્તન કરી રહ્યા હોય'–એવી ઊર્મિઓ પોન્નૂરના કુદરતી વાતાવરણમાં જાગે છે.

પોન્નૂરની યાત્રા બાદ ગુરુદેવ રાજકોટ પધાર્યા ત્યાં સમવસરણમંદિર અને માનસ્તંભમંદિરનું શિલાન્યાસ ઘણા ઉમંગભર્યા વાતાવરણમાં થયું. પછી રખિયાલમાં જિનમંદિરનો વેદીપ્રતિષ્ઠામહોત્સવ પણ કોઈ અનેરા ઉત્સાહથી ઉજવાયો. ગુરુદેવના દર્શન અને પ્રવચનથી ગુજરાતની જનતા ખૂબ પ્રભાવિત થઈ. બોટાદમાં પણ પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો. આમ પગલે પગલે જિનેન્દ્રશાસનની પ્રભાવના કરતા કરતા, ઠેરઠેર ભગવંતોને સ્થાપતા સ્થાપતા ને જિનેન્દ્રોનો અધ્યાત્મસંદેશ ગામેગામ પહોંચાડતા પહોંચાડતા ગુરુદેવ મુંબઈ પધાર્યા; મુંબઈમાં ગુરુદેવની ૭૫મી જન્મજયંતીનો હીરક મહોત્સવ અને જિનેન્દ્રદેવની પંચકલ્યાણકપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ અત્યંત આનંદપૂર્વક ઉજવાયો.......ભારતના હજારો ભક્તોનાં હૈયા અને મુંબઈ નગરીના લાખો નાગરિકો એ ઉત્સવ જોઈને મુગ્ધ બન્યા. જેનો અહેવાલ આપ હવે પછીના ત્રીજા ભાગમાં વાંચશો.

એકવીસમી સદીના ૨૦૧૦ થી ૨૦૨૦ સુધીના દશકાને આપણે 'યાત્રાના અને પ્રતિષ્ઠાના દશકા' તરીકે ગણાવી શકીએ. જેમાં ગુરુદેવની હીરકજયંતી ઉજવાઈ એવા એ

દશકા દરમિયાન નવ વખત વિહાર, બે વખત બાહુબલી–પોન્નૂર વગેરે દક્ષિણના તીર્થોની તથા મધ્યભારતના તીર્થોની યાત્રા, એકવાર સમ્મેદશિખર અને ઉત્તર ભારતના તીર્થોની યાત્રા, બે વાર ગિરનારયાત્રા, એકવાર ભોપાલ તરફ, ત્રણવાર મુંબઈ, આઠવાર પંચકલ્યાણકપ્રતિષ્ઠા અને ૧૭ વાર વેદીપ્રતિષ્ઠાના મહોત્સવ તથા કેટલાય ઠેકાણે દિ. જિનમંદિરોના શિલાન્યાસ થયા. લાખો જીવોએ ભારતની આ મહાન વિભૂતિના દર્શન કર્યા તથા અધ્યાત્મસન્દેશ સાંભળ્યો. ગુરુદેવનું જીવન ધર્મપ્રભાવનાના પ્રસંગોથી કેવું ભરપૂર છે–તેનો આપણને આ ઉપરથી ખ્યાલ આવશે. જોકે સંતોના અંતરંગ અધ્યાત્મજીવનનો ખ્યાલ એકલા બાહ્ય પ્રસંગો ઉપરથી તો ન જ આવી શકે....છતાં વિચારક એટલું તો સ્પષ્ટ જાણી શકે કે એમની બધી પ્રવૃત્તિઓમાં અધ્યાત્મની પ્રધાનતા સતત જળવાયેલી હોય છે, બધી પ્રવૃત્તિઓમાં–તે તે પ્રવૃત્તિ કરતાં ચૈતન્ય તરફનું એક વિશિષ્ટ પ્રકારનું જોર એમના જીવનમાં સતત વર્તી રહ્યું છે. –એમના જીવનપરિચય દ્વારા ચૈતન્યની મહત્તા જ આપણે સમજવાની છે, એ ચૈતન્ય તરફના જોરની પ્રેરણા આપણને એમના જીવનમાંથી મળે છે.

**શ્રી કુંદકુંદપ્રભુનો અમારા ઉપર મોટો ઉપકાર છે.**



**તેમણે ભરતક્ષેત્રમાં પંચમકાળે તીર્થંકર જેવું કામ કર્યું છે.**

# કુંદના વારસ કહાન ગુરુજી વરતાવે જયજયકાર



**( તા. ૧૪-૩-૫૯ ના રોજ પોન્નૂરપહાડની તળેટીનું આ દ્રશ્ય છે )**

પોન્નૂર એટલે કુંદકુંદપ્રભુનો દેશ.....તે એમની વિહારભૂમિ, તે એમની તપોભૂમિ.....બે હજાર વર્ષ બાદ એ ગુરુભૂમિમાં કહાનશિષ્ય વિચર્યા....ને ત્યાંની જનતાએ અતિશય પ્રેમપૂર્વક તેમનું સન્માન કર્યું. જેવું સન્માન બે હજાર વર્ષ પહેલાંના નાગરિકો કુંદકુંદશવામીનું કરતા હશે તેવું સન્માન આજે તે દેશના નાગરિકોએ તેમના શિષ્યનું કર્યું. કુંદકુંદધામ પોન્નૂરતીર્થની અપૂર્વ યાત્રા બાદ તામિલપ્રાંતની જનતા તરફથી વંચાઈ રહેલા અભિનંદનપત્રમાં લખ્યું છે કે–

'પધારો......પધારો.....પધારો! શ્રી કુંદકુંદાચાર્ય જેવા જૈન ધર્મના સ્તંભભૂત આચાર્યવરોએ જન્મ લઈને પવિત્ર કરેલા અમારા તામિલ પ્રાંતમાં પધારેલા આપનું શ્રદ્ધાપૂર્વક સ્વાગત કરીએ છીએ.'

"આપે શ્રી કુંદકુંદાચાર્યના સમયસાર તત્ત્વગ્રંથ વડે નવો વિકાસ, નવી પ્રતિભા, નવી સ્થિતિ વગેરે પ્રાપ્ત કર્યાં છે. આપે ભગવાન ઋષભદેવના સદ્ધર્મની સાચી વસ્તુ જે સમયસાર છે તેના ઊંડાણમાં ( હાર્દમાં ) પહોંચીને તેનાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે. અને આપે પોતે પ્રાપ્ત કરેલા સમ્યગ્જ્ઞાનનો આખા દેશમાં પ્રચાર કરી રહ્યા છો. આપની પ્રતિભા અને પ્રવચનશૈલિથી હજારો લોકો સાચા માર્ગ પર આરૂઢ થઈને સમ્યગ્જ્ઞાની બની રહ્યા છે. આપના આ ચમત્કારયુક્ત કાર્યને દેખીને દુનિયા ચકિત બની રહી છે.'

# અધ્યાત્મસંત શ્રી કાનજીસ્વામી સંક્ષિપ્ત જીવનપરિચય ભાગ-૩

**( રત્નચિંતામણી જયંતી પ્રસંગે ) ( લે. બ્ર. હરિલાલ જૈન )**

**પૂજ્ય શ્રી કહાનગુરુદેવના જીવનનું અવલોકન કરતાં કરતાં સં. ૨૦૨૦ ના વૈશાખમાં આપણે મુંબઈ સુધી આવ્યા છીએ. મુંબઈના હીરકમહોત્સવ ( ૭૫ મી જયંતી ) થી માંડીને ૨૦૨૫ ના આ રત્નચિંતામણિ મહોત્સવ ( ૮૦ મી જયંતી ) સુધીના પાંચ વર્ષમાં થયેલ પ્રભાવનાનું વિહંગાવલોકન હવે આપણે કરીશું. અહા, ગુરુદેવના જીવનનું અવલોકન કરતાં આપણે એક તીર્થંકરના જ પૂર્વજીવનનું અવલોકન કરી રહ્યા છીએ.....ને હૃદયમાં અપાર ઊર્મિઓ ઉલ્લસે છે. સમ્યક્ત્વરત્નના દાતાર એવા આ રત્નચિંતામણિ સમાન ગુરુદેવના રત્નચિંતામણિ-જયંતીમહોત્સવે જગતમાં રત્નત્રયમાર્ગની અનેરી પ્રભાવના કરી છે.**

સં. ૨૦૨૦ માં મુંબઈની હીરકજયંતી પહેલાં ગુરુદેવે દક્ષિણદેશના તીર્થધામોની અત્યંત ભાવભીની યાત્રા કરી......તે વખતે બાહુબલી ભગવાનની ચેતનવંતી મુદ્રા જોઈ જોઈને, તેમ જ કુંદકુંદ પ્રભુજીના ચરણોને ભેટી ભેટીને જે ઊર્મિઓ ઉલ્લસી તે કોઈ અદ્‌ભુત હતી; જે કુંદકુંદ પ્રભુને વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ જોયેલા તે જ કુંદકુદશવામીને જાણે અહીં સાક્ષાત્ નિહાળતા હોય એવી લાગણીઓ ઊભરાતી હતી. ઘણીવાર ગુરુદેવ કહે છે કે ‘અહા ! એ વખતના ભાવો અદ્‌ભુત હતા ! જે સાથે આવ્યા હશે તેમણે તે જોયા હશે.’ પોન્નૂર ઉપર બેઠા બેઠા ગુરુદેવે એમ હસ્તાક્ષર લખી આપ્યા કે ‘શ્રી સીમંધર ભગવાનના દરશન કરનાર ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય આદિ નમોનમઃ’

શ્રવણબેલગોલમાં બાહુબલી ભગવાનના દર્શન વખતે પણ ગુરુદેવસ્તબ્ધ થઈ જતા. એ વીતરાગી ઢીમના દર્શને શાંતિની ને હર્ષની એટલી બધી ઊર્મિઓ જાગતી કે ક્ષણભર તો વાણી તેને વ્યક્ત કરી શકતી ન હતી. ‘શ્રી બાહુબલી ભગવાનનો

જય હો, આનંદામૃતનો જય હો' એવા હસ્તાક્ષર વડે ગુરુદેવે એ ઊર્મિઓને ચિરંજીવી કરી. વારંવાર ખૂબ બહુમાનપૂર્વક ગુરુદેવ કહેતા કે– 'વાહ! એમના મુખ ઉપર કેવા અલૌકિક ભાવ તરવરે છે! પવિત્રતા અલૌકિક ને પુણ્યનો અતિશય પણ અલૌકિક, –બંને દેખાઈ આવે છે. એમનો જ્ઞાનઉપયોગ અંતરમાં એવો લીન થયો છે કે બહાર આવવાનો અવકાશ નથી. વીતરાગી આનંદના અનુભવમાં એ લીન થયા છે. એમના મોઢા ઉપર અનંત આશ્ચર્યવાળી વીતરાગતા છે–જાણે ચૈતન્યની શીતળતાનો ડુંગર! અત્યારે આ દુનિયામાં એનો જોટો નથી.'

કુંદકુંદ પ્રભુનું તપોધામ પોન્નૂર... તેની પાસે પાંચ માઈલ પર વાંદેવાસ નામનું મોટું ગામ છે, ત્યાંના જિનાલયમાં સીમંધરભગવાનની ખડ્ગાસન પ્રતિમાના દર્શન થતાં આનંદ થયો. જાણે કુંદકુંદ પ્રભુ વિદેહમાં જઈને વહાલા સીમંધરનાથને અહીં તેડી આવ્યા હોય! અહા, જ્યાંથી કુંદકુંદ પ્રભુએ વિદેહયાત્રા કરી અને વિદેહથી લાવેલી શ્રુતગંગા વહેતી કરી, એ પાવનધામની રમણીયતા કોઈ અનેરી છે.....અને તેમાંય ગુરુદેવ જ્યારે પોન્નૂરમાં પધાર્યા ત્યારે તો કુંદકુંદ પ્રભુનું આખું જીવન સાક્ષાત્ તાજું થતું હતું.....જાણે કુંદકુંદાચાર્યદેવ પુનઃ પધાર્યા હોય એવું વાતાવરણ છવાઈ ગયું હતું. ચંપા–



વૃક્ષની છાયામાં કુંદપ્રભુના ચરણોને અતિ ભાવથી સ્પર્શ કરીને ગુરુદેવે ગવડાવ્યું કે 'મન લાગ્યું રે કુંદકુંદદેવમાં...' અહા, એ વખતે તો કહાન ગુરુની ભક્તિથી પ્રસન્ન થઈને એ સોનેરી પહાડ કુંદકુંદપ્રભુના સન્દેશ સંભળાવતો હતો. ગુરુદેવ સાથેની

યાત્રામાં પૂ. બેનશ્રીબેન પણ એવા પ્રસન્ન થતા હતા–જાણે કે ફરીને કુંદકુંદ પ્રભુનો સાક્ષાત્કાર થતો હોય! ('સોનગઢ' અને પોન્નૂર' બંનેનો અર્થ સમાન છે.) તામિલ દેશની જનતાએ 'કુંદકુંદ પ્રભુના પ્રતિનિધિ' તરીકે ગુરુદેવનું સન્માન કર્યું. દક્ષિણયાત્રાથી પાછા ફરતાં વચ્ચે ગજપંથા સિદ્ધક્ષેત્રની પણ યાત્રા કરી.

ગુરુદેવના અંતરમાં વીતરાગરસનો પ્રવાહ નિરંતર વર્તી રહ્યો છે....પ્રવચન વખતે તો વીતરાગરસની એ પાવન ગંગાના પ્રવાહમાં અનેક જિજ્ઞાસુઓ પાવન થાય છે; તે ઉપરાંત તીર્થયાત્રાના વિશેષ પ્રસંગો વખતે, ભૂત–ભાવિનાં કોઈ મંગલ સ્મરણોની યાદી વખતે, સાધર્મી ધર્માત્માઓ સાથેના વિશેષ પ્રસંગો વખતે, વિશિષ્ટ શાસ્ત્રોની સ્વાધ્યાય કે ચિંતન કરતાં કરતાં જાગેલી ઊર્મિઓ વખતે–એમ અનેક પ્રસંગે એ વીતરાગરસની મસ્તી અને ચૈતન્યની ધૂન જોવા મળે છે; ત્યારે એમ થાય છે કે વાહ! ગુરુદેવનું ખરું જીવન આજ છે, આ જ એમના જીવનનો કસ છે....એ વીતરાગી – ચૈતન્યરસથી ભરપૂર જીવનની ઓળખાણ તે ગુરુની સાચી સેવા છે. ઘણીવાર ચૈતન્યના ઊંડા મનનથી જાગેલા ભાવો વ્યક્ત કરતાં ગુરુદેવ પ્રમોદથી કહે છે કે 'આ તો મારો ખોરાક છે....' ચૈતન્યનું ચિંતન એ જ આત્માર્થીનો ખોરાક છે. કોઈવાર બહારની પ્રવૃત્તિમાં વિશેષ રોકાવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે ગુરુદેવ કહે છે કે 'અમારે ઘણાં કામ છે...અમને વખત નથી...' 'ઘણાં કામ' એટલે બીજું કાંઈ નહિ પણ ઊંડા મનનનું કામ! ચૈતન્યગુણોનાં રહસ્યો એટલાં ઊંડા ને ગંભીર છે કે તેમાંથી કાઢો એટલું નીકળ્યા જ કરે. એની ધૂન આડે બીજી પ્રવૃત્તિમાં અટકવું મુમુક્ષુને પાલવતું નથી. ગુરુદેવના નિકટ પરિચયથી આપણને પણ એવી ચૈતન્યધૂનની જ પ્રેરણા મળે છે...ને એમ થાય છે કે 'यह जीवन तुमसा जीवन हो।'

સં. ૨૦૨૦ ના મહા માસમાં દક્ષિણદેશના તીર્થોની બીજી યાત્રા કરીને ગુરુદેવ રાજકોટ પધાર્યા ને ત્યાં ૧૩ દિવસ સુધી અધ્યાત્મરસની ગંગા વહેવડાવી. ગુરુદેવ જ્યારે જ્યારે રાજકોટ પધારે ત્યારે ત્યાં એક અનેરું વાતાવરણ જામી જાય છે ને તત્ત્વચર્ચાથી ગલીગલી ગુંજી ઊઠે છે. વિશેષમાં આ ફાગણ સુદ ત્રીજના રોજ ગુરુદેવની મંગલઉપસ્થિતિમાં ભવ્ય સમવસરણનું તેમજ ઉન્નત માનસ્તંભનું શિલાન્યાસ થયું. સૌરાષ્ટ્ર રાજ્યનું આ પાટનગર જિનેન્દ્રવૈભવ વડે વિશેષ શોભવા લાગ્યું. ત્રણેક લાખ રૂા. ના ખર્ચે સમવસરણ તથા માનસ્તંભ તૈયાર થવા લાગ્યા. શાસનપ્રભાવી ગુરુદેવના પ્રતાપે તત્ત્વચર્ચાના યુગની જેમ જિનેન્દ્રપ્રતિષ્ઠાનો પણ યુગ પ્રવર્તવા લાગ્યો....એક ઠેકાણે

જિનેન્દ્રપ્રતિષ્ઠાનો ઉત્સવ પૂરો થાય ત્યાર પહેલાં તો બીજે ઠેકાણે તૈયારી શરૂ થઈ જાય –એમ ઉપરાઉપરી બન્યા જ કરતું. રાજકોટમાં ૧૩ દિવસ રહ્યા ને બંધનથી છુટકારાનો માર્ગ બતાવ્યો; તે સાંભળીને રાજકોટની સેન્ટ્રલ જેલના ઉપરીને પણ એવી ભાવના થઈ કે આ જેલના કેદીઓ પણ સંસારની જેલમાંથી છુટકારાનો માર્ગ આવા સંતના મુખથી સાંભળે તો તેમનું જીવન ઉન્નત બને. એટલે તેમની વિનંતિથી લગભગ અઢીસો કેદી ભાઈઓ સમક્ષ ગુરુદેવનું પ્રવચન થયું. ત્યાંના કરુણ અને

**સોનગઢમાં ભરઉનાળે શીતલવૃક્ષની છાયા નીચે**

**એકાંતમાં સ્વાધ્યાય કરી રહેલા ગુરુદેવ**



**ચૈતન્યશક્તિના ઊંડા મનનમાં મગ્ન ગુરુદેવ કહે છે કે-**

**‘આ તો મારો ખોરાક છે’**

વૈરાગ્ય પ્રેરક વાતાવરણમાં ગુરુદેવે લાગણીભીના હૃદયે બોધવચનો સંભળાવ્યાં; તેમાં ખાસ એમ કહ્યું કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દોષ અને પાપ તેનું ખરું સ્વરૂપ નથી.

અજ્ઞાનથી આવેશમાં જીવ પાપ કરી નાંખે છે પણ તે કાંઈ કાયમી વસ્તુ નથી, એટલે તે દોષને ટાળી શકાય છે, ને જ્ઞાનવડે નિર્દોષ સુખીજીવન જીવી શકાય છે. આત્માને ન ઓળખે ત્યાં સુધી અજ્ઞાનથી બધાય જીવો સંસારરૂપી જેલમાં જ પડેલા છે, દેહથી ભિન્ન આત્મા શું ચીજ છે તેનું ભાન કરે ત્યારે તે સંસારબંધનરૂપી જેલમાંથી છૂટીને મોક્ષસુખ પામે છે. બંધનમાં તો સુખ કેમ હોય? જ્ઞાનસ્વભાવ બંધન વગરનો છે તે જ સુખરૂપ છે, તેની ઓળખાણ કરતાં બંધન ટળે છે ને સુખ થાય છે.

જેલમાં, જેને થોડા જ દિવસો પછી ફાંસી થવાની હતી એવા એક નાની ઉંમરના ઉદાસ યુવાનને દેખીને વૈરાગ્યથી રોમાંચ ખડા થઈ જતા હતા. મરણ તો સામે જ આવીને ઊભું હતું. ગુરુદેવ કહે–અરે! ક્ષણિક આવેશમાં જીવ શું કરી નાંખે છે એનું એને ભાન નથી આવું જીવન પામીને જીવનમાં સારું કાર્ય કરવા જેવું છે. પાપીમાં પાપી જીવ પણ ક્ષણમાં પાપપરિણામ પલટાવીને આત્માનું ભાન કરી શકે છે, ને પોતાનું જીવન સુધારી શકે છે. જેલના કેદીઓની માફક અંધશાળાનાં અંધ ભાઈબહેનોને પણ ગુરુદેવે સંબોધન કરેલું, તે પણ એક વૈરાગ્યભીનો પ્રસંગ હતો.

રાજકોટમાં સમવસરણ અને માનસ્તંભનું શિલાન્યાસ કરીને પછી જોરાવરનગર થઈને ગુજરાતના રખિયાલ ગામે પધાર્યા, ત્યાં પણ નૂતન જિનમંદિરમાં જિનેન્દ્ર ભગવંતોની વેદી પ્રતિષ્ઠાનો ઉત્સવ ફાગણ સુદ ૧૪ થી ફાગણ વદ ત્રીજ સુધી થયો; પાંચ હજાર ઉપરાંત માણસોએ તેમાં ભાગ લીધો. ગુજરાતનો આ એક મહાન ઉત્સવ હતો. તેમાં દોઢસો જેટલા તંબુ બંધાયેલા ને 'નેમિનાથનગર' વસેલું. ગુરુદેવના પ્રતાપે નાનકડા ગામમાં મોટો ઉત્સવ ઉજવાયો.

ત્યારબાદ ગુજરાતનાં ગામો દેહગામ, સોનાસન, ફત્તેપુર, રણાસણ અને તલોદ થઈને પછી વઢવાણશહેર, ગોંડલ, તથા જેતપુર પધાર્યા; જેતપુરથી તા. ૧૩–૩–૬૪ ની સાંજે ગિરનાર તળેટીમાં જઈને એ સિદ્ધિધામને વંદન કરી આવ્યા...ત્યાં નેમનાથપ્રભુનો વૈરાગ્યજીવનનો સાક્ષાત્કાર કરાવે એવી ભાવભીની ભક્તિ થઈ. (જેતપુરથી ગિરનાર પંદર માઈલ નજીક છે.) જેતપુર પછી પોરબંદર, લાઠી, સાવરકુંડલા, કાનાતળાવ, મોટાઆંકડિઆ થઈને ઉમરાળા–જન્મધામમાં પધાર્યા. પોરબંદરમાં ત્યાંના મહારાણાશ્રી

પણ પ્રવચનમાં આવતા, ઉમરાળા પોતાના જન્મઘરમાં બિરાજમાન સીમંધરનાથના દર્શન કર્યાં, ને અહીં બે દિવસ અદ્‌ભુત ભક્તિ થઈ. ત્યાંથી વચ્ચે (તા. ૪–૪–૬૪ ના રોજ) સોનગઢમાં સીમંધરનાથના દર્શન કરીને ગઢડા, પાટી અને રાણપુર થઈને બોટાદ પધાર્યા. બોટાદના ભવ્ય શિખરબંધી જિનાલયમાં ઉપરના ભાગમાં જિનબિંબ વેદી પ્રતિષ્ઠાનો મહાન ઉત્સવ ઉજવાયો. બોટાદ પછી બરવાળા થઈને ચૈત્ર સુદ તેરસે અમદાવાદ પધાર્યા ને ત્યાં મંગલરૂપ મહાવીર ભગવાનનો ૨૫૬૨ મો જન્મોત્સવ ઉજવાયો. કઈ રીતે આત્મસાધના કરીને તેઓ પરમાત્મા બન્યા તે પાટનગરના પ્રવચનમાં ગુરુદેવે સમજાવ્યું; ને પરમ ભક્તિથી ભગવાનના જન્મોત્સવનું એવું વર્ણન કર્યું, –જાણે કે પોતે વીરપ્રભુનું મધુરું હાલરડું ગાતા હોય! ૬૫ વર્ષ પહેલાં દશ વર્ષની ઉંમરે સાંભળેલા ‘ચૈતર તેરસ અજવાળી’ તે યાદ કરીને વીરનાથના જન્મથી માંડીને પરમાત્મદશા સુધીનું ભાવભીનું વર્ણન કર્યું. અમદાવાદ પછી વડોદરા, મીયાગામ, પાલેજ, સુરત, બિલિમોરા અને ઘાટકોપર થઇને, ચૈત્ર વદ છઠ્ઠ ને રવિવાર તા. ૩–૫–૬૪ના રોજ ગુરુદેવે મુંબઈનગરીમાં પ્રવેશ કર્યો. –શા માટે? કે ૭૫ મી હીરકજયંતી માટે, અને દાદર જિનાલય તથા સમવસરણના ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ માટે. અદ્‌ભુત હતા એ મહોત્સવો.

## મુંબઈનગરીમાં–
## હીરકજયંતી મહોત્સવ અને જિનેન્દ્ર–પંચકલ્યાણક મહોત્સવ

ચૈત્ર વદ છઠ્ઠ ને રવિવાર તા. ૩–૫–૬૪ અહા! એ દિવસે આખી મુંબઈનગરી જાણે આનંદથી હલમલી ઊઠી....હજારો જીવોનાં ટોળાં હર્ષોલ્લાસથી આઝાદમેદાન તરફ જઈ રહ્યા છે....અરે, ઊંચે આ શું દેખાય છે? –જાણે સોનાના શિખરવાળું મંદિર! વાહ, એ તો છે મહાવીરનગરનું પ્રવેશદ્વાર. શી એની શોભા! કેવો ભવ્ય એ મંડપ! ને જિજ્ઞાસુઓની કેટલી બધી ભીડ! સવારમાં ગુરુદેવ પધાર્યા, સીમંધરનાથના દર્શન કર્યા ને મુંબઈનગરીની જનતાએ હર્ષભર્યું સ્વાગત કર્યું. કેવું ઉમંગભર્યું સ્વાગત! સ્વાગત બાદ મંગલપ્રવચનમાં આઠ હજારની માનવમેદની સમક્ષ ચૈતન્યની સુંદરતા બતાવનારું સુંદર પ્રવચન ગુરુદેવે કર્યું.... અહા, એકત્વ–વિભક્ત ચૈતન્યસ્વરૂપ આત્મા જ સર્વત્ર સુંદરપણે શોભે છે. આવું ચૈતન્યસ્વરૂપ સાંભળવા માટે બપોરના ધોમધખતા તાપમાંય હજારો જીવોનાં ટોળાં મુંબઈના મહાવીરનગરમાં ઊભરાતા હતા, –શું સાંભળ્યું એમણે પ્રવચનમાં? પ્રવચનમાં એમણે સમયસારના કર્તા–કર્મ અધિકારની પ્રારંભિક

ગાથાઓનું વિવેચન સાંભળ્યું; ભેદજ્ઞાનની રીત સાંભળી....દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું સ્વરૂપ સાંભળ્યું; રાગાદિ પરભાવોના કર્તૃત્વ વગરનો જ્ઞાનસ્વભાવ સાંભળ્યો....જે સાંભળતાં ને સમજતાં આનંદ થાય એવા અપૂર્વ ભેદજ્ઞાનની વાત ગુરુદેવે મુંબઈ નગરીમાં સંભળાવી.




લોકોને આશ્ચર્ય થતું–અરે! મોહમયી મુંબઈનગરીમાં આવી વાત! હા ભાઈ! આત્મા ક્યાં મોહમય છે? આત્મા તો જ્ઞાનમય છે. મુંબઈમાં હો કે સોનગઢમાં હો, વિદેહમાં હો કે ભારતમાં હો, અમારે તો આ જ્ઞાનસ્વરૂપ આત્મા જ બતાવવાનો છે. ને એ જ્ઞાનસ્વરૂપની સમજણ વડે જ જીવનું કલ્યાણ છે. વાહ! ધન્ય બની મુંબઈનગરી! અધ્યાત્મપ્રધાન ભારતદેશની અલબેલી નગરીનું ગૌરવ આજ સફળ બન્યું. અધ્યાત્મની આવી વાત સાંભળવાનો સુઅવસર જીવોને મહા ભાગ્યથી મળે છે. આત્મામાં એનું લક્ષ કરતાં અપૂર્વ કલ્યાણ થાય છે, ને એનું બહુમાન કરતાં પણ લોકોત્તર પુણ્ય બંધાય છે. ગુરુદેવના હૃદયમાં અને વાણીમાં સદાય એનું જ ઝરણું વહી રહ્યું છે. એ ઝરણાંના મધુર વીતરાગી રસનો સ્વાદ ચાખનાર જીવ સંસારના રસ વગરનો 'અરસ' થઈને અમર પદને પામે છે.

મુંબઈ–દાદરમાં જૈન ભાઈઓ માટે એક કહાનનગર સોસાયટી બંધાયેલી, ને તેમાં ચાર–પાંચ લાખ રૂા. ના ખર્ચે મહાવીરભગવાનનું ભવ્ય જિનમંદિર તથા સીમંધર ભગવાનનું સુંદર સમવસરણ રચાયેલ, જે એક દર્શનીય વસ્તુ છે. તેમાં જિનેન્દ્રભગવંતોની પ્રતિષ્ઠા માટેનો મહાન પંચકલ્યાણક ઉત્સવ મુંબઈનગરીમાં આઝાદમેદાનમાં, –‘મહાવીરનગર’ માં સં. ૨૦૨૦ ના વૈશાખ સુદ એકમથી શરૂ થયો. બીજે જ દિવસે વૈશાખ સુદ બીજ આવી ને કહાનજન્મની મંગલવધાઈ લાવી. ગુરુદેવનો ૭૫ મો જન્મોત્સવ ‘હીરકજયંતી મહોત્સવ’ તરીકે મુંબઈમાં અતિ ઉલ્લાસપૂર્વક ઉજવાયો. દેશભરમાંથી આવેલા હજારો ભક્તોએ ઉમંગથી એ ઉત્સવમાં ભાગ લીધો. મંડપ આજે અનેરા આકર્ષણોથી શોભતો હતો....ને મંડપમાં ગુરુદેવ જૈનશાસનના હીરાની માફક ઝળકતા હતા. વહેલી સવારમાં હજારો ભક્તજનો જન્મની મંગલવધાઈ ગાતાં ગાતાં જિનમંદિરેથી મંડપમાં આવી પહોંચ્યા.... ચારેકોર મંગલવધાઈ નાદથી ને વાજિંત્રોથી મંડપ ગૂંજી ઊઠયો, ને પ્રકાશથી ઝગમગી ઊઠયો....આનંદપૂર્વક સૌએ ગુરુદેવના દર્શન કર્યા. મંગલ–વધાઈનાં હજારો નાળિયેરનો ઢગલો નાનકડા ડુંગરા જેવો દેખાતો હતો. તીર્થયાત્રાના પ્રદર્શન યોજાયા.....ને ભક્તોએ આનંદભર્યા પ્રવચનો દ્વારા ગુરુનાં ગુણગાન કર્યા...હજારો ભક્તોએ ૭૫ ના મેળવાળી રકમોનું ફંડ જાહેર કર્યું, દેશોદેશથી સેંકડો અભિનંદન સંદેશાઓ આવ્યા. પણ ગુરુદેવે તો એ બધાથી અલિપ્તપણે અધ્યાત્મસંદેશ સંભળાવીને જન્મરહિત થવાનો માર્ગ બતાવ્યો....ભક્તિ અને આનંદપૂર્વક આખોય દિવસ એવું અનેરું વાતાવરણ છવાઈ રહ્યું હતું–જાણે કે મોહમયી મુંબઈનગરીમાં નહિ પણ વિદેહની કોઈ ધર્મનગરીમાં હોઈએ, ને કલ્યાણકો નજરે નીહાળતા હોઈએ.

બીજે દિવસે ( વૈશાખ સુદ ત્રીજે ) જન્મજયંતી નિમિત્તે ભારતભરના મુમુક્ષુઓ દ્વારા ગુરુદેવનું પરમબહુમાન વ્યક્ત કરતો હીરકજયંતીનો મહાન અભિનંદનગ્રંથ ગુરુદેવને અર્પણ કરવાનો ખાસ કાર્યક્રમ હતો. ૮૦૦ પાનાનો હીરલે મઢેલો એ અભિનંદનગ્રંથ રાષ્ટ્રના પ્રધાન શ્રી લાલબહાદુરજી શાસ્ત્રીના હસ્તે ગુરુદેવને અર્પણ કરવાનો હતો. શ્રી ઉછરંગરાયભાઈ ઢેબરના અધ્યક્ષપદે દશ–પંદર હજાર માણસોની સભા શાસ્ત્રીજીના આગમનની આતુરતાથી રાહ જોતી હતી. છેલ્લી ઘડી સુધી શાસ્ત્રીજી આવશે કે નહિ એની ચિંતા સેવાતી હતી; ત્યાં તો ‘ભારતના એ ભાવિ વડાપ્રધાન’ ઉમંગભેર પોતાના જીવનનો એક સુંદર લહાવો લેવા અને ભાવિ તીર્થનાયકને અભિનંદવા આવી પહોંચ્યા; સભા હર્ષાનંદથી ગાજી ઊઠી. અને શાસ્ત્રીજીએ ૮૦૦ પાનાંનો હીરલે

મઢેલો સુંદર અભિનંદનગ્રંથ ગુરુદેવને અર્પણ કર્યો; તે વખતે ગુરુદેવ પ્રત્યે બહુમાન વ્યક્ત કરતાં શાસ્ત્રીજીએ કહ્યું કે– 'મુઝે બડી પ્રસન્નતા હુઈ, મૈં ફિર એકવાર અપના આદર સન્માન ઔર શ્રંદ્ધાંજલિ પ્રગટ કરતા હૂં; ઔર યહ નિવેદન કરતા હું કિ, જો માર્ગ–જો રાસ્તા અહિંસા ઔર શાંતિકા, ચારિત્રકા, નૈતિકતાકા આપ દિખાતે હૈં ઉસ પર યદિ હમ ચલેંગે તો ઉસમેં હમારા ભી ભલા હોગા, સમાજકા ભી હોગા, વ દેશકા ભી હોગા.'

## ભાવિ રાષ્ટ્રનાયક અભિનંદી રહ્યા છે ભાવિ તીર્થનાયકને-



પૂ. ગુરુદેવદ્વારા થયેલા જૈનશાસનના પ્રભાવની ગૌરવગાથા ગાતા આ અભિનંદન ગ્રંથમાં, સૌથી પહેલાં મંગલ તોરણસ્થાને પચરંગી શ્રી ચોવીસ તીર્થંકરભગવંતો એવા શોભી રહ્યા છે કે જાણે ગુરુદેવ ઉપર મંગલ–આશીર્વાદ વરસાવતા હોય. અને ઝવેરાતથી ઝગઝગતા એના મુખપૃષ્ઠના અક્ષરો ગ્રંથના ગૌરવને પ્રકાશી રહ્યા છે. મુમુક્ષુઓનાં હૃદયની હાર્દિક ઉર્મિઓ એમાં ભરેલી છે. કેટલાય ઉત્તમ પ્રસંગો, કેટલાય ચિત્રો, અને પચાસેક શાસ્ત્રો ઉપરનાં ગુરુદેવનાં પ્રવચનો પણ તેમાં છે. આખોય ગ્રંથ

જૈનસાહિત્યના એક કિંમતી આભૂષણ જેવો શોભી રહ્યો છે. શાસ્ત્રીજી દ્વારા અણધાર્યા આવી પહોંચીને ગુરુદેવને આ ગ્રંથના અર્પણનો યાદગાર પ્રસંગ ગુરુદેવના વિશિષ્ટ પુણ્યપ્રભાવને પ્રસિદ્ધ કરે છે. ગુરુદેવની ચરણ છાયામાં આ બાળકે દશ–દશ વર્ષથી જે ગ્રંથની ભાવના ભાવી હતી તે ગ્રંથ અંતે આ હીરકજયંતીપ્રસંગે સર્વાંગ સુંદર સ્વરૂપે પ્રકાશીત થયો ને મારી તે ભાવના પૂરી થઈ.

મુંબઈમાં એક તરફ ગુરુદેવનો આ હીરકજયંતી મહોત્સવ ચાલતો હતો, બીજી તરફ પંચકલ્યાણકોનો પ્રારંભ થતો હતો. પાર્શ્વનાથ ભગવાનના કલ્યાણકના અનેરા દ્રશ્યોએ મુંબઈનગરીને મુંબઈ મટાડીને કાશી ( વારાણસી ) બનાવી દીધી હતી. અમે મુંબઈમાં નહિ પણ પારસનાથના બનારસમાં બેઠા છીએ–એવી લાગણી પ્રેક્ષકો અનુભવતા હતા. ઉત્સવમાં ભાગ લેવા બહારગામોથી પાંચ હજાર જેટલા ભક્તો આવ્યા હતા. આ ઉત્સવનિમિત્તે મુંબઈમાં મહાન ધાર્મિક જાગૃતિ આવી ગઈ, તેની સાથે આસપાસના પરાંના ગામો પણ જાગ્યા ને ઘાટકોપર, બોરીવલી, મલાડ, દાદર, ખાર, ગોરેગાંવ, કાંદીવલી, દહીસર વગેરેમાં પણ મુમુક્ષુમંડળની વિશેષ પ્રવૃત્તિઓ શરૂ થઈ. મુંબઈના આ મહાન ઉત્સવોએ આખા ભારતનું લક્ષ મુંબઈ તરફ અને ગુરુદેવ તરફ આકર્ષ્યું.

અહા, મુંબઈમાં પાર્શ્વપ્રભુના પંચકલ્યાણકનાં એ દ્રશ્યો આશ્ચર્યકારી હતા. ઇન્દ્રસભા, માતાજીના ૧૬ મંગલ સ્વપ્નો, કુમારિકા દેવીઓદ્વારા માતાજીની સેવા, મેરુ પર જન્માભિષેક–એ રીતે ચોથા કાળમાં બનેલા એ પાવનપ્રસંગો આ પંચમકાળે મુંબઈમાં દેખીને મુમુક્ષુઓ પોતાને ધન્ય સમજતા; અને સહેજે અનુમાન પણ થઈ શકતું કે જેમના પ્રતાપે આવા પંચકલ્યાણકો વારંવાર ઉજવાય છે તે મહાત્મા પોતે પણ પંચકલ્યાણક સાથે સીધો સંબંધ ધરાવનારા છે. પાર્શ્વપ્રભુના જન્મકલ્યાણકની સવારી કોઈ અનેરી હતી. જ્યાં માણસનેય ચાલવાની મુશ્કેલી એવા મુંબઈના રસ્તા પર હાથીની સવારી, ને સાથે સાત સૂંઢવાળો ઐરાવત, એ દ્રશ્યો જોવા સાત સાત માળના મકાનો પણ ઊભરાઈ પડયા હતા. પછી પાર્શ્વપ્રભુની દીક્ષાનાં વૈરાગ્યદ્રશ્યો, મુનિરાજને આહારદાન, અનેક ઉપસર્ગો છતાં ધૈર્યપૂર્વકની ક્ષમા, –એ બધાય દ્રશ્યો વીતરાગશાસન પ્રત્યે અને મુનિવરો પ્રત્યે પરમ ભક્તિ જગાડતા હતા. ગુરુદેવ પરમભક્તિથી મંત્રાક્ષર વડે અંકન્યાસવિધિ કરતા ત્યારે સાધ્ય અને સાધકની કેવી એકતા છે–એ દેખીને મુમુક્ષુને અદ્વૈતભક્તિરૂપ નિર્વિકલ્પ સાધનાનું સ્મરણ થતું હતું. પછી

કેવળજ્ઞાન અને મોક્ષ વખતે પણ, સમવસરણની અને સમ્મેદાચલ–મોક્ષધામની નયનમનોહર રચનાઓ દેખીને પ્રસન્નતા થતી હતી.

અને પછી વૈશાખ સુદ અગિયારસે જ્યારે પ્રતિષ્ઠિત થયેલા જિન ભગવંતો દાદર મુકામે જિનાલયમાં તથા સમવસરણમાં પધાર્યા, ને ગુરુદેવે ભક્તિપૂર્વક વેદીપ્રતિષ્ઠા કરી ત્યારે પ્રભુજીના દર્શનથી હજારો ભક્તોને અપાર આનંદ થયો. ગુરુદેવ વગેરેનું પૂર્વજીવન જેની સાથે સંકળાયેલું છે એવું વિદેહીનાથનું સમવસરણ આ ભરતક્ષેત્રમાં દેખીને આનંદકારી અનેક પ્રસંગો તાજાં થાય છે. ૭૫ ફૂટ ઊંચું જિનાલય, ને તેના ઉપર ૭૫ ઈંચનો સોને મઢયો કળશ આકાશમાં ઝગમગી ઊઠયો.....પવિત્ર જૈનધર્મનો ધ્વજ આકાશમાં લહરી ઊઠયો. આ હીરકજયંતી વગેરેનો અહેવાલ મુંબઈની આકાશવાણીએ પ્રસારિત કર્યો હતો. મુંબઈનગરીનો આ ઉત્સવ અનેરો હતો, જૈનધર્મની કેવી મહાપ્રભાવના ગુરુદેવ કરી રહ્યા છે તે અહીં દેખાઈ આવતું હતું.

## મુનિભક્તિનો મહોત્સવ

દક્ષિણદેશની યાત્રા અને મુંબઈના મહોત્સવો કરીને જ્યારે પાછા સોનગઢ આવ્યા, ત્યારે જાણે મુનિવરોના દેશમાં જઈને આવ્યા હોઈએ એવી ઊર્મિ વારંવાર ગુરુદેવને વેદાતી હતી; કુંદકુંદસ્વામી આદિ મુનિભગવંતો જ્યાં વિચરેલા એવા એ ગુરુધામમાં હમણાં જ જઈ આવ્યા હોવાથી એ મુનિદશાને ગુરુદેવ વારંવાર પ્રવચનમાં યાદ કરતા, તેનો અપાર મહિમા સમજાવતા. અને સાથે સાથે એ યાત્રાની ખુશાલીમાં અષાઢમાસની અષ્ટાન્હિકા દરમિયાન ૬૪ ઋદ્ધિધારી મુનિવરોની મહાપૂજા પણ થઈ, તેથી જાણે મુનિભક્તિનો મહોત્સવ જ ચાલતો હોય એવું વાતાવરણ હતું. કુંદકુંદસ્વામી વિદેહમાં ગયા ને ત્યાં તેમના બહુમાનમાં આઠ દિવસનો મહોત્સવ થયો, તેમ અહીં પણ કુંદકુંદસ્વામીની યાત્રાની ખુશાલીમાં આઠ દિવસનો પૂજનમહોત્સવ થયો. સોનગઢમાં અવારનવાર સિદ્ધચક્રવિધાન, સહસ્ર–અષ્ટોત્તરનામ પૂજનવિધાન, પંચમેરુપૂજન વિધાન વગેરે વિશિષ્ટ પૂજનવિધાનો થયા કરે છે; કોઈ કોઈવાર એ પૂજનવિધાનમાં ગુરુદેવ પણ ભાગ લ્યે છે.

## ‘સમયસારનો યુગ’ અને કુંદકુંદાચાર્યદેવ સાથેનો સંબંધ

‘સમયસાર’ એ ગુરુદેવના જીવનનું સાથી છે...સમયસારના રચનાર કુંદકુંદાચાર્યદેવ સાથે એમને વિદેહમાં સીધો સંબંધ થયેલ હોવાથી તેમનું સમયસાર પણ

તેમને અતિશય પ્રિય છે. ને તેઓ કહે છે કે આ જીવ ઉપર કુંદકુંદાચાર્યદેવનો અને સમયસારનો મહાન ઉપકાર છે. નિરંતર તેનું સ્વાધ્યાય–મનન તેઓ કરે છે. અનેક વર્ષોથી તેના ઉપર પ્રવચનો તો થાય છે જ, તે ઉપરાંત બપોરની નિવૃત્તિના સમયે એકાંતમાં બેસીને સમયસારનું ઊંડું અધ્યયન તેઓ હંમેશા કરે છે, ને એ રીતે શતાધિક વાર તેમણે સમયસારની સ્વાધ્યાય કરી છે. એ સ્વાધ્યાય કરતાં કરતાં કોઈ કોઈવાર તેઓ વિદેહક્ષેત્રના સીમંધરસ્વામીનાં અને કુંદકુંદશવામી વગેરેના ઊંડા વિચારમાં ચડી જાય છે.....ત્યારે આ ભરતક્ષેત્રના વાતાવરણને ભૂલીને વિદેહક્ષેત્રના વાતાવરણમાં એમનું ચિત્ત થંભી જાય છે. સં. ૧૯૭૮ માં જ્યારે તેમણે સમયસારના ઉપોદ્ઘાતમાં કુંદકુંદપ્રભુના વિદેહગમન સંબંધી ઉલ્લેખ વાંચ્યો ત્યારે તેમના આત્મામાં વિદેહના અવ્યક્ત સંસ્કાર ઝણઝણી ઊઠેલા ને અંતરના ઊંડાણથી એ વાતનો સહર્ષ સ્વીકાર આવ્યો હતો. પછી તો એ સંબંધમાં આત્મસાક્ષાત્કાર જેવું જ અત્યંત મજબૂત પ્રમાણ સં. ૧૯૯૩ માં પૂ. બેનશ્રી ચંપાબેનના જાતિસ્મરણજ્ઞાનના બળે પ્રાપ્ત થયું, ને ભૂત–ભવિષ્યના અનેક પાવનપ્રસંગોની વધુ ને વધુ સ્પષ્ટતાથી ગુરુદેવનોય આત્મા ખીલી ઊઠયો....ગુરુદેવના મુખેથી એ વાત સાક્ષાત્ સાંભળનારા ભક્તો તો હર્ષથી નાચી ઊઠતા. આજથી ૨૩ વર્ષ પહેલાં (સં ૨૦૦૩ માં) આ બાળકને પણ પૂ. ગુરુદેવના સાક્ષાત્ ચરણોમાં બેસીને દોઢ કલાક સુધી પરમ વાત્સલ્યપૂર્વક એ બધુંય સાંભળવાનો પરમ આનંદકારી લાભ પ્રાપ્ત થયો છે...અહા, ગુરુદેવના શ્રીમુખથી વિદેહનું આશ્ચર્યકારી વર્ણન ને ધર્મમાતાઓનો અપાર મહિમા, એ રાજકુમાર અને તેના બંને મિત્રોની મધુરી વાતો તથા તે ત્રણેની ભવિષ્યની મહાન જગપૂજ્ય પદવી, –એ બધુંય શ્રીગુરુમુખથી સાંભળતાં કોઈ પરમ કલ્યાણની આગાહીથી અસંખ્ય પ્રદેશો ઝણઝણી ઊઠતા હતા. ગુરુદેવની પરમ કૃપાનો એ પ્રસંગ સ્મરણમાં આવતાં અત્યારેય ચૈતન્યપ્રદેશોમાં ગુરુદેવ પ્રત્યેની અનેરી લાગણીના મધુર તરંગો ઉલ્લસે છે, –જાણે કોઈ એક તીર્થંકરની સાથે જ આ આત્મા વસતો હોય એવો આનંદ ઊભરાય છે. ધન્ય ગુરુદેવ! ધન્ય આપનો મંગલમૂર્તિ આત્મા! (ષટ્ખંડાગમમાં તીર્થંકરાદિના આત્માને ત્રિકાળમંગળસ્વરૂપ કહેલ છે, તેનો ભાવભીનો ઉલ્લેખ ગુરુદેવ ઘણીવાર કરે છે, તેમાંય અવ્યક્તપણે પોતાના ભાવિના ભણકાર ગુંજતા હોય છે.)

સમયસાર ઉપર ગુરુદેવનાં પ્રવચનો ૧૬ મી વખત (સં. ૨૦૨૫માં) ચાલી રહ્યાં છે.....સમયસારની શરૂઆત વખતે ‘હું સિદ્ધ....તું સિદ્ધ’ એમ કહીને જ્યારે ગુરુદેવ અત્યંત પ્રમોદથી આત્મામાં સિદ્ધપણું સ્થાપતા હોય તે વખતે સિદ્ધભગવાનના

સાક્ષાત્કાર જેવા મહા પ્રમોદથી શ્રોતાઓ ઉલ્લસી જાય છે. આત્માના જોસપૂર્વક કુંદકુંદશવામીની વતી ગુરુદેવ કહે છે કે 'હું સિદ્ધ, તું સિદ્ધ' –હા પાડ! ને હાલ્યો આવ સિદ્ધપદમાં! અમારી પાસે સમયસાર સાંભળવા આવ્યો તે જીવ ભવ્ય જ હોય. સિદ્ધપણું લક્ષમાં લઈને તેની હા પાડી તે અપ્રતિહત માંગલિક છે. આમ ગાથાએ ગાથાએ મોક્ષના મંગળ મોતીનો મેહુલો વરસાવતા ગુરુદેવ શ્રોતાઓનાં હૃદયમાં શુદ્ધાત્માનું બહુમાન ઠાંસીઠાંસીને ભરે છે, ને રાગાદિનું બહુમાન જડમૂળથી કઢાવી નાંખે છે. આજ ૩૫–૪૦ વર્ષોથી ૧૬–૧૬ વખત સમયસારનાં પ્રવચનો થવા છતાં વક્તા અને શ્રોતાઓનો રસ વધતો જ જાય છે, વધુ ને વધુ ભાવો ખૂલતા જાય છે. તેના ઉપર પ્રવચનોનાં પાંચ પુસ્તકો છપાઈ ગયાં છે. એમાંથી ત્રણ પુસ્તકોનાં પ્રવચનો તો પૂ. બેનશ્રી–બેન ( ચંપાબેન–શાન્તાબેન ) ના સુહસ્તે લખાયેલાં છે.

એ ગ્રંથાધિરાજની મૂળ ગાથાઓ ( ૪૧૫ ) ચાંદીમાં કોતરાયેલી છે. એટલું જ નહિ, પણ વિદેહમાં સાક્ષાત્ જોયેલા કુંદકુંદાચાર્યપ્રભુનો જેમણે અહીં જાતિસ્મરણના બળે સાક્ષાત્કાર કર્યો છે એવા પૂજ્ય બેનશ્રી ચંપાબેનના સુહસ્તે સોનગઢના સ્વાધ્યાયમંદિરમાં સમયસારની પૂજનીક સ્થાપના થઈ છે. આજે તો જૈનસમાજમાં મુમુક્ષુઓનાં ઘરેઘરે સમયસાર બિરાજે છે ને આદરપૂર્વક તેનો અભ્યાસ થાય છે.

સમયસારના ભાવોનું જે રહસ્ય ગુરુદેવ અનેક વર્ષોથી સમજાવી રહ્યા છે તેના પ્રતાપે ધાર્મિકસાહિત્યમાં અત્યારે 'સમયસારનો યુગ' વર્તી રહ્યો છે ને અનેક જિજ્ઞાસુ જીવો એમાં બતાવેલા એકત્વ–વિભક્ત શુદ્ધ–જ્ઞાયક આત્માને લક્ષગત કરીને એના અનુભવને માટે ઉદ્યમશીલ વર્તે છે. –એ રીતે જૈનશાસનની સાચા હાર્દની મહાન જીવન્ત પ્રભાવના થઈ રહી છે.

* * * * *

( અહીંથી આગળ વધતાં પહેલાં એક બાબતનો થોડો ઉલ્લેખ કરી લઈએ; )

ગુરુદેવ જડ–ચેતનની ભિન્નતા અને આત્માનું અવિનાશીપણું સમજાવીને જે ભેદજ્ઞાન ઘૂંટાવી રહ્યા છે–તેના પ્રતાપે જિજ્ઞાસુઓનું જીવન તો પલટી જાય છે, ને મરણ પણ સુધરી જાય છે. ભાવમરણથી બચાવીને આનંદમય આત્મજીવનનો માર્ગ ગુરુદેવ બતાવી રહ્યા છે. 'આત્મા તો અવિનાશી છે, દેહથી ભિન્ન છે' –એવા પ્રકારના ગુરુદેવના ઉપદેશના સંસ્કાર વડે જેણે પોતાનું જીવન સીંચ્યું છે તે મુમુક્ષુના જીવનમાં

તો કોઈ મહાન પલટો આવી જાય છે, અને મૃત્યુપ્રસંગ પણ એવા અનેરા પ્રકારે થતા હોય છે કે જે દેખીને લોકો આશ્ચર્યમાં પડી જાય છે. મુમુક્ષુને માટે મૃત્યુ એ કોઈ મોટો ‘હાઉ’ નથી પણ જાણે કે ધર્મના ઉત્સવનો કોઈ પ્રસંગ છે, એવી અત્યંત સાહજિકતાથી, અંતિમ ઘડી સુધી દેવ–ગુરુ–ધર્મને યાદ કરતા કરતા, કે તત્ત્વનું ચિન્તન કરતા કરતા દેહ છોડીને બીજે ચાલ્યા જાય છે. એટલું જ નહિ, પાછળના જિજ્ઞાસુઓ પણ મૃત્યુ પાછળ, (કોઈવાર તો ભરયુવાન વયે મૃત્યુ હોય તોપણ) કલ્પાંત કે કકળાટ ન કરતાં અત્યંત ધૈર્ય રાખીને તત્ત્વના વાંચન-વિચાર વડે વૈરાગ્યનું બળ વધારે છે; તેને આશ્વાસન આપવા આવનારા બીજાઓ તેનું ધૈર્ય દેખીને, તેને આશ્વાસન આપવાને બદલે ઊલ્ટા તેની પાસેથી આશ્વાસન પામે છે. તીવ્ર દર્દમાં કે અત્યંત ગંભીર ઓપરેશન વખતેય જિજ્ઞાસુઓ જે ધૈર્ય રાખે છે તે દેખીને કેટલાય દાકતરો પણ આશ્ચર્ય પામે છે. શ્વેતામ્બર સમાજના એક પ્રસિદ્ધ સાધુ પણ એક વખત તો બોલેલા કે આ સોનગઢવાળા લોકોનું મરણ પણ જુદી જાતનું થાય છે! બીજા એક ભાઈ કહેતા કે સમાધિમરણ કરતાં શીખવું હોય તો સોનગઢ જાઓ. બીજા અનેકવિધ પ્રતિકૂળ પ્રસંગોએ તો ઠીક પરંતુ મૃત્યુ જેવા પ્રસંગે પણ આ પ્રકારના ધાર્મિક સંસ્કારોની જાગૃતિ અને શાંતપરિણામ રહેવા તે ગુરુદેવે આપેલા વીતરાગી તત્ત્વજ્ઞાનને લીધે મુમુક્ષુને અત્યંત સુગમ બને છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે ભાઈ, આ અપૂર્વ ચૈતન્ય તત્ત્વ જે સમજીને અનુભવમાં લેશે તેની તો શી વાત! પરંતુ આ તત્ત્વનું લક્ષ કરીને તેના હકારના સંસ્કાર જે પાડશે તેને પણ બીજા ભવમાં તે સંસ્કાર ઊગીને આત્માનું હિત કરશે. ખરેખર, પરભવમાં એ સંસ્કાર નહિ ભુલાય, તેમ એ સંસ્કારદાતા ગુરુદેવનો ઉપકાર પણ નહિ ભુલાય.

## સોનગઢમાં ધર્મમય વાતાવરણ

આમ તો સોનગઢમાં પૂ. ગુરુદેવની મંગલછાયામાં સદાય એવું ધર્મમય વાતાવરણ વર્તે છે કે મુમુક્ષુઓ પોતે જાણે કે નાનકડા સમવસરણમાં બેઠા હોય એમ અનુભવે છે. તેમાંય શ્રાવણ મહિનો એ સોનગઢમાં વિશેષ ધાર્મિક પ્રવૃત્તિમય હોય છે; તે વખતે ગુરુદેવના સાન્નિધ્યમાં શાંતિથી રહેવા ને તત્ત્વનો અભ્યાસ કરવા ભિન્ન ભિન્ન પ્રાંતોમાંથી સેંકડો જિજ્ઞાસુ ગૃહસ્થો આવે છે, સાધર્મીજનો પરસ્પર મિલનથી આનંદિત થાય છે, વહેલી સવારથી મોડી રાત સુધી જ્યાં જુઓ ત્યાં તત્ત્વચર્ચાનો મેળો દેખાય છે. ખૂબ ખૂબ અભ્યાસ કરીને તત્ત્વનું આખા વર્ષનું ભાતું ઘણા જિજ્ઞાસુઓ આ

એક માસમાં લઈ જાય છે. આ વખતે ગુરુદેવ પણ ખૂબખૂબ ખીલે છે, પ્રવચનોની રમઝટ અનેરી હોય છે; બહારમાં વર્ષાઋતુની મધુરી મોસમની સાથે એ આધ્યાત્મિક શ્રુતવર્ષા સૌને પ્રફુલ્લિત કરતી હોય છે. અને આવા પ્રસન્ન વાતાવરણમાં ઊભરો લાવે એવો પ્રસંગ પૂ. બેનશ્રી ચંપાબેનના જન્મદિવસનો –તે પણ આ શ્રાવણ માસમાં જ આવે છે. એ વખતે ધર્મના વાત્સલ્યની કોઈ નવીન ભરતી આવે છે ને અવારનવાર ગુરુદેવના શ્રીમુખથી એમના અનુભવજ્ઞાનની, અદ્ભુત વૈરાગ્યની તેમ જ ચાર ચાર ભવના જાતિસ્મરણની અને ભવિષ્યના પવિત્ર પદોની આનંદકારી વાર્તા સાંભળી–સાંભળીને ભક્તોનું હૃદય ઉમંગથી ઉલ્લસે છે, ને આવા સંતોના દર્શનથી પણ પોતાની ધન્યતા અનુભવે છે. તે પવિત્ર દિવસે પૂ. ગુરુદેવ બેનશ્રી–બેનને ત્યાં જમવા પધારે છે, ને આખોય દિવસ ઉત્સવ જેવું વાતાવરણ રહે છે. ફાગણ માસમાં પૂ. શ્રી શાન્તાબેનના જન્મદિવસે પણ એવું જ વાતાવરણ હોય છે ને આનંદથી એ દિવસનો ઉત્સવ ઉજવાય છે.

શ્રાવણમાસમાં ચાલુ થયેલો તત્ત્વચર્ચાનો ધોધ ભાદરવા માસમાંય ચાલુ રહે છે, અને તેમાં પણ દશલક્ષણીધર્મસંબંધી વિશેષ પ્રવચનો, પૂજન–ભક્તિ વગેરેને લીધે હજારો જિજ્ઞાસુઓ પોતાને ચોથાકાળમાં જ વર્તતા સમજીને આનંદપૂર્વક ધર્મસાધના કરે છે. ખરેખર તો ગુરુદેવ જેવા સંત–ધર્માત્માઓને લીધે સોનગઢમાં સદૈવ ધર્મકાળ જ વર્તે છે, તેથી તો અહીંના હવામાનમાંય વારંવાર પડઘા સંભળાય છે કે 'યહ સન્તોંકા ધામ હૈ' અહીં પંચમકાળ નહિ પણ ચોથોકાળ છે. દેવગુરુના પ્રતાપે અહીં ધર્મની જાહોજલાલી વર્તે છે. હે મુમુક્ષુ બંધુઓ! તમે આવો રે આવો! ચૈતન્યની મુક્તિનો અપૂર્વ માર્ગ પ્રાપ્ત કરવા તમે આ ધર્મધામમાં આવો.

અનેક ગામના મુમુક્ષુઓ સોનગઢમાં આવીને વસ્યા છે, ને ગુરુદેવની મધુરી છાયામાં ધાર્મિક ઉપાસના વડે, આત્મસ્વભાવના ઘોલન વડે, પોતાના જીવનને સાર્થક કરે છે. અહીંના ધાર્મિકવૈભવ પાસે પોતાના ઘરનો કોઈ વૈભવ–વિલાસ એમને યાદ પણ નથી આવતો. તાજેતરમાં શેઠશ્રી નવનીતભાઈએ તેમ જ સાગર (મધ્ય પ્રદેશ) ના શેઠશ્રી ભગવાનદાસ શોભાલાલજીએ પણ બબ્બે લાખના ખર્ચે મકાન બંધાવેલ છે, ને અવારનવાર સોનગઢ આવીને લાભ લ્યે છે. સાગરવાળા શેઠ ભગવાનદાસજીએ પોતાના મકાનના વાસ્તુપ્રસંગે જિનપ્રતિમાજીને પણ બિરાજમાન કરીને આનંદથી પૂજા–ભક્તિ કરી હતી. દરેક નવા મકાનના વાસ્તુ પ્રસંગે મંગલ તરીકે તે મકાનમાં પ્રવચન કરતાં

ગુરુદેવ ચૈતન્યવસ્તુમાં વાસ્તુ કરવાની રીત બતાવતા કહે છે કે ભાઈ! આ બહારના ઘરમાં તારું વાસ્તુ નહીં, અંદર અનંતગુણથી ભરેલી એવી તારી ચૈતન્યવસ્તુમાં જ તારું વાસ્તુ છે; તેને ઓળખીને તેમાં તું વસ! તે જ મંગળ વાસ્તુ છે.

પુરાણકથાના આધારે અવનવા ધાર્મિક સંવાદો–નાટકો પણ સોનગઢમાં તેમ જ અન્યત્ર પ્રસંગઅનુસાર બાળકો ભજવે છે, ને તે દ્વારા બાળકોમાં નાનપણથી જ ધાર્મિક દ્રઢતાના સુંદર સંસ્કાર રેડાય છે. સીતાજી, અંજના, ચેલણા, અકલંક–નિકલંક, ભરત–બાહુબલી, શ્રીંકઠવૈરાગ્ય, વારિણેષકુમાર, વજ્રબાહુવૈરાગ્ય, હરિષેણચક્રવર્તી, વગેરે અનેક ધાર્મિક નાટકો ભજવાઈ ચૂક્યાં છે.

સં. ૨૦૧૦ થી ૨૦૨૦ માં કુલ પચીસ વખત જિનબિંબ પ્રતિષ્ઠાના પ્રસંગો બન્યા, અને પછી પણ તે પ્રવાહ ચાલુ જ રહ્યો. ૨૦૨૦ ના આસો માસમાં જસદણમાં જિનમંદિરનું શિલાન્યાસ થયું.

ગુરુદેવને સમ્મેદશિખર વગેરે તીર્થો ઉપર ખાસ લાગણી છે. જૈનસમાજમાં જ્યારે એ તીર્થો સંબંધી હિલચાલ ચાલતી હતી ત્યારે ગુરુદેવ પણ તીર્થરક્ષા સંબંધમાં ચિન્તા ધરાવતા, અવારનવાર ચર્ચામાં તેનો ઉલ્લેખ કરતા, ને કહેતા કે મૂળ તો જૈન દિગંબર ધર્મ જ હતો; પણ દિગંબર મુનિઓ તો પરમ નિસ્પૃહ, તે તો કાંઈ બહારની ઉપાધિમાં પડે નહીં. તીર્થોમાં અહીંથી ભગવાન મોક્ષ પધાર્યા છે–તેની યાદી તરીકે ભગવાનનાં પગલાં હોય છે. આવા તીર્થોની જાળવણી માટે બંદોબસ્ત થવો જોઈએ. તીર્થોની જેમ સાધર્મી પ્રત્યેનો પ્રેમ પણ અપાર છે. એના અનેક પ્રસંગો બન્યા છે. સીતાજી, અંજના વગેરેનું જીવન વાંચતા વાંચતા ગુરુદેવને આંસુ આવી જાય છે; તેઓ કહે છે કે ધર્માત્મા ઉપરનું દુઃખ હું જોઈ શકતો નથી. એ જ રીતે શાસ્ત્રો પ્રત્યે પણ ઘણો પ્રેમ ને આદર છે; કોઈ નવીન શાસ્ત્ર પ્રાપ્ત થતાં તેઓ પ્રસન્ન થાય છે.

રાજસ્થાનના બયાના શહેરમાં પાંચસો વર્ષ પ્રાચીન (સં. ૧૫૦૭ની) સીમંધરભગવાનની પ્રતિમા બિરાજે છે–એ વાત ૨૦૨૧ ના કારતક માસમાં સોનગઢમાં જાણવા મળી; તે જાણીને ગુરુદેવ વગેરે ખૂબ પ્રસન્ન થયા; ને એનાં દર્શનની ઈંતેજારી જાગી.

સં. ૨૦૨૦ માગશર–પોષમાં સમયસારની ૪૭ શક્તિ ઉપરના પ્રવચનમાં ગુરુદેવ અદ્‌ભુત ખીલ્યા હતા. ૪૭ શક્તિના પ્રવચનો વખતે ચૈતન્યગુણો પ્રત્યેનો એમને કેવો પરમ આહ્‌લાદ ઉલ્લસે છે! –તે તો સાંભળનારને નજરે દેખાય છે. ગુરુદેવ રોજ સવા–

રમાં ૪૭ શક્તિનું રટણ કરી જાય છે ને કહે છે કે મારી માળા છે. ‘૪૭ શક્તિ તે આત્માનો વૈભવ છે, એવા વૈભવશાળી ભગવાન આત્માનું અંતરમાં ધ્યાન કરવાથી જ્ઞાન–આનંદરૂપી વૈભવ પ્રગટે છે.’ –આમ ગુરુદેવે પોતાના સ્વહસ્તે ‘આત્મવૈભવ’ પુસ્તકમાં લખ્યું છે. તેઓ ઘણીવાર પ્રમોદથી કહે છે કે અહા! સંતોએ અંદરમાં સર્વજ્ઞસ્વભાવના ભેટા કરી કરીને એની શક્તિનાં અચિંત્ય રહસ્યો ખોલ્યાં છે. ૪૭ શક્તિ વડે આત્મગુણોનો જે અપાર મહિમા ગુરુદેવે સમજાવ્યો છે તે મુમુક્ષુને ન્યાલ કરે તેવો છે.

પોષ સુદ દશમે ગુરુદેવ ઘણા ભક્તોને કહેતા કે–‘આજે તો મેં ભગવાન જોયા.’ તે સાંભળીને ભક્તો આશ્ચર્યમાં પડી જતાં. ને ગુરુદેવ પ્રમોદથી ખુલાસો કરતા કે આજે તો સ્વપ્નમાં પૂર્વના આકાશમાં બાહુબલી ભગવાનના અદ્ભુત દેદાર દેખ્યા. આશ્ચર્યકારી એમની મુદ્રા હતી. એનું રૂપ ને એમના મુખ ઉપરની વીતરાગતા કોઈ અલૌકિક હતા. એ અચિંત્ય શક્તિવંત બાહુબલીનાથના અદ્ભુત વૈરાગ્યદેદારના દર્શનથી ગુરુદેવને ઘણો જ આહ્લાદ થયો હતો; અને ગુરુમુખે એનું વર્ણન સાંભળીને ભક્તજનોને પણ ખૂબ હર્ષ થયો.

ગુરુદેવ અવારનવાર સ્વપ્નમાં અપૂર્વભાવસૂચક સ્વપ્નો જુએ છે, –કોઈમાં ભૂતકાળના ભણકારા હોય છે, તો કોઈમાં ભવિષ્યની આગાહી હોય છે; ને કોઈવાર વર્તમાન અધ્યાત્મનું જે ઘોલન ચાલતું હોય તે સ્વપ્નમાં ફરીને તાજું થાય છે. ઘણાં વર્ષો પહેલાંના એક સ્વપ્નમાં ગુરુદેવે છઠ્ઠ–સાતમના કેટલાય ચંદ્રમાથી ભરેલું આકાશ જોયું હતું. તેને ઘણીવાર યાદ કરીને ગુરુદેવ કહે છે કે જાણે–છઠ્ઠા–સાતમા ગુણસ્થાનરૂપ મુનિદશા સૂચવતું હોય–એવું એ મંગલ સ્વપ્ન હતું. બીજા એક સ્વપ્નામાં સિદ્ધાંત સૂત્રો લખેલાં મોટાં મોટાં પાટિયાં આકાશમાંથી ઊતરતાં જોયેલાં, –તે જિનવાણીની પ્રાપ્તિ અને શ્રુતજ્ઞાનની અતિશયતાનું સૂચક હતું. આ ઉપરાંત, જાણે પોતે કોઈ રાજકુમાર હોય એવા ભણકાર આવતા.–જે સ્પષ્ટપણે પૂર્વભવના સૂચક હતા; પણ તે વખતે એની ખબર ન હતી. પાછળથી જાતિસ્મરણજ્ઞાનના પ્રસંગો બનતાં એ બધું સ્પષ્ટ થયું, ને બધી સંધિ મલી ગઈ કે પોતે પૂર્વભવે વિદેહમાં એક રાજકુમાર હતા–તેના એ ભણકાર હતા. વીર સં. ૨૪૮૭ ના જેઠમાસમાં ગુરુદેવે કોઈ એક મુનિરાજને સ્વપ્નમાં જોયા. જાણે કોઈ મુનિરાજ દર્શન દેવા પધાર્યા છે. મુનિરાજના અદ્ભુત આશ્ચર્યકારી દર્શનથી ગુરુદેવને અપાર પ્રમોદ થયો. ( એ દ્રશ્યની થોડીક યાદી સુવર્ણસંદેશના ૩૨ મા અંક

ઉપર છે.) એ વખતે પ્રવચનમાં અષ્ટપ્રાભૃતમાંથી મુનિદશાના અપાર મહિમાનું વર્ણન ચાલતું હતું, ને તેમાં વળી સ્વપ્નદ્વારા મુનિરાજે દર્શન દીધાં, –પછી તો પૂછવું જ શું! પ્રવચનમાં મુનિમહિમાનો જે ધોધ વહ્યો તેમાંથી થોડાંક ટીપાં નમૂનારૂપે જોતાં તેનો ખ્યાલ આવશે; ગુરુદેવ કહેતા–

* અહા, મુનિરાજ એ તો અરિહંતના પુત્ર છે; અરિહંતના યુવરાજ છે.

* મુનિને તો જિનતુલ્ય સમજીને તેનું પરમ બહુમાન અને આદર કરવા યોગ્ય છે.

* મુનિદશા એટલે છઠ્ઠા–સાતમા ગુણસ્થાનની વીતરાગી દશા.

* મુનિ તો સહજ સ્વરૂપની નિર્વિકલ્પ શાંતિમાં ઝૂલતાં ઝૂલતાં સિદ્ધપદને સાધી રહ્યા છે.

* ચૈતન્યનિધાન ખોલવા નીકળેલો સાધુ જગતના નિધાનમાં લોભાતો નથી.

–આમ હજારો પ્રકારે મુનિદશાનો સાચો મહિમા ગુરુદેવના મુખે સાંભળીને તીવ્ર ભક્તિપૂર્વક એવા મુનિરાજના દર્શનની તાલાવેલી જાગતી હતી. ગુરુદેવ પોતે ઘણીયેવાર મુનિદર્શનની ઝંખના વ્યક્ત કરે છે. –પણ અંતે કુંદકુંદાદિ મુનિભગવંતોની સ્મૃતિથી જ સંતોષ માનવો પડે છે; ને તેમની વાણીને જ મુનિસમાન સમજીને પરમ આદરથી એમના અંતરના ભાવોનું વધુ ને વધુ ઊંડુ મનન કરવામાં ઉપયોગ લગાવે છે.

૨૦૨૧ ના મહા માસમાં ગુરુદેવે મધ્યપ્રદેશનો ૨૫ દિવસનો પ્રવાસ કર્યો, તેમાં ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન, મક્ષી–પાર્શ્વનાથ અને મલ્હારગઢ વગેરે સ્થાને થઈને ફાગણ સુદ એકમે સોનગઢ પધાર્યા. આ પ્રસંગે ભોપાલ અને ઉજ્જૈનમાં જિનબિંબની વેદીપ્રતિષ્ઠા થઈ. મલ્હારગઢમાં પણ ગુરુદેવ પધારતાં ધાર્મિકમેળા જેવો ભવ્ય ઉત્સવ થયો. –જંગલમાં મંગલ થયું.

જયપુરના પંડિતશ્રી ટોડરમલ્લજી રચિત મોક્ષમાર્ગપ્રકાશક ગુરુદેવનું એક અતિ પ્રિય શાસ્ત્ર છે, અનેકવાર તેના ઉપર પ્રવચનો થયાં છે; અને નિશ્ચય–વ્યવહારનાં રહસ્યો સંબંધી પં. ટોડરમલ્લજીએ જે સ્પષ્ટીકરણ કર્યું છે તેને માટે ગુરુદેવ કહે છે કે જૈનશાસ્ત્રોના અર્થો ઉકેલવાની એ ચાવી છે. ઘણા પ્રકારે પંડિતજીનો મહિમા ગુરુદેવે પ્રસિદ્ધ કર્યો ને તેનો ખુબ પ્રચાર થયો; તેને પરિણામે જયપુરમાં લાખો રૂા. ના ખર્ચે વિશાળ 'પં. ટોડરમલ્લજી સ્મારકભવન' બંધાવવાનું શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાએ

નક્કી કર્યું, અને સં. ૨૦૨૧ ના મહા વદ પાંચમે તેનું શિલાન્યાસ ભાઈશ્રી ખીમચંદ જે. શેઠના હસ્તે થયું. ૨૦૦ વર્ષ પહેલાં પં. શ્રી ટોડરમલ્લજીએ પ્રસિદ્ધ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' તે જ દિવસે લખી હતી. આ ચિઠ્ઠી ઉપર ગુરુદેવનાં અદ્‌ભુત ભાવભીનાં અનુભવપ્રધાન પ્રવચનો થઈ ગયા છે ને 'अध्यात्मसंदेश' નામના પુસ્તકરૂપે પ્રકાશિત થયા છે–જે સ્વાનુભવના પ્રયત્ન માટે દરેક જિજ્ઞાસુને ખાસ મનનીય છે.

## રાજકોટ શહેરમાં
## પંચકલ્યાણક-પ્રતિષ્ઠા અને જન્મજયંતીના ઉત્સવો

રાજકોટ શહેરમાં સીમંધરપ્રભુના સમવસરણની તથા બાવન ફૂટ ઊંચા માનસ્તંભની રચનાનું કાર્ય પૂરું થયું હતું, તેમ જ ત્યાંના સંઘની ભાવના ગુરુદેવનો જન્મોત્સવ પોતાના આંગણે ઉજવવાની હતી; તેથી ગુરુદેવ સં. ૨૦૨૧ ચૈત્ર સુદ ૧૩ (તા. ૧૩–૪–૬૫) ના રોજ રાજકોટ પધાર્યા. ૭૬ મા જન્મોત્સવનિમિત્તે રાજકોટ પધારેલા ગુરુદેવનું ૭૬ મંગલ–કલશ સહિત ભવ્ય સ્વાગત થયું. –ત્યારે ગુરુદેવે શુદ્ધાત્માનું અને સિદ્ધભગવંતોનું સ્વાગત કરતાં મંગલાચરણમાં કહ્યું કેઃ હે પ્રભો! મને આપનો રંગ લાગ્યો, ને હું શુદ્ધાત્માને સાધવા માટે જાગ્યો, તેમાં હવે ભંગ પડવાનો નથી. જેવા તીર્થંકરો છે તેવો જ હું છું–એમ પ્રતીત કરીને શુદ્ધ આત્મા સિવાય બીજાને મનમાં લાવું નહીં, –એવી અમારી ટેક છે. આમ ઓળખાણપૂર્વક હે નાથ હું આપનું મંગલ સ્વાગત કરું છું. હે સિદ્ધભગવંતો! મારા જ્ઞાનમાં આપને પધરાવીને હું સ્વાગત કરું છું, એટલે કે જ્ઞાનને શુદ્ધાત્મા તરફ વાળીને આપનું સ્વાગત કરું છું. આમ સાધક અને સિદ્ધના ઉમંગભર્યા સ્વાગતથી સૌ આનંદિત બન્યા. મહાન ઉત્સવોની જોસદાર તૈયારીઓ થવા લાગી; જિનમંદિરની સામે જ 'સીમંધરનગર' ની રચના થઈ ગઈ. ચૈત્ર સુદ પૂનમના રોજ પૂ. ગુરુદેવ જામનગર મુરબ્બીશ્રી વીરજીભાઈ વકીલને દર્શન દેવા પધાર્યા હતા. ચૈત્ર વદ પાંચમે શ્રીમદ્‌રાજચંદ્રજીના સમાધિસ્થાનની પણ મુલાકત લીધી હતી ને ત્યાં શ્રીમદ્‌ની જ્ઞાન–વૈરાગ્યદશાના મહિમાપૂર્વક 'અપૂર્વ અવસર' દ્વારા પરમપદપ્રાપ્તિની ભાવના ભાવી હતી. ચૈત્ર વદ છઠ્ઠે 'બાલાશ્રમ' ની મુલાકાત લીધેલી, ત્યાં બે–ચાર દિવસના બાળકથી માંડીને પંદર વર્ષ સુધીનાં સેંકડો નિરાધાર બાળકોને જોતાં ગુરુદેવે લાગણીથી કહ્યું કે અરે, સંસારની આ સ્થિતિ વિચારતાં તો વૈરાગ્ય આવી જાય તેવું છે. જ્યાં જન્મ દેનારા માતા પિતા પણ શરણ નથી થતા એવો આ અશરણ સંસાર! તેમાં આત્માની ઓળખાણ ન કરે ત્યાં સુધી

જીવની આ જ સ્થિતિ છે. ત્યાંના એ ‘અનાથ’ બાળકોને ગુરુદેવે પ્રેમભર્યો બાલોપયોગી ઉપદેશ આપ્યો હતો ને તેમને માટે ‘જૈનબાળપોથી’ આપવામાં આવી હતી.

તા. ૨૨–૪–૬૫ ના રોજ, સમ્મેદશિખરજી તીર્થધામ સંબંધમાં દિગંબર જૈન સમાજના સંપૂર્ણ હક્કોની રક્ષા થાય, ને સમગ્ર જૈનસમાજ હળીમળીને રહે–તે બાબતમાં રાજકોટ અને સૌરાષ્ટ્રના સમસ્ત દિગંબર જૈનસમાજ તરફથી એક ઠરાવ કરવામાં આવ્યો હતો. –આ જ અરસામાં દિલ્હી પાટનગરમાં એક લાખ જેટલા દિગંબર જૈનોનું સરઘસ વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીને મળ્યું હતું, ને સમાજની લાગણીઓ વ્યક્ત કરી હતી.

રાજકોટમાં એકકોર સીમંધરનગરમાં સીમંધરનાથનો સન્દેશ હજારો શ્રોતાઓને ગુરુદેવ સંભળાવતા હતા, તો સામે આરસના સમવસરણ અને માનસ્તંભની બાકીની રચનાઓ પૂરી કરવા ઝડપભેર કામ ચાલતાં હતાં, ને સાથે સાથે પંચકલ્યાણક ઉત્સવની તૈયારીઓ ચાલતી હતી......પરંતુ એ બધાની તૈયારી થાય ત્યારપહેલાં તો વૈશાખ સુદ બીજી ઊડતી ઊડતી રાજકોટમાં આવી પહોંચી ને કહાનજન્મની મીઠી વધાઈ લેતી આવી. એકાએક ઘંટનાદથી પાટનગરના પ્રજાજનો ઝબકીને જાગી ઊઠયા. આજના પ્રવચનમાં બીજનું દ્રષ્ટાંત આપીને ગુરુદેવે બોધીબીજનો મહિમા સમજાવ્યો. હજારો ભક્તોએ જન્મોત્સવની ખુશાલી વ્યક્ત કરી. ૭૬ દીપકોથી જિનદેવની આરતી થઈ; બાલિકાઓએ ગુરુજન્મનું ‘આનંદ નાટક’ કર્યું આ રીતે ગુરુદેવનો જન્મોત્સવ ઊજવીને સૌરાષ્ટ્રનું પાટનગર ધન્ય બન્યું.

વૈશાખ સુદ ૧ થી ૧૨ સુધી પંચકલ્યાણક પ્રતિષ્ઠાની વિધિ થઈ; કલ્યાણકનાં એ પાવન દ્રશ્યો જોઈને ધર્મપ્રેમી જનતા આશ્ચર્યમુગ્ધ બની. વૈશાખ સુદ બારસે તો એ સમવસરણ સીમંધરનાથ વડે શોભી ઊઠયું. અહા! સાધકોના પ્રતાપે આ ભરતક્ષેત્રમાં પણ સીમંધરનાથનું સમવસરણ આવ્યું–એક રીતે જોઈએ તો વિદેહના સમવસરણમાં સીમંધરપ્રભુ બોલે છે ને ભરતના સમવસરણમાં મૌન બેઠા છે, –એટલો જ ફેર છે ને! –પરંતુ બીજી રીતે જોઈએ તો, સીમંધરનાથ વિદેહમાં જે ઉપદેશ આપી રહ્યા છે તે ઉપદેશ સાક્ષાત્ સાંભળીને તેનો સાર કહાનગુરુદ્વારા આપણને ભારતમાં પણ મળી જ રહ્યો છે. અને ત્રીજી રીતે જોઈએ તો કહાનગુરુના હૃદયમાંથી જ એક ભાવિતીર્થંકરનો દિવ્ય નાદ નીકળી રહ્યો છે. –વાહ, કેવું મધુર છે ગુરુદેવનું જીવન! ને કેવા મધુર છે એનાં અતીત–અનાગતનાં સંભારણાં!

સમવસરણમાં અને માનસ્તંભમાં ગુરુદેવે ઘણા ભક્તિભાવે સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા કરી, હજારો ભક્તો આનંદપૂર્વક એ સાધ્ય–સાધકનું મિલન નીહાળી રહ્યા. સમવસરણમાં કુંદકુંદાચાર્યદેવની પણ સ્થાપના કરી. ગુરુદેવના પ્રભાવથી આ પંદરમો પંચકલ્યાણકમહોત્સવ થયો હતો. પ્રતિષ્ઠા પછી બીજે દિવસે (વૈ. સુદ તેરસે) ગુરુદેવ સોનગઢ પધાર્યા. અને ભરઉનાળામાં તત્ત્વપિપાસુઓ માટેની પરબ ફરીને ચાલુ થઈ.

આ વર્ષની શ્રાવણ વદ બીજે પૂ. બેનશ્રી ચંપાબેનના મંગલ જન્મદિવસે સભામાં પૂ. ગુરુદેવના શ્રીમુખથી હાર્દિક પ્રમોદભર્યા ઉદ્‌ગારો સાંભળીને સભાજનો અતિ હર્ષિત થયા; –એ સુવર્ણપ્રસંગ ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે; તે ઉદ્‌ગારો અક્ષરશઃ લખાયેલા છે, ને અહીં આપવાનું મન થાય છે, પરંતુ તેઓશ્રીને પોતાની પ્રસિદ્ધિ પ્રત્યેની અત્યંત ઉદાસીનતાને કારણે તે મુલતવી રાખવું પડે છે. તેમનું ચાર ભવનું જાતિસ્મરણજ્ઞાન તેમ જ અનુભવજ્ઞાન વગેરેની પ્રસિદ્ધિ બાબત એકવાર ગુરુદેવે સહેજ વિચાર બતાવ્યો ત્યારે તેમણે સહજભાવે કહ્યું કે ગુરુદેવ! એ બધો તો આપનો પ્રતાપ છે; બહાર પ્રસિદ્ધિનું શું કામ છે?' ગુરુદેવ કોઈવાર આ પ્રસંગ યાદ કરીને એમની ગંભીરતાનો મહિમા બતાવે ત્યારે સાંભળનારા આશ્ચર્ય પામે છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે આવાં બે બહેનો પાક્યાં છે તે મંડળની બહેનોનું મહાભાગ્ય છે.

શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના નિવૃત્તપ્રમુખ મુરબ્બીશ્રી રામજીભાઈ માણેકચંદ દોશીએ આ સંસ્થાની શરૂઆતથી જ જે સેવાઓ કરી છે, ને પચીસેક વર્ષ સુધી સંસ્થાના પ્રમુખપદે રહીને સંસ્થાનો જે વિકાસ કર્યો છે, તે બદલ તેમના ૮૩ મા જન્મદિવસે (ભાદરવા સુદ ચોથે) તેમના સન્માનનો એક મેળાવડો યોજવામાં આવ્યો હતો; અને પ્રમુખશ્રી નવનીતલાલભાઈની પ્રેરણાથી આ નિમિત્તે સાહિત્યપ્રચાર માટે એક લાખ રૂા. જેટલું ફંડ મુમુક્ષુઓમાંથી ભેગું થયેલ હતું. તે રકમમાંથી પચાસેક હજારના ખર્ચે સોનગઢમાં સ્વાધ્યાયમંદિરના ચોકમાં એક 'કુંદકુંદકહાનજૈનસરસ્વતીભવન' બંધાયેલ છે; તેનું ઉદ્‌ઘાટન ૨૦૨૨ ના ભાદરવા સુદ ચોથે જૈનસમાજના આગેવાન શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુ (કલકત્તા) ના હસ્તે થયું.

'આત્મધર્મ' માસિક–કે પહેલેથી જેના સંપાદક મુરબ્બીશ્રી રામજીભાઈ હતા, તેનો વધુ ને વધુ વ્યવસ્થિત વિકાસ થાય તે હેતુથી માનનીય પ્રમુખશ્રીએ બ્ર. હરિભાઈને તેનું સંપાદન સોપ્યું. અને ગુરુદેવની કૃપાદૃષ્ટિ ઝીલીને આત્મધર્મનો વધુ ને વધુ વિકાસ થવા લાગ્યો. આત્મધર્મની રજતજયંતીના વર્ષમાં તેનો ૩૦૦ મો અંક વાંચીને અત્યંત


પ્રમોદપૂર્વક ગુરુદેવના હૃદયમાંથી જે ઉદ્ગારો નીકળ્યા તે સાંભળતાં ગુરુદેવના મહાન અનુગ્રહનો ખ્યાલ આવતો હતો. ને આ આનંદપ્રસંગની યાદીમાં પ્રમુખશ્રી તરફથી સંપાદકને એક સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. આત્મધર્મનો હંમેશાં એક જ ઉદ્દેશ છે કે જે આત્મહિતકારી પરમસત્ય ઉપદેશ ગુરુદેવ આપણને સંભળાવી રહ્યા છે તે સર્વે જિજ્ઞાસુઓ સુધી પહોંચે, અને ગુરુદેવનો સત્યમહિમા જીવોને લક્ષગત થાય. આ ઉદ્દેશ સફળ થયો છે ને હજારો જિજ્ઞાસુઓ તેનો લાભ અત્યંત પ્રેમથી લઈ રહ્યા છે. ગુરુદેવદ્વારા થઈ રહેલી મહાન પ્રભાવનામાં 'આત્મધર્મ' નો મહત્વનો ફાળો છે અને આત્મધર્મ પણ તેનું અંગ બની ગયું છે. એના 'બાલવિભાગ' દ્વારા હજારો બાળકોમાં નાનપણથી જ ધર્મના ઊંડા સંસ્કાર રેડાઈ રહ્યા છે. એના મોટા ભાગના સભ્યો હંમેશાં જિનેન્દ્રદેવનાં દર્શન કરે છે, રાત્રિભોજન છોડી દીધું છે, સિનેમા જોતા નથી, રોજ તત્ત્વનો અભ્યાસ કરે છે, ને જૈનશાસનની સેવા કરવા માટે ખૂબ આતુર છે. પોતાને 'જિનવરના સન્તાન' કહેતાં તે ગૌરવ અનુભવે છે. એક તરફ ગુરુદેવના પ્રતાપે શ્રુતનાં મહાન રહસ્યો ખૂલતાં ગયાં ને વધુ ને વધુ શ્રુત પ્રભાવના થતી ગઈ, તો બીજી તરફથી બરાબર એ જ અરસામાં, પૂર્વના વીતરાગી સન્તોએ ગૂંથી રાખેલું દિવ્યધ્વનિ સાથે સંધિવાળું શ્રુત પણ ભંડારોમાંથી બહાર આવ્યું ને પુસ્તકોરૂપે છપાઈ–છપાઈને ગુરુદેવના હાથમાં આવવા લાગ્યું; એ વાંચીને ગુરુદેવ અત્યંત પ્રમોદિત થતા, ને તેમાંથી કોઈ અવનવા અપૂર્વ ન્યાયો જ્યારે પ્રવચનમાં કહેતા ત્યારે શ્રોતાજનો પણ ખૂબ ઉલ્લસિત થતા અને અત્યંત બહુમાનથી એવી ભાવના થતી કે અહા, તીર્થંકરની એ દિવ્યધ્વનિ કેવી હશે! ને એનું રહસ્ય ઝીલનારા વીતરાગી સન્તો કેવા હશે! એમના પ્રત્યે પરમ ભક્તિથી હૃદય નમી પડતું. વિનયવાન શિષ્ય મતિજ્ઞાનના બળથી કેવળજ્ઞાનને બોલાવે છે; મતિજ્ઞાન તે કેવળજ્ઞાનનો અંશ છે; અંશદ્વારા પૂર્ણની પ્રત્યક્ષતા થાય છે; વસ્તુ પોતે પોતાના વિશેષ અંશરૂપે પરિણમે છે, તે વિશેષ પરમાંથી આવતું નથી; મુનિવરોને નિશ્ચય પ્રત્યાખ્યાનમાં આહારાદિની વૃત્તિનો પણ ત્યાગ. –વગેરે અનેક વિષયોનું રોમાંચકારી વર્ણન ષટ્ખંડાગમ વગેરેમાંથી અવારનવાર ગુરુદેવ પ્રવચનમાં કહે છે. ગુરુદેવ કહે છે કે ભગવાનની સીધી વાણી આ શાસ્ત્રોમાં ગૂંથાયેલી છે. આનાથી વિરુધ્ધ બીજા લોકોએ ભગવાનના નામે શાસ્ત્રો બનાવ્યાં છે, પણ એ ભગવાનની વાણી નથી. આમાં ભગવાનની વાણી ભવના અંતનો ભણકાર કરતી આવે છે. એ જ રીતે પર્યુષણ વગેરે પ્રસંગે દશલક્ષણધર્મ વગેરેનું સ્વરૂપ અનેરી શૈલીથી સમજાવીને ગુરુદેવ જૈનધર્મનું ખરું હાર્દ સમજાવે

છે. મહાવીરજયંતી જેવા પ્રસંગે ગુરુદેવ પ્રવચનમાં કહે છે કે ભગવાન મહાવીર શરીરમાં જન્મ્યા જ નથી, શરીરપણે તે ઊપજ્યા જ નથી. એ એમની નિર્મળ જ્ઞાનપર્યાયોપણે જ ઊપજે છે. –એવી પર્યાયમાં વર્તતા આત્મા તરીકે જે ભગવાનને ઓળખે તેણે ખરા મહાવીર ભગવાનને ઓળખ્યા છે. દીપાવલી પ્રસંગે ભગવાનના મોક્ષનો અપાર મહિમા કરીને સાથે સાથે કહેશે કે– ભાઈ, જેવા નિધાન ભગવાન પાસે છે તેવા જ નિધાન તારા આત્મામાં ભર્યા છે, તેને તું ઓળખ, તો તારામાં પણ આવી મોક્ષદશા પ્રગટે.

કેવી અપૂર્વ રજૂઆત! મુમુક્ષુઓ તો નિજનિધાન સાંભળતાં રાજી રાજી થઈ જાય છે. આત્માને સાધવા માટે ગુરુદેવની આવી વાણી મુમુક્ષુને શૂરાતન ચડાવે છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે શુદ્ધાત્માને ધ્યેય બનાવીને ધર્મી જીવોનો સંઘ મોક્ષપુરીમાં ચાલ્યો જાય છે, –હે જીવ! તું પણ એમાં ભળી જા! સ્વાનુભવીની અંદરની જ્ઞાનચેતનાનું સ્વરૂપ અને તે અંગે થયેલી ચર્ચા ગુરુદેવ કોઈવાર કહે છે, તે ચર્ચા જ્ઞાનીનું સાચું હૃદય સમજાવનારી છે. (આત્મધર્મ અંક ૨૬૬, પૃ. ૪૫ માંથી એ વાંચવા–વિચારવા જિજ્ઞાસુઓને ભલામણ કરીએ છીએ.) ખરેખર, અનુભવના ઊંડાણમાંથી અધ્યાત્મરસનું મધુર ઝરણું ગુરુદેવ સદા વહેવડાવી રહ્યા છે. તેનું રસપાન કરતાં એમ લાગે છે કે અહા, જાણે કે કોઈ બીજા જ અગમ્ય દેશમાં વિચરતા હોઈએ, ને આ સંસારથી દૂર દૂર ક્યાંક ચાલ્યા ગયા હોઈએ.

મધ્યપ્રદેશમાં ગુરુદેવનો વિહાર થયા પછી ઉજ્જૈન, ભોપાલ, ઇન્દોર, ગુના, અશોકનગર વગેરે અનેક શહેરોના મુમુક્ષુમંડળમાં વિશેષ જાગૃતિ આવી, અને ‘મધ્યપ્રાંતીય મુમુક્ષુમંડળ’ સં. ૨૦૨૨ માં સ્થપાયું; તેના દ્વારા જૈન શિક્ષણ શિબિર વગેરે યોજનાઓ વડે તત્ત્વજ્ઞાનનો સારો પ્રચાર થાય છે. એનું ઉદ્ઘાટન મધ્યપ્રદેશના પ્રધાન શ્રી મિશ્રિલાલજી ગંગવાલે કર્યું હતું; તેમને ગુરુદેવ પ્રત્યે ઘણો આદર છે, ને ગુરુદેવ ભોપાલ પધાર્યા ત્યારે તેમને ત્યાં જ ઉતારો હતો. ભારતના મોટાભાગમાં ગુરુદેવના પ્રવાસ દરમિયાન ઠેર ઠેર ઊમટેલી જૈનમેદની નજરે જોતાં આ લેખકનું દ્રઢ અનુમાન છે કે ભારતમાં જૈનોની વસ્તી એક કરોડ જેટલી હશે.

સં. ૨૦૨૨ ના પોષમાસમાં એવો યોગાનુયોગ બન્યો કે અહીં સોનગઢમાં ગુરુદેવને એક સ્વપ્ન આવ્યું જેમાં વીરજીભાઈ દેવલોકમાં દેખાયા; તે જ વખતે જામનગરમાં પથારીવશ વીરજીભાઈએ ગુરુદેવના દર્શનની ઈચ્છા વ્યક્ત કરી. –આથી



ગુરુદેવ જામનગર તેમને દર્શન આપવા ગયા હતા. એ પ્રસંગે જામનગરમાં કેટલાય જિજ્ઞાસુઓએ ગુરુદેવના પ્રવચનનો લાભ લીધો હતો.

આ ફાગણ સુદ બીજે સોનગઢ–જિનમંદિરમાં સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાના પચ્ચીસ વર્ષની પૂર્ણતાનો મહાન રજતજયંતી–ઉત્સવ ઉજવાયો હતો, આમ તો પ્રતિષ્ઠાનો એ દિવસ દરવર્ષે આઠ દિવસ સુધી બહેનોમાં ગીત–ભક્તિપૂર્વક ઉજવાય જ છે, પણ આ રજતજયંતીના ઉત્સવનો ઉલ્લાસ અદ્‌ભુત હતો. પચીસ વર્ષ પહેલાં બંધાયેલું ૩૫ ફૂટ ઊંચું જિનમંદિર પચીસ વર્ષમાં તો ૭૫ ફૂટ ઊંચું થઈ ગયું, –જાણે કે ગુરુદેવની પ્રભાવનાવૃદ્ધિ સાથે તે પણ વધવાની હરીફાઈ કરતું હોય! મંદિરની અંદર સુંદર પૌરાણિક ચિત્રો દીવાલમાં કોતરેલાં છે. –અને સીમંધર ભગવાનની શોભા તો એવી અદ્‌ભુત છે કે જેવી અદ્‌ભુત સાધકની પરિણતિ! સોનગઢમાં આવીને એકવાર પણ એ દિવ્યપ્રભુની પ્રશાંત મુદ્રા જોનાર જીવનભર એને ભૂલતા નથી, સાધકસન્તોદ્વારા હંમેશા જેમનું સ્તવન થતું હોય–એ સાધ્યના મહિમાની શી વાત! અહા, ઉત્સવ વખતે

રથયાત્રામાં ચાંદીના રથમાં સીમંધર ભગવાનના સારથિ તરીકે ગુરુદેવ બેઠા હતા. –ખરું જ છે, આજે આ ભારતમાં જિનનો રથ તો તેઓ જ ચલાવી રહ્યા છે ને!! ‘जिन’ અને जिनका ભક્ત कानजी– એ બંનેને રથારૂઢ દેખીને ભક્તો બહુ જ પ્રસન્ન થતા હતા. (અગાઉ ઉજ્જૈન અને ભોપાલમાં પણ જિનરથના સારથિ તરીકે ગુરુદેવ બેઠા હતા.) સીમંધરનાથ પ્રભુજીના પ્રતાપે ભારતમાં આજે મહાન ધર્મ પ્રભાવના થઈ રહી છે. તેમના પ્રતિનિધિ કહાનગુરુ તેમની પાસેથી અહીં આવીને તેમના શાસનને શોભાવી રહ્યા છે.

સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાની રજતજયંતી પછી તુરત ગુરુદેવની ૭૭ મી જયંતી પણ આવી પહોંચી. સોનગઢમાં આ જન્મજયંતી પાંચ વર્ષ બાદ ઉજવાતી હોવાથી નવા જ ઉલ્લાસથી ઉજવાઈ હતી. તે નિમિત્તે સિદ્ધચક્રમંડલવિધાન પૂ. બેનશ્રી–બેન તરફથી થયું હતું. સવારમાં સીમંધરનાથના દર્શન કરીને, ૭૭ કમાનોવાળા આમ્રફળોથી ઝૂલતા સુશોભિત માર્ગમાં થઈને ગુરુદેવ મંગલમંડપમાં પધાર્યા, –તે મંડપની છતમાં ચામર–છત્ર વગેરે ૭૭ મંગલવસ્તુઓ ઝૂલતી હતી; ૭૭ કળશ, ૭૭ સ્વસ્તિક અને ૭૭ દિપકોની હારમાળા શોભતી હતી, મંડપ વચ્ચે સુંદર ધર્મચક્ર ફરતું હતું. બીજના દિવસની સવારના પાંચ વાગે કહાનજન્મની મંગલવધાઈથી આખું સોનગઢ ગાજી ઊઠયું, ઘંટનાદ ને વાજિંત્રો વાગવા માંડયા. હજારો ભક્તોએ હૈયાના ઉમંગથી ગુરુદેવની જન્મજયંતી ઊજવી. જિનવાણીની અદ્ભુતરથયાત્રા ચાંદીના રથમાં નીકળી –એના સારથી તરીકે કોણ બેઠું હશે, કહો જોઈએ? જિનવાણીના રણકાર જેના હૃદયમાં ગુંજે છે એવા ગુરુદેવ એના સારથિ હતા. મંગલપ્રભાતમાં ‘આજ મારે સોના સમો રે સૂરજ ઊગિયો’ –એમ બહેનો ગાતાં હતાં. ત્યારે પ્રવચનમાં એ વાત યાદ કરીને ગુરુદેવે એમ ગાયું કે–

**મારા અંતરમાં સ્વસંવેદનથી ચૈતન્યસૂર્ય ઊગિયો જી.....**

**ચેતનના અંતરમાં સ્વસંવેદનથી સમકિતસૂરજ ઊગિયોજી.....**

-આમ અદ્ભુત સુપ્રભાત એ દિવસે ખીલ્યું હતું. અહા, આરાધક જીવનો જન્મ એ જ ખરો જન્મ છે–એમ આ જન્મોત્સવ જોતાં ખ્યાલ આવતો હતો. દેશોદેશના ભક્તો તરફથી ૨૦૦ જેટલા અભિનંદન સંદેશાઓ આવ્યા હતા. સોનગઢ ઉપરાંત ભારતનાં મોટાં–નાનાં અનેક શહેરોમાં પણ દરવર્ષે ગુરુદેવનો મંગલજન્મોત્સવ આનંદથી ઉજવાય છે.

આ જન્મોત્સવ પ્રસંગે ગુરુદેવની પાસે અવનવી વાતો સાંભળવા મળી તેમાંથી થોડાક પ્રસંગોનો અહીં ઉલ્લેખ કરીશું–

* ગુરુદેવે કહ્યું કે–શ્રુતજ્ઞાનીના હૃદયમાં સર્વજ્ઞ–તીર્થંકર બિરાજે છે એ વાત ઘણાં વર્ષો પહેલાં પહેલીવાર સાંભળી ત્યારે મને ખૂબ ગમી ગઈ; વાહ! જ્ઞાનીના હૃદયમાંથી તીર્થંકરભગવાન બોલે છે! જેના હૃદયમાં સર્વજ્ઞ બિરાજે છે એને અનંત ભવ હોતા જ નથી. એટલે સર્વજ્ઞે પણ એના અનંત ભવ દીઠા જ નથી. સર્વજ્ઞનો નિર્ણય જે જ્ઞાને કર્યો તે જ્ઞાનમાં ભવ છે જ નહિ. સર્વજ્ઞના નિર્ણય વગર તેમની વાણીનો (શાસ્ત્રનો) નિર્ણય થઈ શકે નહિ. સર્વજ્ઞનો એટલે કે જ્ઞાનસ્વભાવનો નિર્ણય એ જૈનશાસનની મૂળવસ્તુ છે, તે જ ધર્મનું મૂળ છે.

* નાના બાળકો પણ ગુરુદેવ સાથે અવારનવાર અવનવી વાત કરતા હોય છે. એક બાળકે પૂછયું–ગુરુદેવ! તમે ધોળા ને હું કાળો –એમ કેમ? ગુરુદેવ કહે–ભાઈ! આત્મા કાંઈ કાળો કે ધોળો નથી. શરીર ક્યાં આત્માનું છે? હું જીવ, ને તું પણ જીવ. બંને સરખા; બસ! જીવ તો શરીરથી જુદો રંગ વગરનો, જ્ઞાનસ્વરૂપ છે.

હું કાળો નથી, હું તો આત્મા છું, –એમ જાણીને તે બાળક ખુશી થયો.

* સં. ૧૯૮૯ ના માગશર સુદ દશમે ચેલા ગામે ગુરુદેવને એક સ્વપ્ન આવેલું; ગુરુદેવ તે વખતે સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા. સ્વપ્નામાં એક મોટી હૂંડી મળી, પણ તે હૂંડી સાથે સ્વપ્નમાં એમ પણ આવ્યું કે આ દુકાને (એટલે કે જે સંપ્રદાયમાં તમે છો તે સંપ્રદાયમાં) વટાવી શકાય તેમ નથી, તે વટાવવા બીજી દુકાન શાહુકારની એટલે કે વીતરાગમાર્ગી સન્તોની શોધવી પડશે. અને, આ સ્વપ્ન પછી થોડા વખતમાં (સં. ૧૯૯૧ માં) ગુરુદેવે હૂંડી વટાવીને તત્ત્વની મૂળ રકમ પ્રાપ્ત કરી.

*ગુરુદેવ કહે છે કે–

* સ્વાનુભૂતિ તે ધર્માત્માનું ખરું જીવન છે.

* સ્વાનુભૂતિ તે જ ધર્મના પ્રાણ અને ધર્મનું જીવન છે.

* સ્વાનુભૂતિને ઓળખે તો જ ધર્મીનું ખરું જીવન ઓળખાય છે.

* તારું જીવન ખરું તારું જીવન.....જીવી જાણ્યું તેં આત્મજીવન.

* એકવાર (સં. ૨૦૨૨ ના માગશર વદ અમાસે) ગુરુદેવે સર્વજ્ઞના મહિમા સંબંધી ખૂબખૂબ ભાવો ખોલ્યા; સર્વજ્ઞપદની ધૂનમાં તેઓ ઝૂલતા હતા, ત્યારે સર્વજ્ઞના અપાર મહિમાનું ઘોલન કરતાં કરતાં ગુરુદેવને સીમંધરનાથનું વિદેહક્ષેત્ર સાંભરી આવ્યું, ને તેમનું હૃદય પરમભક્તિથી, કંઈક વિરહની વેદનાપૂર્વક બોલી ઊઠયું–

હમ પરદેશી પંથી સાધુ જી....આ રે દેશકે નાંહી જી....
સ્વરૂપ સાધી સ્વદેશ જાશું, રહેશું સિદ્ધપ્રભુ સાથ જી....
હમ પરદેશી પંથી સાધુ જી....

–પછી તો વિદેહક્ષેત્રની કેટલીયે વાતો યાદ કરી; ધર્માત્માઓ સાથેના કેટલાય પ્રસંગો યાદ કર્યા. ગુરુદેવ કહે છે કે અમે વિદેહમાં ભગવાન પાસે હતા ત્યાંથી અહીં આવ્યા છીએ. રામનું સોણલું ભરતને મળ્યું તેમ વિદેહથી અમે ભરતમાં આવી ગયા છીએ. અમારા ઘરની આ વાત નથી, આ તો સાક્ષાત્ ભગવાન પાસેથી આવેલી વાત છે. જેનાં મહાન ભાગ્ય હશે તે આ સમજશે.

*ઘણાં વર્ષો પહેલાં ગુરુદેવે એકવાર સ્વપ્નમાં દરિયો દેખ્યો. તેમાં અપાર મોજાં ઊછળતાં હતાં, પણ પોતાને જે તરફ જવાની ઈચ્છા થાય તે તરફના દરિયામાં વચ્ચે રસ્તો બની જાય. એ રીતે ઊછળતા દરિયા વચ્ચે પણ નિર્વિઘ્નમાર્ગ પ્રાપ્ત થઈ ગયો, કુદરતે માર્ગ કરી આપ્યો. તેમ આ પંચમકાળમાં મિથ્યામાર્ગના ઊછળતા દરિયા વચ્ચે પણ ગુરુદેવે યથાર્થ માર્ગ શોધી કાઢયો ને તે માર્ગે ગમન કર્યું. જીવ તૈયાર થાય ત્યાં જગતમાં માર્ગ હાજર જ છે.

–આમ ધર્મના અવનવા મધુર સંભારણાંપૂર્વક આનંદથી વેશાખ સુદ બીજ ઊજવી.

આ અરસામાં એક વિશેષ ઘટના એ બની કે પાંચ વર્ષની બાલિકા (વજુભાઈની પૌત્રી) રાજુલને જાતિસ્મરણજ્ઞાન હોવાની વાત પ્રસિદ્ધિમાં આવી. પૂર્વભવે (એટલે કે પાંચ જ વર્ષ પહેલાં) તે જુનાગઢમાં હતી ને તેનું નામ ગીતા હતું. તે વખતનાં તેનાં માતા–પિતા અત્યારે પણ જુનાગઢમાં હયાત છે. રાજુલબેનનો પરિચય આપતાં સભામાં ગુરુદેવે કહ્યું કે આ રાજુલને તો જાતિસ્મરણમાં આ જ ક્ષેત્ર સાથેનો સંબંધ, એટલે તેના પુરાવા બહારમાં પણ બતાવી શકાય; પરંતુ બેનને તો આત્માના જ્ઞાન ઉપરાંત વિદેહક્ષેત્રસહિત ચાર ભવનું જ્ઞાન છે. તે બધું અંદરના પુરાવાથી સિદ્ધ થઈ ગયેલું છે, પણ અહીંના જીવોને તે કઈ રીતે બતાવી શકાય?

વૈશાખ સુદ બીજ પછી તરત પંદર દિવસ માટે ગુરુદેવ રાજકોટ પધાર્યા, ને વૈશાખ વદ પાંચમે પુનઃ સોનગઢ પધાર્યા. સોનગઢના શાંત–અધ્યાત્મ વાતાવરણમાં વનજગલમાં એકવાર ફરીને ગુરુદેવને મુનિદર્શનના કોડ જાગ્યા કે અહા, કોઈ દિગંબર સંત–મુનિ અત્યારે અચાનક આકાશમાંથી ઊતરીને દર્શન આપે તો કેવું સારું! મુનિના વીતરાગી દેદાર નજરે દેખીએ, એમના મુખથી છૂટતી અધ્યાત્મની ધારા સાંભળીએ, ને એમના ચરણને ભક્તિથી સેવીએ. અત્યારે વિદેહમાં તો ઘણાય મુનિવરો છે, તેમાંથી કોઈ એકાદ મુનિરાજ આકાશમાર્ગે પધારીને દર્શન આપો. –તે ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય!

એકવાર ( વીસેક વરસ પહેલાં ) બપોરના સમયે ગુરુદેવ બહાર જંગલમાં ગયેલા ત્યારે કોઈ વિચારની ધૂનમાં ને ધૂનમાં લાંબો વખત બેસી રહ્યા. ટાઈમ થવા છતાં ગુરુદેવને પાછા આવેલા ન દેખીને અહીં સ્વાધ્યાયમંદિરમાં તો કેટલાય માણસોમાં ચિન્તા થઈ પડી ને ચારેકોર શોધખોળ થઈ પડી. અંતે એકાદ કલાકની ચિન્તા પછી, તેઓ તો પોતાની મસ્તીમાં મસ્તપણે ચાલ્યા આવતા હતા! ગુરુદેવ પગપાળા કે ડોળી મારફત વિહાર કરતા ત્યારે કોઈવાર આવા વિચિત્ર પ્રસંગો બનતા.

સં. ૨૦૨૨ ના શ્રાવણ સુદ સાતમનો દિવસ ભારતભરમાં તેમજ સોનગઢમાં ‘સમ્મેદશિખર–દિન’ તરીકે ઉજવાયો હતો. આ અરસામાં, સમ્મેદશિખરસંબંધમાં દિગંબર જૈનસમાજના સંપૂર્ણ હક્કોની જાળવણી થાય તે પ્રકારના કરાર બિહાર–સરકાર સાથે થઈ ગયા હતા. શ્રાવણમાસના શિક્ષણવર્ગ દરમિયાન જયપુરથી દોઢસો જેટલા મુમુક્ષુઓ ગુરુદેવને જયપુર પધારવાની વિનંતિ કરવા આવ્યા ને સોનગઢનું અધ્યાત્મવાતાવરણ દેખીને બહુ જ પ્રસન્ન થયા. મધ્યભારતના પ્રધાનશ્રી મિશ્રિલાલજી જૈન ગંગવાલ પણ સાથે જ હતા. જયપુરમાં ફાગણમાસમાં ટોડરમલ–સ્મારક ભવનનું ઉદ્ઘાટન તથા તેના ચૈત્યાલયમાં સીમંધરનાથની વેદીપ્રતિષ્ઠા થવાની હોવાથી ગુરુદેવે જયપુર જવાનું સ્વીકાર્યું. ગુરુદેવના મહાન પ્રભાવનાયોગને લીધે ઉપરાઉપરી ધર્મના મંગલ પ્રસંગો નિમિત્તે વિહાર થયા જ કરે છે.

ગુરુદેવને કોઈવાર વૈરાગ્યરસની અદ્ભુત ખુમારી જાગી હોય ને રાત્રિચર્ચામાં તે વ્યક્ત કરતા હોય, –ત્યારે આખી સભા વૈરાગ્યના રંગથી રંગાઈ જાય છે. નાનકડા રાજકુમાર કહેતા હોય કે હે માતા! આ રાજપટમાં ક્યાંય અમને સુખ લાગતું નથી, અમારું સુખ અમારા અંતરમાં છે. તેને સાધવા હવે અમે વનમાં જઈશું ને મુનિ થઈશું. હે માતા! તું રજા આપ. તું અમારી છેલ્લી માતા છો....હવે બીજી માતાના પેટે

અવતાર નહિ કરીએ, બીજી માતાને નહિ રોવડાવીએ....’ એમ કહીને કુમારો દીક્ષા લેતા હોય ને નાનકડા હાથમાં પીંછી–કમંડળ સહિત મુનિપણે વિચરતા હોય–એ દ્રશ્યો કેવા હશે! આવા પ્રસંગોનું તેમ જ સીતાજીના વનવાસ વગેરેનું વૈરાગ્યરસભીનું વર્ણન સાંભળતાં મુમુક્ષુને આ સંસારનો રસ તૂટી જાય છે ને તીવ્રમાં તીવ્ર વૈરાગ્યભાવો પોષાય છે. –અહા, જાણે આજે જ એ સંયમના વીતરાગમાર્ગે ચાલ્યા જઈએ.

ઘણીવાર રાતે ચિન્તન કરતાં કરતાં જાગેલી કોઈ મીઠી ચૈતન્યઊર્મિ સવારમાં ગુરુદેવ ભાવભીના ઉદ્ગાર વડે વ્યક્ત કરે છે. એકવાર ગુરુદેવે કહ્યું–પ્રભુ! તું પોતે અનંત શક્તિનું ધામ છો, પછી બીજા અંતર્જલ્પ કે બહિર્જલ્પ કરવાની વૃત્તિનું શું કામ છે? બહાર જતી વૃત્તિને છોડીને, એક અનંત શાંતિમય ધામ પ્રભુ આત્મામાં જ તું લયલીન થા....એની જ પ્રીતિ કરીને એમાં જ રમ.’

સાથે સાથે એક ભગવાનની વાત પણ સાંભળોઃ ભગવાન તો ખરા, પણ અદ્ભુત ને આશ્ચર્યકારી! સ્ફટિક જેવા ઊજળા...પણ એ શેમાંથી બનેલા ખબર છે? –મીઠી સાકરના અખંડ ગાંગડામાંથી કોતરેલા એ ભગવાન ખડ્ગાસન હતા. સાકરના ભગવાન એટલે જાણે મીઠા અમૃતરસથી ભરેલા, અતીન્દ્રિય આનંદથી ભરેલા; ને કામગીરી તો એવી આશ્ચર્યકારી કે જાણે શાશ્વતી રત્નની મૂર્તિ હોય.....ને બોલતી હોય! આવા અદ્ભુત એ ભગવાનને સં. ૨૦૨૩ ની શરદપૂર્ણિમાની રાતે ગુરુદેવે સ્વપ્નમાં દેખ્યા. અહો, શરદપૂનમે સાકરના પ્રભુદર્શનનો એ મીઠો સ્વાદ....એ મધુર આહ્લાદ! એ જિનપ્રતિમાના આનંદકારી દર્શનનું વર્ણન કરતાં ઉલ્લાસપૂર્વક ગુરુદેવ કહે છે કે એ પ્રતિમાની આશ્ચર્યકારી અદ્ભુતતાનું વર્ણન હું વચનથી બરાબર કહી શકતો નથી. જિનગુણચિન્તનમાં દિનરાત મગ્ન રહેનારા ગુરુદેવ સ્વપ્નમાંય અવારનવાર જિનદેવને દેખે છે. એ અમૃતસ્વાદમય સાકરના જિનપ્રતિમાનું દર્શન કોઈ મીઠા–મધુર પ્રભાવશાળી ફળની આગાહી સૂચવે છે. હે ગુરુદેવ! અમને પણ જિનમાર્ગના એ અમૃતનો મધુરસ્વાદ ચખાડો.

–અને એ સ્વપ્નનું મધુર ફળ ચાખવા માટે જ જાણે સિદ્ધભગવંતોના દેશમાં જવાનું ને સમ્મેદશિખરસિદ્ધિધામની યાત્રા કરવાનું નક્કી કર્યું. વાહ! ગુરુદેવ સાથે સંતોના ધામમાં જાશું ને ત્યાં ગુરુદેવ આપણને સિદ્ધભગવાન દેખાડશે.

પરમ સત્યતત્ત્વની ગંભીરતા અને ભારતની અત્યારની પરિસ્થિતિ જોઈને ગુરુદેવ કોઈ કોઈવાર કહે છે કે–બાપુ, આ કોઈ સાધારણ વાત નથી, આ તો સર્વજ્ઞ પરમાત્મા

પાસેથી આવેલો સત્યનો પ્રવાહ છે. અહીંના જીવોના ભાગ્યે આ મહા નિધાન આવી ગયા છે. જે આ નિધાનને ઠુકરાવશે તે પસ્તાશે. મહાભાગ્યે મળેલો આ અવસર ચૂકવા જેવો નથી. જગતના કોલાહલમાં ન રોકાતાં વીરરસ પ્રગટ કરીને આત્માને સાધી લ્યો.

સં. ૨૦૨૩ માં ફરીને ગુરુદેવનો મંગલવિહાર આવ્યો. પંચકલ્યાણકો, વેદીપ્રતિષ્ઠાઓ, સમ્મેદશિખરજી વગેરે તીર્થયાત્રાઓ, તેમ જ મહાન આનંદકારી એક અણધાર્યો પ્રસંગ–એ બધા મંગલકાર્યો માટે ગુરુદેવે પોષ સુદ ૧૨ ના રોજ સોનગઢથી પ્રસ્થાન કર્યું. ચાલો, આપણે પણ ગુરુદેવની સાથે જઈએ ને મંગલપ્રસંગોનું સાક્ષાત્ અવલોકન કરીને તેનો આનંદ લઈએઃ

'આત્માને સાધવા માટે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે નિજકાર્ય તે મંગળ છે' –એવા મંગલઉદ્ગારપૂર્વક ગુરુદેવે પ્રસ્થાન કર્યું ને અમરાપુર ગામે પહોંચ્યા; નાનકડા ગામમાં બ્ર. તારાબેન અને તેમના કુટુંબે સત્સંગનો અનેરો લાભ લીધો. પછી લાઠી થઈને અમરેલી પધાર્યા; પૂ. શાન્તાબેનનું આ ગામ. અહીં સં. ૧૯૮૬ થી માંડીને આજસુધીના કેટલાંય જૂનાં સંસ્મરણો ગુરુદેવે યાદ કર્યાં હતાં. ત્યાંથી જસદણ પધાર્યા ને જિનમંદિરમાં વર્ધમાન જિનેન્દ્રની પ્રતિષ્ઠાનો મહોત્સવ થયો. અહીંનું રાજકુટુંબ પણ પ્રવચનનો લાભ લેતું હતું.

જસદણ પછી ગુરુદેવ આંકડિયા ગામે પધાર્યા. 'આત્મધર્મ' માસિકના પ્રકાશનનો જ્યાંથી પ્રારંભ થયેલો એવા આ નાનકડા ગામના નવા જિનમંદિરમાં પંચકલ્યાણકનો મોટો ઉત્સવ થયો. ઉત્સવમાં આખા ગામની જનતાએ ભાગ લીધો. ગ્રામ્ય જનતાનો ઉત્સાહ પણ એવો કે કણબીલોકોનાં ટોળેટોળાં ગીત ગાતાં ગાતાં પ્રવચન સાંભળવા આવતાં હતાં. મંદિરનિર્માણ કરાવનાર સ્વ. શ્રી બાલચંદભાઈના બંધુ કપુરચંદભાઈ વગેરે તો આ પંચકલ્યાણકનાં દ્રશ્યો પહેલી જ વાર નીહાળીને એવા મુગ્ધ થઈ ગયા, કે તેમણે કહ્યું–વાહ! આ તો ભારે સરસ; હૃદય હલાવી નાખે એવું છે. અમે આવું તો કદી જોયું ન હતું. (ક્યાંથી જોયું હોય? પહેલાં તો સ્થાનકવાસી હતા ને?) અહીં તળાવના કિનારે ઊભા ઊભા ગિરનાર દેખાય છે, ને પંચકલ્યાણક નેમપ્રભુના જ થયા હતા. આ ઉત્સવપ્રસંગે અમરેલીના ભાવિ–જિનાલય માટે શ્રી શાંતિનાથ તથા સીમંધર ભગવાનના પ્રતિમાજીની પણ પ્રતિષ્ઠા થઈ હતી. ઉત્સવ વખતે ગામના યુવાન કણબીભાઈઓ પણ સમયસારનાં ગીત ગાતા હતા. પ્રતિષ્ઠા મહા સુદ એકમે થઈ હતી.

આંકડિયાથી અમરેલી–બરવાળા–ઉમરાળા ત્રણે ગામોથી પસાર થઈને રાણપુર તથા અમદાવાદ થઈને હિંમતનગર આવ્યા. અહીં મહાવીરનગર સોસાયટીમાં સવાલાખ રૂા. ના ખર્ચે નવું દિ. જિનમંદિર બંધાયેલ છે. અત્યંત ઉલ્લાસપૂર્ણ વાતાવરણ વચ્ચે ભવ્ય પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ થયો. હેલિકોપ્ટર–વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ પણ થઈ. આ પ્રસંગે પચીસેક હજાર માણસોનો આનંદમેળો થયો હતો. મૂળનાયક મહાવીરપ્રભુ અને ઉપર ખડ્ગાસન શાંતિનાથપ્રભુના પ્રતિમાજીથી જિનમંદિર ખુબ શોભે છે.

હિંમતનગર મહોત્સવ પછી અમદાવાદ થઈ, વચ્ચે એક ટંક સોનગઢમાં વિસામો લઈ ગુરુદેવ ભાવનગર પધાર્યા. ગુરુદેવે ૩૯ વર્ષ પહેલાં (સં. ૧૯૮૬ માં) ચંપાબેનને પહેલવહેલા અહીં ભાવનગરમાં જોયેલા; ને 'આ બેનનો આત્મા કોઈ અલૌકિક છે' એમ તેમને જોતાં જ થયેલું. પૂ. ચંપાબેન તો તે વખતે ૧૬–૧૭ વર્ષના જ હતા. આવા અનેક સંસ્મરણો ગુરુદેવે ભાવનગરમાં તાજા કર્યા હતા. ત્યાંથી અમદાવાદ, હિંમતનગર થઈને આબુ પહોંચ્યા; પછી શિરોહી, શિવગંજ અને પાલી આવ્યા. પાલી હીરાચંદજી મહારાજનું ગામ હોવાથી અનેક પ્રસંગો યાદ કરતા. દીક્ષા પછી એકવાર તેમણે કહેલું કે 'કાનજી! અમે તારી પાસે કામ કરાવવા તને દીક્ષા નથી આપી, પણ તું જૈનશાસનનો થાંભલો થા–એ માટે દીક્ષા આપી છે.' એ દીક્ષા તો ભલે દીક્ષાને ઠેકાણે રહી, પણ 'જૈનશાસનનો થાંભલો' થવાની આગાહી તદ્દન સાચી પડી.

પાલી પછી સોજત, કિસનગઢ, કુચામન થઈને વછરાજજી શેઠના લાડનૂ ગામે આવ્યા. અહીં વીસેકલાખ રૂા. ના ખર્ચે તૈયાર થયેલા સુખદેવ–આશ્રમમાં પ્રવેશતાં જ વિશાળ ચોકમાં ઊભેલા બાહુબલિભગવાન, માનસ્તંભ, અને અંદર જિનમંદિરમાં સુવર્ણબિંબ જેવા ઝગમગતા અતિ ભાવવાહી આદિનાથ ભગવાન, આજુબાજુ ભરત–બાહુબલી, કલામય તોરણદ્વાર વગેરેનાં દર્શનથી આનંદ થાય છે. આ ઉપરાંત જમીનમાંથી નીકળેલાં બીજાં પ્રાચીન મંદિરો પણ દર્શનીય છે. આ લાડનૂશહેરમાં ૨૭ વખત તો પંચકલ્યાણક ઉત્સવો થયેલા છે. લાડનૂ પછી સીકર થઈને તા. ૬–૩–૬૭ ના રોજ જયપુરશહેરમાં પ્રવેશ કર્યો.

## જયપુરનો પ્રભાવશાળી ઉત્સવ

અહીં પાંચેક લાખ રૂા. ના ખર્ચે શેઠ શ્રી પૂરણચંદજી ગોદિકાએ ટોડરમલ્લ–સ્મારક ભવન બંધાવેલ છે તેનું ઉદ્ઘાટન, તેમાં જિનબિંબની વેદીપ્રતિષ્ઠા, પં. ટોડરમલ્લજીનો દ્વિશતાબ્દી ઉત્સવ વગેરે પ્રસંગો હતા. ઉત્સવ માટે ખુબ ઉલ્લાસ ને મોટી તૈયારીઓ

હતી. એ જ સમયે કડક કરફ્યુ (ઘર બહાર નીકળવાનો કડક પ્રતિબંધ) આવી પડયો, તોપણ ઉત્સવ તો ચાલુ જ રહ્યો. ચારેકોર ભરી બંદૂક તાકીને લશ્કર ફરતું હોય તેની વચ્ચે પણ જગતમાં પરમ અહિંસાનો ધ્વજ ફરકાવનાર જિનદેવની પ્રતિષ્ઠાનો ઉત્સવ ઉજવાતો હતો. –તે દેખીને આશ્ચર્ય થાય તેવું હતું. મુલતાન નગર (કે જ્યાંના સાધર્મીઓ ઉપર પંડિતજીએ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી લખી હતી અને હાલ જે પાકિસ્તાનમાં છે) ત્યાંથી આવીને અહીં આદર્શનગરમાં રહેતા મુલતાની સાધર્મીભાઈઓની વિનંતીથી ગુરુદેવે ત્યાં પ્રવચન કર્યું હતું ને ટોડરમલ્લજીનો મહિમા કર્યો હતો. આદર્શનગરમાં નવું જિનાલય બે–ત્રણ લાખ રૂ.ના ખર્ચે સુંદર બંધાયું છે. તેમાં મુલતાનથી સાથે લાવેલાં સેંકડો જિનબિંબ છે, તેનાં દર્શન કર્યાં. સોનગઢમાં જે દિવસે સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા થઈ તે જ દિવસે (ફાગણ સુદ બીજે) જયપુરમાં પણ સીમંધર ભગવાનની પ્રતિષ્ઠા થઈ; ટોડરમલ્લજી–સ્મારકભવનનું ઉદ્ઘાટન થયું; ટોડરમલ્લજી જે જિનમંદિરમાં શાસ્ત્રવાંચન કરતા તે મંદિરમાં બસો વર્ષથી કલશ–ધ્વજ ચડયા ન હતા તે પણ આજે જ ગુરુદેવના સુહસ્તે મંગલસ્વસ્તિકપૂર્વક ચડયા; અને ત્યાં જ હજારો માણસોની સભામાં 'મોક્ષમાર્ગ એક જ છે, બે નથી' –એ વિષય ઉપર મોક્ષમાર્ગપ્રકાશકમાંથી ગુરુદેવે પ્રવચન કર્યું. અહા, કરફ્યુના બંધનમાં પડેલી જયપુરનગરી આજ કંઈક મુક્તિની હવા માણતી હતી. ટોડરમલ્લ–સ્મારકભવનનો વિસ્તાર ૬૫૦૦૦ ચોરસફૂટ કરતાં વધુ છે; ને તેના એક કમરામાં સીમંધરભગવાનનું ચૈત્યાલય છે. શેઠ શ્રી શાંતિપ્રસાદજી શાહુની અધ્યક્ષતામાં ટોડરમલ્લ–દ્વિશતાબ્દી મહોત્સવનું ઉદ્ઘાટન શેઠ શ્રી નવનીતલાલભાઈએ કર્યું. ને ગુરુદેવે 'મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન' એના ઉપર મંગલપ્રવચન કરીને વીતરાગવિજ્ઞાનનો મહિમા સમજાવ્યો. ટોડરમલ્લજી–ગ્રંથમાળાના પ્રથમ પુષ્પરૂપે મોક્ષમાર્ગપ્રકાશકની ૧૧૦૦૦ પ્રત પ્રકાશિત થઈ. જયપુર ઉત્સવ દરમિયાન ગુરુદેવ ખાનિયાજી તથા પદ્મપુરીના જિનમંદિરોનાં દર્શન કરવા ગયા હતા. સાંગાનેરનાં પ્રાચીન જિનાલયોનાં પણ દર્શન કર્યાં. સુંદરતાને લીધે દેશ–વિદેશમાં પ્રસિદ્ધ એવી આ જયપુરનગરીને ખરું ગૌરવ તો અહીંના કેટલાય જિનાલયો તથા ટોડરમલ્લજી વગેરે અનેક વિદ્વાનોએ જ આપ્યું છે. ટોડરમલ્લજીના જીવન ઉપર બાળકોનું સુંદર નાટક, તેમ જ સીતાજીના વનવાસ તથા અગ્નિપરીક્ષાનું પણ સુંદર નાટક થયું હતું. અને, જયપુર ઉત્સવના અંતિમ દિવસે ફાગણ સુદ પાંચમે મહાવીરપાર્કના પ્રવચનમાં દશેક હજાર માણસો હતા. એ દ્રશ્યો દેખીને વિદ્વાનો પણ આશ્ચર્ય પામતા. પછી જયપુરના ઈતિહાસમાં કદાચ અભૂતપૂર્વ એવી જિનેન્દ્રભગવાનની રથયાત્રા નીકળી હતી; જેમાં ૧૮ હાથી હતા,

કહાનગુરુ જિનરથના સારથિ હતા. અનેક વૈભવસમ્પન્ન એ રથયાત્રાને નીહાળીને લાખો લોકો આશ્ચર્ય પામતા, રાજસ્થાની–ગુજરાતી–મુલતાની સૌ ભક્તો, એકબીજાની સાથે ઉમંગથી જિનભક્તિ કરતા હતા. દશદશ દિવસના કરફ્યુની વેદનામાંથી છૂટેલી જયપુરનગરી આ અદ્‌ભુત રથયાત્રા દેખીને આનંદથી પ્રફુલ્લિત બની હતી. રથયાત્રાની પૂર્ણતા થતાં અઢાર હાથીઓએ સૂંઢ ઊંચી કરીને સલામી આપી, કે બરાબર તે જ વખતે કુદરતની અમીવૃષ્ટિરૂપે આકાશમાંથી ઝરમર છાંટણા વરસ્યા. અદ્‌ભુત હતો જયપુરનો એ પ્રભાવશાળી ઉત્સવ, –અને એથીયે વધુ રોમાંચકારી આનંદનો પ્રસંગ હજી બીજે દિવસે બનવાનો છે. –ક્યાં ? એ તો હમણાં આપ આ અંકમાં જ વાંચશો.

* * * * *

ફાગણ સુદ છઠ્ઠના રોજ જયપુરથી સમ્મેદશિખરજીના યાત્રાસંઘનું ૪૦૦ યાત્રિકો સહિત પ્રસ્થાન થયું. મહાવીરજીની પ્રશાંતમૂર્તિના દર્શન કર્યાં, અને ફાગણ સુદ સાતમે આવ્યા–બયાના શહેર.

## બયાનાશહેરમાં સીમંધર ભગવાનના દર્શનથી ગુરુદેવને અપૂર્વ ઉલ્લાસ અને ગુરુમુખથી પૂર્વભવનું આનંદકારી વર્ણન

બયાના શહેરમાં સીમંધરભગવાનના પ્રાચીન પ્રતિમાજી (સં. ૧૫૦૭ ના) બિરાજે છે; પ્રતિમાજી પરના શિલાલેખમાં લખ્યું છે કે– ‘पूर्व्व विदेहके तीर्थकर्ता श्री जीवन्तस्वामी श्री सीमंधरस्वामी।’ એ વિદેહીનાથના દર્શનથી ગુરુદેવને અલૌકિક ઊર્મિઓ જાગી, એમની સાથેના પૂર્વભવના સંબંધના સ્મરણો તાજા થયા ને પ્રવચન વખતે અત્યંત આનંદભર્યા વાતાવરણમાં એ વાત ગુરુદેવે પ્રસિદ્ધ કરી. મંગલપ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–અત્યારે સીમંધર ભગવાન પૂર્વવિદેહમાં તીર્થંકરપણે વિચરે છે. બે હજાર વર્ષ પહેલાં જેમની વાણી સાંભળીને કુંદકુંદાચાર્યદેવે શાસ્ત્રો રચ્યાં તે જ સીમંધર ભગવાન અત્યારે પણ બિરાજી રહ્યા છે. અમારે સોનગઢમાં પણ સીમંધર ભગવાનની સ્થાપના છે, અહીં સીમંધર ભગવાનના ૫૦૦ વર્ષ પ્રાચીન પ્રતિમાના દર્શનથી હમકો બડા પ્રમોદ આવ્યા.

આ સીમંધરભગવાન હમારા પ્રભુ હૈ, હમારા દેવ હૈ, તેમનો અમારા ઉપર મહાન ઉપકાર છે. આ પહેલાંના ભવમાં અમે તે ભગવાન પાસે હતા, પણ અમારી ભૂલના કારણે અહીં ભારતમાં આવ્યા છીએ. કુંદકુંદાચાર્યદેવ અહીંથી સીમંધરપરમાત્મા

પાસે આવ્યા ને ભગવાનની વાણી સાંભળી ત્યારે હમ ભી વહાં ઉપસ્થિત થે. આ દોનોં બહેનોંકા આત્મા ભી પુરુષભવમેં વહાં ઉપસ્થિત થે. ઓર વે હમારે મિત્ર થે. કુંદકુંદાચાર્યકો હમને સાક્ષાત્ દેખે હૈં, વિશેષ ક્યા કહેં? ઔર ભી બહુત ગંભીર બાત હૈ. સીમંધર પરમાત્માકા યહાં વિરહ હુઆ; યહાં કે ભગવાનકી બાત સુનકર ઔર આજ સાક્ષાત્ દર્શન કર હમકો બહુત પ્રમોદ હુઆ. ( ગુરુદેવના આ પૂર્વભવ સંબંધી દશ્ય આપ ગતાંકમાં જોઈ શકશો. )

આજે ગુરુદેવના અંતરમાં કોઈ જાુદો જ ઉમળકો હતો; એટલે અંતરમાં ઘૂંટાઈ રહેલી એક અત્યંત મહત્ત્વની સોનેરી વાત જાહેર કરી....સીમંધરનાથના દર્શનથી અંતરમાં જાગેલા વિદેહક્ષેત્રના મધુર સંભારણા આજે ગુરુદેવના હૃદયમાં આનંદની ઉર્મિઓ જગાડતા હતા; ને હૃદયના ઘણા ઘણા ભાવો ખોલવાનું મન થતું હતું. પૂ. શ્રી ચંપાબેનને પૂર્વના ચાર ભવનું જાતિસ્મરણ જ્ઞાન છે અને પૂર્વભવમાં સીમંધર ભગવાન પાસે હતાં, તે વાત પ્રસિદ્ધ કરતાં અત્યંત પ્રમોદ અને પ્રસન્નતાથી ગુરુદેવે કહ્યું કે–

જાુઓ, અહીં સીમંધર ભગવાન બિરાજમાન છે; સીમંધરભગવાનની અહીં સાક્ષી છે; આ ભગવાનની સાક્ષીમાં અહીં એ વાત પ્રસિદ્ધ કરું છે કે આ ચંપાબેનને ( સામે બેઠેલાં છે તેમને ) ચાર ભવનું જાતિસ્મરણ જ્ઞાન છે. આ બંને બહેનો ( ચંપાબેન અને શાન્તાબેન ) પૂર્વે મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન પાસે હતાં, ત્યાંથી અહીં આવ્યા છે. આ બે બેનો, હું તથા બીજા એક ભાઈ હતા–એમ ચાર જીવો ભગવાનની સમીપમાં હતા, પણ અમારી ભૂલથી અમે આ ભરતક્ષેત્રમાં આવ્યા. અહીં ૫૦૦ વર્ષ પ્રાચીન સીમંધર પ્રભુ બિરાજી રહ્યા છે, તેમને દેખીને ઘણો પ્રમોદ થયો. આ પરમાત્માની સમીપમાં હું આ વાત આજે અહીં ખુલ્લી મૂકું છું કે આ બેનો ને અમે પૂર્વે સીમંધર પરમાત્મા પાસે હતા ને આ ચંપાબેનને ચાર ભવનું જ્ઞાન છે. આત્માના જ્ઞાન ઉપરાંત તેમને તો ચાર ભવનું જ્ઞાન છે. આ સીમંધર ભગવાનની સાક્ષીએ સમાજમાં આ વાત બહાર પાડી છે. અમારા ઉપર ભગવાનનો મહા ઉપકાર છે.

અહા, સીમંધર ભગવાનની સમીપમાં ગુરુદેવના આવા પરમ ભાવભીના હૃદયઉદ્ગાર સાંભળીને શ્રોતાજનો હર્ષાનંદમાં તરબોળ બન્યા....યાત્રામાં સૌ ધન્યતા અનુભવવા લાગ્યા. વિદેહીનાથ સીમંધરપ્રભુની ગુરુદેવે મહાન આનંદપૂર્વક યાત્રા કરાવી.

એકેએક યાત્રિક બીજું બધું ભૂલીને સીમંધરનાથની ચર્ચામાં મશગૂલ હતા. બયાના નગરમાં જ્યાં જુઓ ત્યાં ગુરુદેવના આજના હર્ષોદ્ગારનું વાતાવરણ દેખાતું હતું. જયપુરના ભવ્ય ઉત્સવ પછી તરત આવો મહાન આનંદકારી પ્રસંગ બન્યો–એ ખરેખર સીમંધર ભગવાનના પ્રતાપે ભરતક્ષેત્રમાં મહાન ધર્મવૃદ્ધિ થવાનું સૂચવે છે.

જય હો જીવંતસ્વામી સીમંધરનાથનો......

જય હો સીમંધરનંદન ગુરુદેવનો........

જય હો વિદેહથી પધારેલા સન્તોનો.....

*****

આમ ઘણા જ પ્રમોદપૂર્વક ગુરુદેવે સીમંધરપ્રભુના ચરણસાન્નિધ્યમાં હૃદયના ભાવો ખોલ્યા. શ્રોતાજનોના હર્ષનો આજે પાર ન હતો. બયાનાની આવી આનંદકારી યાત્રાની તો કોઈને કલ્પનાય ન હતી. બયાના શહેર જાણે આજ સીમંધરનગર બની ગયું હતું. આજના આનંદકારી પ્રસંગની જ ચર્ચા ગુરુદેવ વારંવાર કરતા હતા. હજી પણ હૃદયના ઘણા ઘણા ભાવો ખોલવાનું ગુરુદેવનું મન હતું. પ્રસન્નચિત્તે ફરીફરી તેમણે કહ્યું–કોઈ લોકો કહે છે કે તમે સીમંધરપ્રભુની પ્રતિમા કેમ પધરાવી ? પણ ભાઈ, પ્રતિમા તો ૨૪ તીર્થંકરની તેમ જ વિદ્યમાન તીર્થંકરોની પણ હોય છે. અહીં પાંચસો વર્ષ પહેલાં સીમંધરપ્રભુની સ્થાપના થઈ છે–એ જ એનો મોટો પુરાવો છે; ને પ્રતિમા ઉપર સીમંધરપ્રભુનો લેખ અત્યંત સ્પષ્ટ છે. તેમને जीवन्तस्वामी એટલે કે વિદ્યમાન તીર્થંકર કહ્યા છે. તેમના દર્શન કરવાનો વિચાર હતો, તે આજે સફળ થયો; ને ભગવાનની સમીપમાં આ વાત પ્રસિદ્ધ કરી, તે મંગળ છે.

અહીં તો સીમંધર ભગવાનની સ્થાપના છે; ને મહાવિદેહમાં સાક્ષાત્ સીમંધર પરમાત્મા અત્યારે બિરાજે છે. આ ચંપાબેનને ૪ ભવનું જ્ઞાન છે. પૂર્વ ભવમાં અમે ચાર જીવો ભગવાન પાસે હતા, તે તેમના જ્ઞાનમાં સ્પષ્ટ ભાસ્યું છે; બીજું ભવિષ્યનું પણ ઘણું છે, આત્મજ્ઞાન ઉપરાંત તેમને તો ચાર ભવનું જ્ઞાન છે. ત્રીસ વર્ષે આજે અહીં સીમંધરભગવાનની સાક્ષીમાં એ વાત જાહેર કરું છું. પૂર્વભવમાં આ બે બેનો તથા મારો આત્મા ( ગુરુદેવનો આત્મા–રાજકુમાર તરીકે ) ત્યાં ભગવાનની સમીપમાં હતા. ત્યાંથી અમે ચાર જીવો આ ભરતક્ષેત્રમાં આવ્યા છીએ. અહીં ભગવાનની સમીપમાં આજે સમાજમાં આ વાત હું જાહેર કરું છું.

ગુરુદેવના શ્રીમુખથી વારંવાર આવી આનંદકારી જાહેરાત સાંભળતા ભક્તોને ઘણો જ હર્ષ થતો હતો. આમ તો ગુરુદેવ ઘણા ભક્તોને અવારનવાર એ વાત કરતા, પણ ભરસભા વચ્ચે, આટલી પ્રસન્નતાપૂર્વક અને સીમંધર ભગવાનની સાક્ષીમાં ગુરુદેવે આજે જે પ્રસિદ્ધિ કરી તે ખાસ નવીનતા હતી. ને શ્રોતાજનો એ સાંભળી ધન્યતા અનુભવતા હતા. વાહ! આજની યાત્રા સફળ થઈ. ગુરુદેવ પણ અહીંના પ્રસંગને ફરી ફરી સેંકડોવાર આનંદથી યાદ કરે છે. ને વિદેહના સાધર્મીઓ પણ આ વાત જાણીને આનંદિત થતા હશે.

જાણે વિદેહક્ષેત્રની યાત્રા કરતા હોય એવા ઉમંગથી આ બયાનાની યાત્રા કરીને ગુરુદેવે આ સીમંધર ભગવાનને સારા ભારતમાં પ્રસિદ્ધ કરી દીધા. એટલું જ નહિ, એ સીમંધર ભગવાન સાથેના પૂર્વભવના સંબંધને પણ આનંદપૂર્વક પ્રસિદ્ધ કરીને મહાન મંગલ કર્યું.

## સીમંધર ભગવાનનો જય હો!

બપોરે પણ ફરીફરીને સીમંધરનાથનું અવલોકન કરવા ગુરુદેવ પધાર્યા હતા; વારંવાર સૂક્ષ્મતાથી અવલોકન કરતાં તેમના અંતરમાં અવનવા ભાવો જાગતા હતા; ને પૂર્વનાં ઘણા મધુર સ્મરણો તાજાં થતાં હતા. ભક્તોને ત્યારે એમ થતું હતું કે અહીં આ ભરતક્ષેત્રમાં સં. ૧૫૦૭ માં જ્યારે આ સીમંધરભગવાન સ્થપાતા હશે ત્યારે ગુરુદેવ અને પૂ. બેનશ્રી–બેન વગેરે આત્માઓ તો વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ સીમંધરનાથને સેવતા હશે! એ વખતે બયાનામાં કોને કલ્પના હશે કે ૫૧૬ વર્ષ પછી સાક્ષાત્ સીમંધર ભગવાન પાસેના ભક્તો અહીં આવીને આ સીમંધરનાથનાં દર્શન–પૂજન કરશે! બપોરે ભક્તોને ભાવના જાગી કે ગુરુદેવ સાથે અહીં આવ્યા છીએ તો ચાલો, ભગવાનનો અભિષેક પણ કરીએ ને ગુરુદેવ પાસે પણ અભિષેક કરાવીએ. ઉત્સાહથી અભિષેક માટેની ઉછામણી થઈ, ને ગુરુદેવે સ્વહસ્તે ભાવભીના ચિત્તે પોતાના વહાલા નાથનો અભિષેક કર્યો. ગુરુદેવના હસ્તે સીમંધરનાથના અભિષેકનું દ્રશ્ય દેખીને યાત્રિકસંઘમાં તેમજ બયાનાની જનતામાં હર્ષપૂર્વક જયજયકાર છવાઈ ગયો. અને સીમંધરનાથની આ યાત્રાની ખુશાલીમાં કુલ રૂા. ૫૫૫૫ (પાંચ હજાર પાંચસો પંચાવન) જિનમંદિર (બયાના) ને અર્પણ કરવામાં આવ્યા. બપોરના પ્રવચનમાં પણ ગુરુદેવે વારંવાર પ્રમોદ વ્યક્ત કર્યો હતો. પ્રવચનનું સ્થાન બરાબર સીમંધર ભગવાનની સન્મુખ નિકટમાં જ હતું. તેથી ગુરુદેવને વિશેષ ભાવો ઉલ્લસતા હતા. (એ પ્રવચન માટે જુઓ આત્મધર્મ

અંક ૨૮૨ ) આજે દિવસ પણ ફાગણ સુદ સાતમ હતો; ( દશ વર્ષ પહેલાં આ જ દિવસે સમ્મેદશિખરજીની યાત્રા કરી હતી, ને અત્યારે પણ તેની જ જાત્રા કરવા જઈ રહ્યા હતા. ) પ્રવચન પછી ફરી સીમંધરપ્રભુના દર્શન કરીને બયાનાથી પ્રસ્થાન કર્યું.

## સમ્મેદશિખર-યાત્રા કરીને સોનગઢ તરફ

બયાના પછી ફિરોઝાબાદ, જસવંતનગર, ઈટાવા, કાનપુર, અલ્લાહાબાદ ( પ્રયાગ ) થઈને ફાગણ સુદ ૧૧ ના રોજ બનારસ ( કાશી ) પહોંચ્યા. ચાર પ્રભુના જન્મધામની યાત્રા કરી, પછી ડાલમિઆનગર થઈને સમ્મેદશિખર પહોંચ્યા, ને ફાગણ સુદ પૂનમે આનંદપૂર્વક એ સિદ્ધિધામની યાત્રા કરી. છેલ્લી પારસટૂંકે ગુરુદેવે સ્તવન ગવડાવ્યું ને 'સમ્મેદશિખરજીકી જય હો....જય હો' એવા હસ્તાક્ષર કરી આપ્યા. ત્યારપછી ગિરડીહ, ઋજાુવાલિકા ( બરાકર ) નદી, ઈસરી–આશ્રમ પાવાપુર, રાજગૃહી–વિપુલાચલ, નાલંદા, કુંડલપુર, કોડરમા, ઝૂમરીતલૈયા, હજારીબાગ થઈને રાંચી આવ્યા. અહીં બ્ર. કોકિલાબેન અને તેમના પરિવારે તથા અન્ય મુમુક્ષુઓએ વિશેષ ઉત્સાહથી લાભ લીધો. ફાગણ વદ દશમે રાંચીથી પ્રસ્થાન કર્યું, ને ધનબાદ, આસનસોલ, ચિન્સુરા થઈને કલકત્તા પહોંચ્યા. કલકત્તામાં ત્રણ દિવસ રહી ધનબાદ અને ઈસરી બબ્બે દિવસ રહ્યા. થાકને કારણે તબિયત જરા અસ્વસ્થ હોવાથી સિદ્ધિ ધામની મધુરી છાયામાં ( ઈસરીમાં ) વિશ્રામ લીધો. ( ગયા, ફત્તેહપુર તથા મૈનપુરના કાર્યક્રમો રદ કરવા પડયા. ) ઈસરીથી ટ્રેઈનદ્વારા કલકત્તા, ત્યાંથી વિમાન દ્વારા આગ્રા થઈ ફિરોઝાબાદ આવ્યા; શેઠશ્રી છદામીલાલજીએ ઉત્સાહથી સ્વાગત કર્યું. ત્યારબાદ બુલન્દશહેર, ગાઝિયાબાદ અને શહાદરા થઈને દિલ્હી આવ્યા. લાલમંદિરની બાજાુના મંડપમાં પ્રવચનો થતાં હતાં, ભવ્ય રથયાત્રા નીકળી હતી, તથા સમન્તભદ્રવિધાલયમાં વિદ્યાનંદજી મહારાજ સાથે મુલાકાત પણ થઈ હતી. પછી મથુરા–સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને, આગ્રામાં મહાવીર–જયંતી કરી, ને જયપુર પધાર્યા; થાક અને ગરમીના કારણે અહીં ગુરુદેવે ચાર દિવસ આરામ લીધો. ( –આથી અજમેર, ચિત્તોડ, કુણ અને ભીંડરનો પ્રવાસ રદ કરવો પડયો. કુણગામમાં વેદીપ્રતિષ્ઠા થઈ હતી. ) જયપુરથી પ્લેનદ્વારા ઉદયપુર આવ્યા. ૧૨ માઈલ દૂર ડબોક ગામે એક દિવસ આરામ કર્યો. ચૈત્ર વદ પાંચમે ઉદેપુરમાં પ્રવેશ કર્યો ને નવા જિનાલયમાં વેદીપ્રતિષ્ઠાનો ભવ્ય ઉત્સવ ઉજવાયો. રાણાપ્રતાપની આ રળિયામણી નગરી કુદરતી સૌન્દર્ય અને જૈનધર્મના પ્રાચીન ગૌરવથી શોભી રહી છે. અહીં એક મંદિરમાં આરસના સમ્મેદશિખરની મોટી રચના

છે. ભવ્ય રથયાત્રા માટે અજમેરથી આવેલા સોનેરી રથમાં સારથિ તરીકે કહાનગુરુ બેઠા હતા; ઉદેપુરમાં ચંદ્રપ્રભસ્વામી વગેરે ભગવંતોની પ્રતિષ્ઠા કરીને ગુરુદેવે ગુજરાતમાં પ્રવેશ કર્યો ને બામણવાડા આવ્યા, ત્યાંથી અમદાવાદ થઈને બોટાદ આવ્યા; બોટાદ શહેરમાં આનંદપૂર્વક ગુરુદેવનો ૭૮મો જન્મોત્સવ ઉજવાયો. વૈશાખ સુદ ત્રીજે રાજકોટ પધાર્યા ને ત્યાં જૈનશિક્ષણવર્ગ ચાલ્યો. વૈશાખ વદ ૯ ના રોજ પુનઃ સોનગઢમાં પધાર્યા. સોનગઢમાં આવતાંવેંત મંગલમાં સ્વાનુભવરસનો મહિમા કરતાં કહ્યું કે સ્વાનુભૂતિમાં વેદાતો શાંતરસ તે 'રસેન્દ્ર' છે, સર્વ રસોમાં તે જ શ્રેષ્ઠ છે. આમ શાંતરસનું અધ્યાત્મ–ઝરણું સોનગઢમાં વહેવા લાગ્યું.

(બાકીનો ભાગ આવતા અંકે)

*****

# આત્માનો રોગ અને તેની દવા

આત્મભ્રાંતિ સમ રોગ નહિ,
સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ,
ઔષધ વિચાર ધ્યાન.

'હું કોણ છું' એની જેને ખબર નથી, પોતે પોતાના જ સ્વરૂપને ભૂલી ગયો છે. એવી આત્મભ્રાંતિ તે મોટો રોગ છે, ને તેને લીધે જીવ મહાદુઃખોથી પીડાય છે. આત્મભ્રાંતિ સમાન બીજો કોઈ રોગ જગતમાં નથી; કેમ કે દેહમાં રોગાદિ થાય તેનું દુઃખ કાંઈ જીવને નથી, જીવને પોતાના મિથ્યાત્વરોગનું જ મહા દુઃખ છે.

એ રોગ કેમ મટે? –તો કહે છે કે તે માટે હે ભવ્ય! તું જ્ઞાની સદ્ગુરુને સાચા વૈદ જાણીને તેમનું સેવન કર; સદ્ગુરુની આજ્ઞારૂપ પથ્યનું સેવન કર. ને ગુરુએ જેવું આત્મસ્વરૂપ બતાવ્યું તેવા સ્વરૂપનો વિચાર અને ધ્યાન કર. –એ જ આત્મરોગ મટાડવાનું અમોઘ ઔષધ છે. શ્રી ગુરુએ બતાવેલ શુદ્ધાત્મસ્વરૂપ ઓળખીને તેને ધ્યાવતાં ભ્રાંતિ ટળીને સમ્યક્ત્વ પમાય છે, ને ભવરોગ મટીને સિદ્ધપદ પ્રગટે છે.

# મક્ષીજીમાં મોક્ષનો માર્ગ

**ગત વૈશાખ વદ ૬-૭ ( તા. ૭-૮ મે ૧૯૬૯ ) ના બે દિવસ દરમિયાન મક્ષીજીમાં પાર્શ્વનાથપ્રભુજીની પ્રતિષ્ઠાનો જે મંગલ ઉત્સવ ઉજવાયો, તથા તે દરમિયાન સમયસાર ગાથા ૭૩ ઉપર પૂ. શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનો થયા, તેની યાદી અહીં આપવામાં આવી છે. એ વખતે ધોમધખતો તાપ અને જંગલ, છતાં કહાનગુરુના પ્રતાપે મક્ષીજીમાં મંગલ થઈ ગયું હતું.**

**( બ્ર. હ. જૈન )**

મધ્યપ્રદેશમાં ઈંદોરથી ૪૫ માઈલ દૂર મક્ષીજી આવેલું છે; ત્યાં બે મુખ્ય જિનમંદિરો છે. એક જિનમંદિરમાં બિરાજમાન પાર્શ્વનાથ ભગવાનને દિગંબર અને શ્વેતાંબર બંને સમાજ પૂજે છે; બીજું મંદિર દિગંબર જૈનસમાજનું છે,–જેનો જિર્ણોદ્ધાર કરાવીને નવીન કમલવેદી પર ભગવાન પાર્શ્વનાથપ્રભુની વિશાળ પ્રતિમા બિરાજમાન કરવામાં આવી છે, સવાપાંચ ફૂટના આ ભવ્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠા ફાગણ માસમાં રણાસણ ( ગુજરાત ) માં થઈ હતી; ત્યારબાદ મક્ષીજીમાં તેની સ્થાપના કરીને દિગંબર જૈનસમાજના હજારો લોકો હોંશથી દર્શન–પૂજન કરતા હતા. તેની પ્રતિષ્ઠા સંબંધી ભવ્ય ઉત્સવ વૈશાખ માસમાં ઉજવાયો, ને એ પ્રસંગે પૂ. કાનજીસ્વામી વૈશાખ વદ પાંચમે સાંજે ઈંદોરથી મક્ષી પધાર્યા હતા. બીજે દિવસે સવારમાં મક્ષીના પારસનગર–મંડપમાં ઝંડારોપણ મુંબઈ મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી રમણીકભાઈ શેઠના હસ્તે થયું. આ ઉત્સવ પ્રસંગે મુંબઈ, ઉજ્જૈન, ભોપાલ, ઈંદોર, ગુના, ખંડવા વગેરેના અનેક મુમુક્ષુ ભાઈઓ ઉપરાંત આસપાસના ગામોથી હજારો સાધર્મીઓ આવ્યા હતા. મક્ષી ગામની વસ્તી પાંચેક હજારની છે તેમાં બહારગામથી બીજા દશહજાર જેટલા માણસો આવતાં ધાર્મિક મેળાનું વાતાવરણ સર્જાઈ ગયું હતું; ખેતરો વચ્ચે સેંકડો તંબુઓથી એક નવી જ નાનકડી નગરી વસી ગઈ હતી. આવી નગરીમાં સમયસારની ૭૩ મી ગાથા ઉપર પ્રવચન કરતાં છ સાત હજાર શ્રોતાજનોની સભામાં ગુરુદેવે કહ્યું કે–


ભગવાન! તું જડથી ને રાગાદિથી જુદો જ્ઞાનાનંદશવરૂપ છો. દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્મા પોતાનું સ્વરૂપ ભૂલીને, રાગને જ અનુભવતો થકો અનાદિથી દુઃખી છે. જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે પ્રભો! આ આત્મા દુઃખથી કેમ છૂટે? શું કરવાથી આત્માને આનંદનું વેદન થાય, ને દુઃખ મટે? એમ અંતરમાં આત્માનો જિજ્ઞાસુ થઈને જે શિષ્ય પૂછે છે તેને આચાર્યદેવ દુઃખથી છૂટવાની રીત બતાવે છે કે હે ભવ્ય! પ્રથમ તો જ્ઞાનને અંતરમાં વાળીને તું આત્માનો નિર્ણય કર. કેવો નિર્ણય કરવો? –તો કહે છે કે–

**છું એક શુદ્ધ મમત્વહીન હું જ્ઞાનદર્શનપૂર્ણ છું,**
**એમાં રહી સ્થિત લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

નિર્વિકલ્પ સ્વસંવેદનપ્રત્યક્ષ એવો વિજ્ઞાનઘન આત્મા હું છું, વિકલ્પ વડે પ્રત્યક્ષ થાઉં એવો હું નથી, પણ સ્વસંવેદનજ્ઞાનવડે પ્રત્યક્ષ થાઉં એવો હું છું' –એમ પોતાના આત્માનો નિર્ણય કરવો. આવો નિર્ણય કરનારને રાગના અવલંબનની બુદ્ધિ ન રહે, વિકલ્પના કર્તૃત્વની બુદ્ધિ ન રહે. વિકલ્પ અને જ્ઞાનની અત્યંત ભિન્નતા નક્કી કરીને તે પોતાના જ્ઞાનસ્વભાવ તરફ વળે છે, ત્યાં આસ્રવોથી એટલે કે દુઃખથી તે મુક્ત થાય છે, ને આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષ કરીને આનંદને અનુભવે છે.

જુઓ, આ આત્મહિતની ઉત્તમ વાત છે, ને સ્ત્રી–પુરુષ દરેક જીવને સમજાય તેવી છે, અનુભવમાં આવે તેવી છે. સ્ત્રી ને પુરુષ તે તો ઉપરના ખોળિયા છે, અંદર જીવ ચૈતન્યમૂર્તિ છે. મક્ષીજીમાં આ પહેલી જ વાર પ્રવચન થાય છે; ભગવાને કહેલો મોક્ષનો માર્ગ આજે આ મક્ષીજીમાં પ્રસિદ્ધ થાય છે. આવા આત્માનું ભાન કરીને અનંતા જીવો મોક્ષ પામ્યા છે.


બપોરે વિદ્વાનો સાથે અનેકવિધ ચર્ચા પ્રસંગે ગુરુદેવે કહ્યું કે લાખો કરોડો રૂપિયાની કિંમતના હીરા–માણેક વગેરે ઝવેરાત વડે જેની કિંમત થઈ શકે નહીં એવો ચૈતન્ય–ચિન્તામણિરત્ન આત્મા છે; શુભવિકલ્પ વડે પણ એની કિંમત થઈ શકે નહિ. એની કિંમત, એટલે કે એનો અનુભવ રાગવડે થઈ શકે નહિ પણ સ્વસંવેદન–પ્રત્યક્ષવડે જ તેની કિંમત ને અનુભવ થઈ શકે છે. એવા અનુભવ વડે જ આત્માનું દુઃખ મટે છે. ને આનંદ પ્રગટે છે. આવો અનુભવ તે મોક્ષનો ઉપાય છે, તેના વડે જ બંધનથી છૂટાય છે. આવા અમૂલ્ય ચૈતન્યરત્નને ઓળખીને અનુભવમાં લેવા જેવું છે.



મક્ષીજીના દિ. જિનમંદિરમાં બિરાજમાન

## ભગવાન પારસનાથ

卐



ઘાટકોપરના જિનમંદિરમાં બિરાજમાન

# ચોવીસ તીર્થંકર ભગવંતો

卐

બપોરના પ્રવચનમાં ૭૩મી ગાથાનો વિસ્તાર કરતાં કહ્યું કે–આત્મા ચેતન સ્વભાવે પ્રત્યક્ષ છે. રાગ કે પરોક્ષપણું એનો સ્વભાવ નથી. રાગમાં ને પરોક્ષમાં જે અટકે તેને 'આત્મા' કહેતા નથી. આત્મા પોતે અંદરમાં આવા સ્વભાવથી ભરેલો છે, તેનો પરિચય કરવા જેવો છે. અનાદિથી જીવને રાગનો ને કામભોગનો પરિચય છે, પણ તેનાથી ભિન્ન પોતાના શુદ્ધ–એક સ્વભાવનો પરિચય કદી કર્યો નથી; ને અંતરમાં તેનો પ્રેમ કરીને સત્સમાગમે તેની વાત પણ કદી સાંભળી નથી. ભાઈ, અત્યારે આ વાત સમજવાનો અવસર આવ્યો છે. અત્યારે સમજે, કે કાલે સમજે, કે લાખો કરોડો વર્ષે સમજે કે અનંતકાળે સમજે, –પણ આત્માનો આ સત્‌સ્વભાવ કે જે સર્વજ્ઞભગવાને કહેલો છે તે સમજ્યા વગર બીજા કોઈ ઉપાયે કલ્યાણ થાય તેમ નથી. અહો, સર્વજ્ઞભગવાનની આ શિખામણ છે, આ જૈનશાસન છે. આત્માના શુદ્ધસ્વભાવને દેખવો–જાણવો–અનુભવવો તે જૈનશાસન છે–એ વાત સમયસારની ૧૫ મી ગાથામાં આચાર્યભગવાને બતાવી છે. આત્મસ્વભાવની સન્મુખના જે જ્ઞાનપરિણામ છે તેમાં નિશ્ચયમોક્ષમાર્ગ સમાય છે, રાગ તેમાં સમાતો નથી, ને રાગમાં મોક્ષમાર્ગ સમાતો નથી.

ભગવાન! તું જડથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા છો. શરીરનો–મનનો વાણીનો તું કર્તા નથી, તેના કાર્યનું કારણ તું નથી. અને તે તરફનો જે રાગ થાય તે રાગ સાથે પણ તારા ચૈતન્યસ્વભાવને કર્તાકર્મપણું નથી. રાગવગરના આવા સ્વાનુભવપ્રત્યક્ષ આત્માનો તું પહેલાં નિર્ણય કર. નિર્ણય કરનારને પહેલાં વિચારદશામાં વિકલ્પ હોય, પણ તે વિકલ્પ કાંઈ અનુભવનું સાધન નથી. વિકલ્પથી ભિન્ન જ્ઞાનને અંતમુર્ખ કરતાં સ્વાનુભવ–પ્રત્યક્ષ સહિત આત્માનો સાચો નિર્ણય થાય છે. શુભરાગ મારું સાધન નહિ–એમ રાગથી ભિન્નતાનો નિર્ણય કરવો. પણ 'રાગ મારું સાધન' એમ પહેલેથી નિર્ણયમાં જ જેની ભૂલ છે તેને રાગથી ભિન્ન આત્માનો અનુભવ થઈ શકશે નહિ. ચિદાનંદ ધ્રુવસ્વભાવમાં નિર્મળ પર્યાયના છ કારકના ભેદ પણ નથી ત્યાં રાગના કે જડના કારકો તેમાં કેવા? સ્વાનુભવ–પ્રત્યક્ષમાં એક અખંડ આત્મસ્વભાવનો અનુભવ છે, તેમાં ભેદ નથી, વિકલ્પ નથી, રાગ નથી. આવા સ્વભાવનો નિર્ણય કરવો તે જ તેના અનુભવનું સાધન છે. આ નિર્ણય તે અપૂર્વ છે. આવા આત્માને અનુભવમાં લેવો તે ધર્મ છે.

મક્ષી ગામડું છે, એનું વાતાવરણ જંગલ જેવું છે; ઝાડપાન ને ખેતરો વચ્ચે જિનમંદિરો મંગલરૂપ શોભી રહ્યા છે. દૂરદૂરથી બે જિનાલયોના ઉજ્વલ શિખર એવા દેખાઈ રહ્યા છે કે જાણે બે ભાઈઓ નજીકની એકબીજા સાથે વાત કરી રહ્યા હોય.–જાણે

બંને એકબીજાને પ્રેમથી એમ કહેતા હોય કે આપણે વીતરાગનાં સન્તાન, આપણને પરસ્પર કલેશ ન શોભે, આપણે તો સંપથી હળીમળીને વીતરાગતાની જ ઉપાસના કરવાની છે. આપણા ભગવાન પારસનાથે પણ આપણને વીતરાગતા જ શીખવી છે. પ્રભુના એ માર્ગે જઈએ ને આત્માને ઓળખીએ તો જ આપણે પારસનાથના સાચા ઉપાસક. –આમ બે ભાઈની માફક બે જિનાલયો શિખરબંધ શોભી રહ્યા છે. તેમાંથી એક જિનાલયમાં બિરાજમાન પાર્શ્વનાથ ભગવાનને સવારના ૬ થી ૯ સુધીના ત્રણ કલાક નિરાભરણ દશામાં દિગંબર ભાઈઓ પૂજે છે, ને બાકીના સમયમાં સાભરણદશામાં શ્વેતાંબર ભાઈઓ પૂજે છે. પાસેની દેરીઓમાં ક્યાંક દિગંબર જિનબિંબો ખડ્ગાસન દશામાં દેખાય છે. બીજું જિનમંદિર દિગંબર સમાજનું છે, તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે, ને નવીન કમલ વેદી પર રણાસણમાં પ્રતિષ્ઠિત ભગવાન પારસનાથની સવાપાંચ ફૂટ ઊંચી અતિ મનોજ્ઞ પ્રતિમા બિરાજે છે. રણાસણમાં ફાગણ વદ ત્રીજે પ્રતિષ્ઠા થયા બાદ તરત મક્ષીજીમાં બિરાજમાન કરવામાં આવ્યા અને હજારો ભક્તજનો–દર્શન–પૂજનનો લાભ લેવા લાગ્યા. ભગવાનની પ્રતિષ્ઠાનો વિશેષ મહોત્સવ વેદી પ્રતિષ્ઠાની વિધિપૂર્વક વૈશાખ વદ ૬–૭ ના રોજ મક્ષીજીમાં કહાનગુરુ સાન્નિધ્યમાં ઉજવાયો. દશહજાર ઉપરાંત દિગંબર જૈનોએ તેમાં ભાગ લીધો. ઘણા લોકો કહેતા કે મક્ષીજીમાં આવો ભવ્ય ઉત્સવ કદી થયો નથી. બે દિવસ પૂ. શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો પણ અલૌકિક થયા.

પ્રવચનમાં વીતરાગમાર્ગના પડકારપૂર્વક ગુરુદેવ કહે છે કે રાગની રુચિવાળા પ્રાણીઓ વીતરાગમાર્ગને ઓળખી શકશે નહિ. જે માર્ગે સિંહ સંચર્યા તે માર્ગે હરણીયાં નહિ જઈ શકે, તેમ મોક્ષના જે માર્ગે વીતરાગી સન્તો સંચર્યા તે માર્ગે રાગની રુચિવાળી અજ્ઞાનીઓ નહિ જઈ શકે. પહેલાં તો રાગથી ભિન્ન ચિદાનંદશવભાવ શું છે તેનો નિર્ણય કરવો જોઈએ. શુદ્ધજ્ઞાનાનંદશવરૂપ આત્માને અનુભવનાર જીવ રાગાદિ પરભાવરૂપે પરિણમતો નથી; એવા પરિણમન વડે ધર્મી જાણે છે કે હું શુદ્ધ છું. જ્ઞાન ને આનંદ જ મારો સ્વભાવ છે.

શુભાશુભભાવોની પ્રવૃત્તિ દુઃખરૂપ છે; તેનાથી પાર જ્ઞાનાનંદ સ્વરૂપનો નિર્ણય અને અનુભવ કરતાં સમ્યગ્દર્શન થાય છે. ચૈતન્યના શાંત અવિકારી આનંદરસનું તેમાં વેદન થાય છે. આત્માનો સ્વભાવ રાગરૂપ કદી થયો નથી, એટલે ધર્મી રાગને જાણવા છતાં તેના સ્વામીપણે પરિણમતા નથી, જ્ઞાનના જ સ્વામીપણે પરિણમે છે. 'ધર્મીને રાગ થયો' એમ કહેવું તે ઉપચાર છે, ખરેખર ધર્મી પોતે રાગરૂપ થયો નથી, ધર્મી તે ધર્મી

જ છે, ને રાગ તે રાગ છે; એમ બંનેની પૃથક્તા છે. માટે ધર્મી જીવ રાગનો સ્વામી નથી. તે તો સ્વસંવેદનપ્રત્યક્ષ એવા પોતાના સ્વભાવનો જ સ્વામી છે.

તા. ૮–૫–૬૯, વૈશાખ વદ ૭ ના રોજ સવારે દશ વાગે જિનમંદિરમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા થઈ. ગુરુદેવના સુહસ્તે સ્વસ્તિક કરાવીને મંદિર ઉપર સુવર્ણ કળશ તથા ધર્મધ્વજ શોભી ઉઠયા. આમ મક્ષીજી તીર્થમાં ભવ્ય પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવાયો. બે દિવસના પ્રવચનો દ્વારા મિથ્યાત્વનો નાશ કરીને સમ્યક્ત્વની ઉત્પત્તિનું સુંદર વિવેચન સાંભળીને મધ્યપ્રદેશના કેટલાય જિજ્ઞાસુઓ પ્રભાવિત થયા. ઉછામણીમાં તેમજ ધ્રુવ– ફંડમાં રૂા. સવાલાખ ઉપરાંત થયા. મંગલ ઉત્સવ પૂર્ણ થતાં પારસપ્રભુના જયકારપૂર્વક ગુરુદેવ મક્ષીજીથી ઈંદોર પધાર્યા. –जय पारसनाथ

## 卐 શ્રુત પંચમી 卐

**णमो लोए सव्व अरिहन्ताणं** એવા મંગલપૂર્વક શ્રુતપંચમીના મંગલ પ્રવચનના પ્રારંભમાં ગીરનારવાસી ધરસેનાચાર્યદેવને યાદ કરીને ગુરુદેવે શ્રુતનો ઈતિહાસ કહ્યો. શ્રુતનો પ્રવાહ ટકાવનારા એ ધરસેન અને પુષ્પદંત–ભૂતબલી મુનિવરો વીતરાગ હતા. તેમણે રચેલા ષટ્ખંડાગમના મંગલમાં णम्मो लोए सव्व अरिहंताणं એમ કહીને સર્વલોકમાં વર્તતા ત્રિકાળવર્તી સર્વે અરિહંતોને નમસ્કાર કર્યા છે. એ જ રીતે લોકમાં રહેલા ત્રિકાળવર્તી સર્વ સિદ્ધોને તેમ જ આચાર્ય વગેરેને નમસ્કાર કર્યા છે. અહો! જ્ઞાનની કેટલી વિશાળતા! અનંત અરિહંત–સિદ્ધોને લક્ષમાં લેનારું જ્ઞાન કેટલી તાકાતવાળું છે! આવા મંગલપૂર્વક ષટ્ખંડાગમ–જિનવાણીની રચના થઈ ને અંકલેશ્વરમાં બે હજાર વર્ષ પહેલાં તેનો મહોત્સવ થયો, તે દિવસ આજે (જેઠ સુદ પાંચમે) છે.

એ શ્રુત એમ બતાવે છે કે આત્મા ચિદાનંદ સ્વરૂપ છે, તેમાં પર ભાવોનું કર્તાકર્મપણું નથી. આવો આત્મા જાણવો તે શ્રુતનું રહસ્ય છે.

# कानजी स्वामी
# अद्‌भुत व्यक्तित्व



(નવી દિલ્હીના ‘નવભારત ટાઈમ્સ’ તા. ૧૪–૫–૬૯ માંથી સાભાર ઉદ્‌ધૃત)

कानजी स्वामी एक जीती–जागती जीवन जोत, आत्म–अभ्युदय की साकार मूर्ति, सारे सौराष्ट्र में जिनकी आत्मक्रांति की धूम है, पर शेष भारत भी जिनके प्रकाश से वंचित नहीं।

सुन्दर सलोना शरीर, देदीप्यमान आभा, सुखद भावमंडल, वाणी में ओज, जो भी सरल हृदय से सन्मुख हुआ उस ही की ग्रंथि खुली, ऐसा शायद ही कोई हो कि जिसने सरलता से सुना तो हो, पर उसे शांति न मिली हो।

ऐसा भी आज तक नहीं हुआ कि किसी की बातों को सभी ने सरलता से मान लिया हो, कुछ विरोधी सभी के होते हैं, इन के भी हैं, पर उनके लिए स्वामीजी के हृदय में बडे सुंदर विचार हैं, ये श्रद्धालु श्रावकों से कहा करते हैं, ‘तुम्हे विरोधियों से घृणा या क्रोध न करना चाहिये, इन में भी तुम्हारी ही तरह भगवान बसते हैं, इन में थोडी नासमझी है, जब समझ जायेंगे तो स्वयं ही सही रास्ते पर आ जायेंगे, साथ ही तुम्हें भी अपनी समझ के लिए अहंकार न करना चाहिये, बस सहज रूप में अपनी दृष्टि अप्राप्त की ओर रख, बढते जाना चाहिए ।’

एक बार एक त्यागी बह्मचारी इन का पक्ष ले कर किसी विरोधी भाई से सवाल–जवाब और मुकदमेबाजी की उहापोह में पड गये, इनके सामने बात आयी तो वे बोले, ‘भाई, समय का समागम तो बहुत थोडा है, न जाने कब आयु समाप्त हो जाय, इस मूल्य–

वान समय को यों हल्की बातों में उलझ कर नष्ट न करो, बन सके तो प्राप्त समय को अपने आत्मकल्याण में प्रयोजित कर लो।'

ये सर्वसाधारण को बहुत ही सरल भाषा में समझाया करते हैं, इनका कहना है सब से पहले तुम यह मानो कि 'तुम हो' तुम्हारा स्वतंत्र अस्तित्व है। ये कैसे हो सकता है कि जो वस्तुएँ दिखती हैं, वे तो हैं, और जो उन्हें देखने वाले है 'वह नहीं' ? इसलिये आकाश, समय और पुद्गल [ दिखनेवाली जड वस्तुएँ ] की तरह ही तुम्हारे में स्वतंत्र सत्ता है।'

अब जिन्होंने अपनी सत्ता स्वीकार कर ली, उन से यह कहते हैं, 'तुम में जो विकार चलते दिखते हैं, उनके दोषी तुम स्वयं ही हो, क्योंकि अगर तुम दोष का कारण औरों को मानोंगे तो तुम उन्ही में फेर–फार करने का प्रयत्न करते रहोगे और जब सब दोषों के जिम्मेदार अपने को ही मान लोगे तो अपने को ही ठीक करने के प्रयत्न में लग जाओगे, इसलिये दोष दूसरे निमित्तों को न दो, दोष तुम्हारा और केवल तुम्हारा ही है, इस के माने बिना आगे गति नहीं।'

अब जिन्होंने माना दोष हमारे ही हैं, शतप्रतिशत हम ही उनके जिम्मेदार हैं उनसे आप कहते हैं–देखो तुम्हारे वास्तविक स्वभाव में दोष नहीं, यदि दोष स्वभाव का हिस्सा होते तो उसमें से वह निकल नहीं सकते थे, यदि तुम अपने निज के वास्तविक स्वभाव की ओर दृष्टि दोगे तो यह शनै; शनैः स्वतः निकलते जायेंगे, और तब शुद्ध सोने के समान निखर आयेगी तुम्हारी निर्मल आत्मा।

जिस तरह सोने को तपाने से उसका मैल निकल जाता है, उस ही तरह दर्शन–ज्ञान और चारित्र रूप धर्म अंगीकार करने से आत्मा निखरती है।

इन महापुरुष का जन्म आज से ७९ साल पहले वैशाख सुदी दूज के दिन सौराष्ट्र के उमराला गाँव में, शाह मोतीचंद के घर माता उजमबा की कोख से हुआ था।

इन के उपदेश सभी जातियों और प्रदेशों के लोगों के लिए समान हैं, यही कारण है, इन के आश्रय में आये लोगों में सभी जातियों और प्रदेशों के लोग होते है, उनमें भाषा भेद का कोई झगडा नहीं, सभी प्रेम की डोर में बंधे समानता से धर्म साधन करते हैं। –सैलानी

# તારા પગલે પગલે નાથ !
# ઝરે છે આતમરસની ધાર
## ( ૫ )



**પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવો નિમિત્તે ગુરુદેવે મહા વદ છઠ્ઠે સોનગઢથી મંગલવિહાર કર્યો...... અમદાવાદ ને રણાસણમાં ભવ્ય મહોત્સવો થયા, વચ્ચે સોનગઢમાં વિસામો લઈને રાજકોટ પધાર્યા; અને પછી ચૈત્ર વદ ૧૧ મુંબઈ શહેરમાં પધાર્યા. મુંબઈનગરીમાં વૈશાખ સુદ બીજે ૮૦ મી જન્મજયંતીનો રત્નચિંતામણિ ઉત્સવ, તેમજ ઘાટકોપર અને મલાડના ભવ્ય જિનમંદિરોમાં પ્રતિષ્ઠા માટેનો પંચકલ્યાણક મહોત્સવ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો. -એનું વર્ણન ગતાંકમાં આપે વાંચ્યું. ત્યાર પછીના આ છેલ્લા હપ્તામાં મુંબઈથી સોનગઢ સુધીનું વર્ણન આપ વાંચશો.**

વૈશાખ સુદ આઠમે જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થઈ, ત્યાર પછી પણ જિજ્ઞાસુઓની ભાવના દેખીને ત્રણ દિવસ ગુરુદેવે પ્રવચનો ચાલુ રાખ્યા. વૈશાખ સુદ ૧૧ ના રોજ દાદરના જિનમંદિરની પ્રતિષ્ઠાને પાંચ વર્ષની પૂર્ણતાનો દિવસ હોવાથી ગુરુદેવ ત્યાં પધાર્યા હતા, ને ત્યાં પૂ. બેનશ્રી–બેને સમૂહપૂજન કરાવ્યું હતું. ભગવાનની રથયાત્રા પણ નીકળી હતી. મંદિર પાસેના ચોકમાં ગુરુદેવે પંદર મિનિટ મંગલપ્રવચન કર્યું હતું. એક દિવસ ઝવેરી બજારના મંદિરે પણ ગુરુદેવે દશેક મિનિટ પ્રવચન કર્યું હતું. એ જ રીતે મલાડના તથા ઘાટકોપરના જિનમંદિરોમાં પણ ગુરુદેવે મંગલપ્રવચનો કર્યા હતા. એક દિવસ બોરીવલી ખડ્ગાસન સ્થિત ત્રણ વિશાળ પ્રતિમાઓ ( આદિનાથ તથા ભરત–બાહુબલી ) નું અવલોકન કરવા પણ ગયા હતા. શહેરથી દૂર એકાંત વાતાવરણમાં ( નેશનલ પાર્ક સામે ) પિતા–પુત્રોની ત્રિપુટી ધ્યાનમાં ઊભી છે–તે દ્રશ્ય સુંદર છે. ( હજી આ પ્રતિમાઓની પ્રતિષ્ઠિાવિધિ થયેલ નથી. )

એ પ્રમાણે મુંબઈમાં કુલ ૨૪ દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો પૂર્ણ થયા; તા. ૫–૫–૬૯ ના રોજ મક્ષીજીમાં પ્રતિષ્ઠા નિમિત્તે ગુરુદેવ મુંબઈથી વિમાન દ્વારા ઈન્દોર પધાર્યા. મુંબઈના વિમાન સ્ટેશન પર દોઢેક હજાર મુમુક્ષુઓએ હાજર રહીને અનેરું વાતાવરણ ખડું કરી દીધું. વિમાનમાં ચાલીસેક જેટલા યાત્રિકો હતા–તે બધાય પણ આપણા મુમુક્ષુ ભાઈ–બેનો જ હતા. ગુરુદેવ સાથે ૧૨૦૦૦ ફૂટ ઊંચે, ને પોણાબસો માઈલની ઝડપે, ભક્તિ કરતાં કરતાં ઈન્દોર જઈ રહ્યા હતા. એ વખતે વિમાનમાં કુંદકુંદપ્રભુના વિદેહગમન વગેરે પ્રસંગોનું, અને ચારણઋદ્ધિધારક વીતરાગી સંતોનું સ્મરણ થતું હતું. ગુરુદેવ સાથે ગગનવિહાર કરતાં કરતાં રસ્તામાં લાંબા દોરડા જેવી દેખાતી તાપી અને નર્મદા નદીઓને ઓળંગી, રમકડાં જેવા દેખાતા અનેક ગામોને ઓળંગી, દરિયાને અને પહાડોને ઓળંગી, પૃથ્વીનું રમણીય દ્રશ્ય જોતાં ને સંતોને યાદ કરતાં કરતાં સાંજે સવાપાંચ વાગે ઈંદોર પહોંચ્યા....શેઠશ્રી રાજકુમારસિંહજીની આગેવાનીમાં સેંકડો મુમુક્ષુઓએ સ્વાગત કર્યું. ઇન્દ્રભવનના શાંત વાતાવરણમાં ગુરુદેવનો ઉતારો હતો.

બીજે દિવસે (વૈશાખ વદ પાંચમે) સવારે કાચના મંદિરમાં બિરાજમાન ભવ્ય જિનબિંબોના ભક્તિથી દર્શન કર્યા; અને પાંચેક હજાર શ્રોતાજનોની સભામાં ગુરુદેવે પ્રવચન કર્યું, ત્યાર બાદ તરત તિલકનગર–વિસ્તારમાં દિ. જૈન સમાજના સહયોગથી બંધાયેલા જિનમંદિરમાં ભગવંતોની પ્રતિષ્ઠા કરવા માટે ગયા. આ જિનમંદિરનું શિલાન્યાસ સં. ૨૦૨૦ માં જ્યારે ગુરુદેવ ઇંદોર પધાર્યા ત્યારે થયું હતું. આ રળિયામણા જિનાલયમાં મહાવીર ભગવાનના ૭ ફૂટ ઊંચા અતિ મનોજ્ઞ પ્રતિમા બિરાજે છે. તેની બંને બાજુ કાચની સુંદર કારીગરીવાળી વેદીમાં બે જિનબિંબોને બિરાજમાન કરવાની વિધિ ગુરુદેવની ઉપસ્થિતિમાં થઈ. ત્યારબાદ બપોરના પ્રવચન પછી તરત ગુરુદેવ ઈંદોરથી મક્ષીજી પધાર્યા, ને મક્ષીજીમાં પારસનાથપ્રભુની પ્રતિષ્ઠાનો મહોત્સવ થયો, તથા દશ હજારની જનતાએ મહોત્સવમાં ભાગ લઈને ગુરુદેવનાં પ્રવચનો સાંભળ્યા. મક્ષીજીના મહોત્સવની તથા ત્યાંના પ્રવચનોની યાદી આ અંકમાં (૫૫ મા પાને) આપવામાં આવી છે.

મક્ષીજીની વૈશાખ વદ ૭ ની સાંજે ગુરુદેવ ઈંદોર પધાર્યા. બીજે દિવસે વૈશાખ વદ આઠમે કાચની કારીગરીવાળા જિનમંદિરનું વિશેષ અવલોકન કર્યું. જેમાં એક શ્લોક હતો કે–

चक्रवर्तीकी संपदा इन्द्रलोकके भोग।
काकवीट सम गिनत है वीतरागके लोग।।

ઇંદોરના મંદિરોમાં બિરાજમાન જિનભગવંતોના ફરી ફરી દર્શન કરતાં આનંદ થાય છે. ભગવંતોના દર્શન કરીને ૯ વાગતાં વિમાનઘર પર પહોંચ્યા. ત્યાં લગભગ અડધો કલાક ઇંદોરના સેંકડો મુમુક્ષુઓ વચ્ચે તત્ત્વચર્ચા ચાલી; ગુરુદેવે અલિંગગ્રહણ આત્માનું સ્વરૂપ સમજાવતાં 'ઉપયોગ' નું અપ્રતિહતપણું બતાવ્યું, તેમજ કેટલીક ઐતિહાસિક વાત પણ કરી. તે સાંભળીને મુમુક્ષુઓએ અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી. સવાદશ વાગતાં ફરી ગુરુદેવ સાથે ગગનવિહાર કરીને મુંબઈ પહોંચ્યા. આજે વૈશાખ વદ આઠમ એટલે સમયસારની સ્થાપનાનો ઉત્તમ દિવસ હતો. 'સમયસાર ના પક્ષી જ્ઞાનગગનમાં ઊડે છે' એ વાત ગગનવિહારમાં યાદ આવતી હતી. મુંબઈના મુમુક્ષુઓએ ગુરુદેવ પ્રત્યે આનંદોલ્લાસ ને ભક્તિ વ્યક્ત કર્યા. બીજા દિવસે (વૈશાખ વદ ૯ ની સવારે) વિમાનદ્વારા મુંબઈથી (૫૦ મિનિટમાં) ભાવનગર પહોંચ્યા; ને ત્યાંથી ૯ વાગે ગુરુદેવ સોનગઢ પધાર્યા. ભક્તોએ ઉમંગથી સ્વાગત કર્યું. ગુરુદેવે ભાવથી સીમંધરનાથના દર્શન કરીને અર્ઘપૂજન કર્યું. સુવર્ણધામ નવપલ્લવિત બન્યું. સમયસાર અને પ્રવચનસાર ઉપર પ્રવચનો શરૂ થયા.....અધ્યાત્મની મેઘવર્ષા શરૂ થઈ ને બીજા જ દિવસથી શિક્ષણવર્ગનો પ્રારંભ થયો. ગુરુદેવના શ્રીમુખથી વરસતી અધ્યાત્મની વર્ષા વડે આત્મામાં શીઘ્ર રત્નત્રયના અંકુરા ફૂટે એ જ ભાવના.

## ઈનામ

"અમે જશું મોક્ષમાં, કેમ તને છોડશું ?
આવજે મોક્ષમાં તુંય અમ સાથમાં.
ભવ્ય નિજ પદને સાધજે ભાવથી,
શિખ આ સંતની શીઘ્ર તું માનજે...."

ઉપરનું લખાણ બીજે ક્યાં છપાયેલું છે તે શોધી કાઢનારાઓ વચ્ચે દશ રૂા. ની કિંમતના ફોટા અગર પુસ્તકો ભેટ મોકલાશે. (જુન તા. ૧૫ સુધીમાં)





( ફોટો : પુનમ શેઠ, મુંબઈ )

મુંબઈ આઝાદમેદાનના મહાવીરનગરનું ૭૫ ફૂટ ઊંચું પ્રવેશદ્વાર, અને સભામાં પ્રવચન કરી રહેલા ગુરુદેવ.




( ફોટો : પુનમ શેઠ, મુંબઈ )

**અહો, અનંતગુણથી ભરેલો આત્માનો સ્વભાવ છે. તે સ્વભાવમાં સર્વજ્ઞપદની તાકાત ભરી છે. તેમાં એકાગ્રતા વડે સર્વજ્ઞપદ પ્રગટે છે.**

# જીવનું સાચું સ્વરૂપ

**મુંબઈ અને મક્ષીજીમાં મંગલ પ્રતિષ્ઠા મહોત્સવ પછી પૂ. ગુરુદેવ સોનગઢ-શાંતિધામમાં પધાર્યા અને વૈશાખ વદ ૧૦ થી બપોરના વ્યાખ્યાનમાં પ્રવચનસાર ગા. ૧૭૨ થી વાંચન શરૂ થયું. તેમાં ગુરુદેવે કહ્યું કે-તારા સ્વભાવની આ વાત ભગવાન તને સંભળાવે છે. આત્મા તો ઇન્દ્રિયાતીત ચૈતન્ય હીરો છે; સાચા જીવનું આવું સ્વરૂપ ભણ એટલે કે ઓળખ; એના વગર બીજા બધા ભણતર નકામા છે.**

શરીરાદિ તો પુદ્‌ગલમય અચેતન છે, તે જીવનું સ્વરૂપ નથી. તો જીવનું સ્વરૂપ શું છે? જીવનું એવું ખાસ સ્વલક્ષણ શું છે કે જેના વડે તેને અન્ય સમસ્ત દ્રવ્યોથી ભિન્ન અનુભવી શકાય? –આવી જેને જિજ્ઞાસા જાગી છે તે શિષ્યને જીવનું અસાધારણ સ્વરૂપ આચાર્યદેવ આ ૧૭૨ મી ગાથામાં ઓળખાવે છે.

દેહ પુદ્‌ગલમય છે; તે દેહનાં કામ આત્મા કરે એ માન્યતામાં તો સર્વથા વિરોધ છે. દેહથી તો આત્મા સર્વથા ભિન્ન છે. તો હવે દેહથી ભિન્ન એવું કયું સાધન છે કે જે સાધન વડે આત્માને સાચા સ્વરૂપે ઓળખી શકાય? તે અહીં બતાવે છે.

અતીન્દ્રિય જ્ઞાન વડે જાણવાનું કામ કરે તેને જ ખરો આત્મા કહીએ છીએ. ઇન્દ્રિયો તે તો પરદ્રવ્ય છે, તે ઇન્દ્રિયો તરફ ઝૂકેલા ભાવને આત્મા કહેતા નથી. ઇન્દ્રિયોથી જુદો એવો ચેતનસ્વરૂપ આત્મા, તે ઇન્દ્રિયો વડે કેમ જાણે? સ્વતત્ત્વ જે જ્ઞાનના લક્ષમાં ન આવ્યું ને એકલા પર તરફ જે ઝૂકયું તેને ખરેખર જ્ઞાન કહેતા નથી. એકલો અતીન્દ્રિય જ્ઞાનરસ જેમાં ભર્યો છે તેના જ્ઞાનમાં ઇન્દ્રિયોનું કે વાણી વગેરેનું અવલંબન નથી. જ્ઞાનરસમાં અનંતગુણનો સ્વાદ ભર્યો છે. ઇન્દ્રિયો તે આત્મા નહિ, ને ઇન્દ્રિયોના અવલંબનમાં રોકાય તે પણ ખરેખર આત્મા નહીં. જ્ઞાન તો આત્માનું છે, ઇન્દ્રિયોનું

નથી, એટલે આત્માને જ અવલંબીને જ્ઞાન થાય છે, ને તે જ્ઞાન જ આત્માનું ખરૂં સ્વરૂપ છે. ઇન્દ્રિયોના અવલંબનવાળું કે વિકલ્પોના ઘોલનવાળું જ્ઞાન તે ખરૂં જ્ઞાન નથી. પરલક્ષી જ્ઞાનના કાંઈક ઉઘાડથી એમ માની લ્યે કે અમને ઘણું જ્ઞાન છે. –તો આચાર્યદેવ ના પાડે છે કે ભાઈ, તારું એ જાણપણું તે જ્ઞાન જ નથી; સ્વસત્તાનું અવલંબન જેમાં ન આવે તેને આત્માનું સ્વરૂપ કોણ કહે? રાગથી ભિન્ન પડીને સ્વભાવ તરફ વળેલું વીતરાગી જ્ઞાન તે જ ખરૂં જ્ઞાન છે, તે જ આત્માનું ખરૂં લક્ષણ છે. એવા જ્ઞાનલક્ષણ વડે આત્મા સમસ્ત પર દ્રવ્યોથી ભિન્નપણે અનુભવમાં આવે છે.

સ્વદ્રવ્ય તરફ વળ્યા વગર, એકલી ભગવાનની વાણી તરફના લક્ષે જે ક્ષાયોપશમિકજ્ઞાન થાય તે જ્ઞાનને પણ ખરું જ્ઞાન કહેતા નથી; સ્વભાવ તરફના લક્ષે ઊઘડેલું જે ક્ષાયોપશમિકજ્ઞાન તે તો ક્ષાયિકજ્ઞાનનું કારણ થાય છે. એકલા પર તરફનું અગિયાર અંગ સુધીનું જ્ઞાન કરીને પણ જીવ સંસારમાં જ રખડયો, પરલક્ષી ૧૧ અંગનું જાણપણું પણ તેને મોક્ષનું જરાય સાધન ન થયું. –અરે, તારું જ્ઞાન તારી સત્તાના આશ્રયે હોય કે પરના આશ્રયે હોય? ઇન્દ્રિયો તો જડ, તારા ચેતનસ્વભાવથી તદ્દન વિરુદ્ધ, તેના આશ્રયે તારું જ્ઞાન કેમ હોય? ઇન્દ્રિયોના અવલંબનવાળા જ્ઞાનમાં તો દુઃખનું વેદન છે; સ્વસત્તાના અવલંબનવાળા જ્ઞાનમાં તો અતીન્દ્રિય આનંદ આવે છે. સ્વસત્તાના અવલંબનમાં શુદ્ધ આત્માની જ મુખ્યતા છે. ઇન્દ્રિયો કે રાગનો તેમાં અભાવ છે. સમ્યગ્દર્શન તે મોક્ષનો સ્તંભ છે, ને તે આવા શુદ્ધઆત્માના અવલંબને જ પ્રગટે છે. તેની સાથે અતીન્દ્રિયજ્ઞાન હોય છે. બહારના જાણપણા વડે આત્માની અધિકતા માનવી તે મિથ્યાત્વ છે. અતીન્દ્રિય સ્વભાવમાંથી પ્રગટેલું જ્ઞાન તો અતીન્દ્રિય હોય. આવા અતીન્દ્રિય જ્ઞાનની જગતને કિંમત નથી, ને બહારના હીરા–મોતી–રત્નોની કિંમત ભાસે છે. અરે, એ તો જડ છે, ને તે એકલા જડ તરફ ઝુકેલું ઇન્દ્રિયજ્ઞાન તે પણ ખરેખર આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો ઇન્દ્રિયાતીત ચૈતન્યહીરો છે. –આવું સાચા જીવનું સ્વરૂપ છે, ને ભગવાને તે ભણવાનું કહ્યું છે. એના વગર બીજા બધા ભણતર નકામા છે.

આત્માનું વસ્તુત્વ જ્ઞાન તે આનંદરૂપ છે, તે ઇન્દ્રિયોરૂપ કે રાગરૂપ નથી. 'ઇન્દ્રિયો વડે જાણું છું –તે જ હું છું' એમ અજ્ઞાનીને ઇન્દ્રિયો સાથેની એકત્વબુદ્ધિથી લાગે છે. પણ ઇન્દ્રિયોથી જાુદું સ્વસત્તા–અવલંબીજ્ઞાન તેને દેખાતું નથી; અતીન્દ્રિય ચૈતન્યસત્તા તેને નથી દેખાતી, તેને તો જડ–ઇન્દ્રિયો જ દેખાય છે; તે જડને કે તેને અવલંબનારા ઇન્દ્રિયજ્ઞાનને ખરો આત્મા કહેતા નથી. આત્મા તો ઇન્દ્રિયોથી પાર અતીન્દ્રિયજ્ઞાનમય

છે. તેને 'અલિંગગ્રહણ' કહેવાય છે. આ રીતે અલિંગગ્રહણના અર્થમાં અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ આત્મા પ્રાપ્ત થાય છે.

જેમ આત્મા ઇન્દ્રિયો વડે જાણનાર નથી તેમ તે ઇન્દ્રિયજ્ઞાન વડે જણાતો પણ નથી. ઇન્દ્રિયોથી ને મનથી પાર, શાસ્ત્ર તરફના ઝુકાવથી પણ પાર. એવા અતીન્દ્રિય સ્વસંવેદનવડે આત્મા જણાય છે. આવા જ્ઞાનમાં રાગની અપેક્ષા નથી. પરની ઓશીયાળવાળું જ્ઞાન આત્માને જાણી ન શકે. સ્વાધીન જ્ઞાનસ્વભાવવાળો આત્મા છે, તેને જાણવામાં પરનું અવલંબન નથી. આવા અતીન્દ્રિય આત્માને લક્ષમાં લેતાં બહારના જાણપણાનો ગર્વ ઊડી જાય. ભાઈ, બહારના જાણપણાનો મહિમા છૂટશે ત્યારે આ અતીન્દ્રિયવસ્તુ હાથમાં આવશે. આત્મારૂપ થઈને આત્માને જો. ઇન્દ્રિયરૂપ થઈને આત્મા નથી જોવાતો. એકવાર ઇન્દ્રિયાતીત થઈને સ્વસન્મુખ થા, એટલે અતીન્દ્રિય જ્ઞાનરૂપ થા. 'હું ઇન્દ્રિયવડે જાણનાર છું' એમ માનનાર આત્માના પરમાર્થ સ્વરૂપને ઓળખી શકતો નથી.

ઇન્દ્રિયોથી ને શરીરથી આત્માનું ભિન્નપણું ખરેખર ક્યારે જાણ્યું કહેવાય? –કે ઉપયોગને ઇન્દ્રિયો તરફથી પાછો વાળીને અંદર અતીન્દ્રિયસ્વભાવમાં લઈ જાય ત્યારે. 'ઇન્દ્રિયો મારા જ્ઞાનનું સાધન' એમ માનનારે આત્માને ઇન્દ્રિયોથી ભિન્ન જાણ્યો જ નથી. આત્મા સ્વયં અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. તેને ઇન્દ્રિયોનું સાધન કેવું? આત્મા એવો સ્થૂળ પદાર્થ નથી કે ઇંદ્રિયજ્ઞાનવડે ગ્રાહ્ય થઈ જાય. ભાઈ, તારે સમ્યગ્દર્શન કરવું હોય એટલે કે સાચો આત્મા અનુભવમાં લેવો હોય તો અતીન્દ્રિય ઉપયોગપણે અંદરમાં તારા આત્માને દેખ. બહારની ઇન્દ્રિયો તો જડ–અચેતન–પુદ્ગલની રચના, ને તે ઇન્દ્રિય તરફના જ્ઞાનને પણ એકવાર ભૂલી જા! ને જ્ઞાનને અંતર્મુખ કરીને તારા આત્માને સ્વજ્ઞેય બનાવ! આત્માને સ્વજ્ઞેય બનાવતાં જ અતીન્દ્રિય આનંદ અનુભવાય છે. આત્માને સ્વજ્ઞેય બનાવવાની તાકાત ઇન્દ્રિયજ્ઞાનમાં નથી, એટલે કે રાગથી કે વ્યવહારના અવલંબનથી આત્મા જણાતો નથી. જે બુદ્ધિ આત્મામાં ન જોડાય, ને એકલા બહારમાં –ઇન્દ્રિયજ્ઞાનમાં જ ભમે તેને તો શાસ્ત્રો દુર્બુદ્ધિ કહે છે. ઉપયોગ તારો ને ભમે પરમાં–એને તો સાચો જીવ કોણ કહે? આત્મા તરફ વળીને જે પોતે પોતાને જાણે તે જ આત્માનો ખરો ઉપયોગ છે, ને તેને જ આત્મા કહીએ છીએ.

આત્મા કઈ રીતે જણાય? તો કહે છે કે આત્મારૂપ થઈને આત્મા જણાય. ઇન્દ્રિયરૂપ થઈને આત્મા ન જણાય, વ્યવહારરૂપ–રાગરૂપ થઈને આત્મા ન જણાય. એટલે

બહારના કે શાસ્ત્રના ભણતરથી કોઈ એમ માની લ્યે કે અમે ધર્મમાં બીજા કરતાં આગળ વધી ગયા, તો આચાર્યદેવ કહે છે કે ભાઈ, ધીરો થા. આત્મારૂપ થઈને આત્માને ન જાણે તેને અમે જ્ઞાન જ કહેતા નથી. તારા ભણતરમાં આત્મા તો ન આવ્યો. ધર્મના રાહ તો અંદર ચૈતન્યમાં છે. અંતર્‌મુખ થઈને જેણે ચિદાનંદ તત્ત્વને જાણ્યું–અનુભવ્યું તે ધર્માત્મા જ ધર્મમાં આગળ વધેલા છે.

ધર્માત્માને ખરા સ્વરૂપે ઓળખવા માટે પણ અંદરની કોઈ અલૌકિક દ્રષ્ટિ જોઈએ. કોઈ ઇંદ્રિયગમ્ય ચિહ્નો વડે એટલે કે આંખની કે મોઢાની ચેષ્ટા વડે કે વાણી વડે ઓળખાઈ જાય એવો આત્મા નથી. 'આ જ્ઞાની છે, આ મુનિ છે' એમ ઓળખાણ થાય ખરી–પણ તે ઇન્દ્રિયગમ્ય ચિહ્નો વડે ન થાય, સ્વસંવેદન લક્ષણ વડે જ સાચી ઓળખાણ થાય. એટલે અનુભવી હોય તે જ ખરેખર અનુભવીને ઓળખે. આ આત્મા સર્વજ્ઞ છે, આ સાધક ધર્મી છે–એવો ખરો નિર્ણય, પોતામાં તે જાતનો અંશ પ્રગટે ત્યારે જ થાય છે. અંતર્મુખ થઈને આત્માને સ્વસંવેદનમાં લેનાર જ્ઞાનદશા ભલે અધૂરી હોય તોપણ તેને 'પ્રત્યક્ષ' કહેવાય છે. એવા પ્રત્યક્ષ વગરના એકલા અનુમાનથી આત્માનો સાચો નિર્ણય થઈ શકતો નથી. અંશે પ્રત્યક્ષ પૂર્વકનું અનુમાન તે સાચું હોય છે. પહેલાં સ્વસંવેદન વગર સાધારણ ઓળખાણ હતી, પણ જ્યાં સ્વસંવેદન થયું ત્યાં ઓળખાણની જાત જ ફરી ગઈ. –અહા! હવે ખરી અપૂર્વ ઓળખાણ થઈ, હવે મેં ભગવાનની જાતમાં ભળીને ભગવાનને ઓળખ્યા.

જુઓ, આ સાચા આત્માને ઓળખવાની રીત! આચાર્યદેવે આ ચોથા બોલમાં ધર્મની અને ધર્માત્માની ઓળખાણની રીત જગત પાસે ખુલ્લી મુકી છે. આ રીતે જ્ઞાનીને ઓળખનારો જીવ પોતે જ્ઞાનીના માર્ગમાં ભળી જાય છે. ભગવાનના માર્ગમાં ભળેલો જ ભગવાનને ખરેખર ઓળખી શકે. રાગ અને ઇન્દ્રિયોના સંગથી જરાક દૂર થઈને જ આત્માની કે દેવ–ગુરુની સાચી ઓળખાણ થઈ શકે છે. સ્વસંવેદનસહિત અનુમાન સાચું હોય, પણ સ્વસંવેદન વગર એકલા અનુમાનથી આત્મા જાણવામાં આવી જાય એમ બનતું નથી. હે જીવ! તું આ રીતે આત્માને અલિંગગ્રાહ્ય જાણ, એટલે કે સ્વસંવેદનથી જાણ. આત્માનો વાસ્તવિક અંશ તારામાં પ્રગટયા વગર બીજા આત્માનું અનુમાન તું ક્યાંથી કરીશ?

આચાર્યદેવે અહીં એ સિદ્ધાંત સમજાવ્યો કે સ્વને જાણ્યા વગર પરને જાણી

શકાય નહીં. અરિહંતાદિ પંચપરમેષ્ઠીના કે સમ્યગ્દૃષ્ટિના આત્માનો એવો સ્વભાવ નથી કે એકલા અનુમાનથી કે રાગથી તે જણાય.

અરિહંતાદિને સાચા ભાવનમસ્કાર ક્યારે થાય ?

–કે તેમને ઓળખે ત્યારે,

તેમની સાચી ઓળખાણ ક્યારે થાય ?

–કે પોતે સ્વસંવેદન કરીને આત્માને ઓળખે ત્યારે.

આત્માને, કે આત્મા જેણે ઓળખ્યો છે એવા જ્ઞાનીને ઇન્દ્રિયોદ્વારા દેખીને અનુમાનથી કોઈ ઓળખી શકે–એમ બનતું નથી. આત્માનો સ્વભાવ એવો નથી કે ઇન્દ્રિયદ્વારા તે અનુમાનમાં આવે.

પોતાના અંતરમાં સ્વભાવના સ્વસંવેદન વગર, માત્ર અનુમાનથી જ્ઞાનીને, સર્વજ્ઞને, કે આત્માના સ્વભાવને ઓળખી શકાય નહીં. ઇન્દ્રિયજ્ઞાનવડે કે અનુમાનવડે પર વસ્તુ જણાય, પણ આત્માનો સ્વભાવ ન જણાય. આત્માનો સ્વભાવ પ્રત્યક્ષજ્ઞાનનો વિષય છે. એના પ્રત્યક્ષપૂર્વક સાચું અનુમાન હોઈ શકે. પ્રત્યક્ષ વગરનું એકલું અનુમાન સાચું હોય નહિ. અતીન્દ્રિયભાવવડે અતીન્દ્રિય આત્મા જણાય છે. ને એ રીતે આત્માને જાણ્યા પછી જ પરનું જ્ઞાન સાચું થાય છે. સ્વને જાણ્યા વગર તો પરનું પણ સાચું જ્ઞાન થતું નથી.

ઇન્દ્રિગમ્ય જે શરીરાદિની બાહ્યક્રિયાઓ તેના વડે અંદરના ચૈતન્યસ્વભાવનું અનુમાન થઈ શકતું નથી. શરીરની ચેષ્ટાઓથી તદ્દન જુદો અતીન્દ્રિય આત્મા છે. પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન તે વ્યવહાર છે. પણ, જેમ નિશ્ચય વગર વ્યવહાર હોતો નથી તેમ પ્રત્યક્ષ વગર અનુમાન હોતું નથી. પોતાનો આત્મા પોતાને સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થયો ત્યારે અનુમાનથી બીજા જ્ઞાનીને પણ ઓળખ્યા કે અહો ! જેવું સ્વસંવેદન મને છે તેવું જ સ્વસંવેદન જ્ઞાની–ધર્માત્માને છે. પોતાના સ્વાનુભવ વગર જ્ઞાનીની સાચી ઓળખાણ થાય નહીં.

સાધકદશામાં અંશે પ્રત્યક્ષપણું ને પરોક્ષપણું બંને હોય છે. પણ સાધકને ભાન છે કે પ્રત્યક્ષપણું તે જ મારો સ્વભાવ છે, એટલે એવા સ્વભાવના આશ્રયે પ્રત્યક્ષપણું

વધતું જાય છે ને પરોક્ષપણું તૂટતું જાય છે, –રાગનું ને ઇન્દ્રિયોનું અવલંબન છૂટતું જાય છે. આવો મોક્ષમાર્ગ છે, ને આવી ધર્મીની દશા છે.

અહા, જંગલમાં વસતા ને આત્માના આનંદમાં ઝુલતા સંતોએ અંદર સ્વાનુભવમાં ભગવાન સાથે વાતું કરતાં કરતાં આ વાત લખી છે. જગતનાં ભાગ્ય કે આ પંચમકાળમાં આવા મુનિઓ પાકયા. વાહ, એ સંત–મહંતની અંતર્દશા! પંચપરમેષ્ઠીમાં જેનું સ્થાન છે, જેનાં દર્શનથી મોક્ષની પ્રતીત થઈ જાય! એવા એ કુંદકુંદાચાર્ય જેવા મુનિઓ જ્યારે સાક્ષાત્ વિચરતા હશે–ત્યારે તો જાણે કે ચાલતા સિદ્ધ! તેમણે અંતરમાં અનુભવેલો આત્મા આ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ કર્યો છે. અલિંગગ્રહણ શબ્દના ૨૦ અર્થો કરીને આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે. એ સંતોના ચરણોમાં નમસ્કાર હો.

# વૈરાગ્ય સમાચાર

ભાવનગરના ભાઈશ્રી હિંમતલાલ હરગોવિંદદાસ (–કે જેઓ સોનગઢ સંસ્થાના ટ્રસ્ટી પણ છે–) તેમના પુત્રી કુસુમબેન તા. ૧–૫–૬૯ ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. દેવ–ગુરુ–ધર્મની ઉપાસના વડે તેમનો આત્મા આત્મહિત પામે–એ જ ભાવના.

નરોડા (અમદાવાદ) ના ભાઈશ્રી અમૃતલાલ લહેરચંદના ધર્મપત્ની શાન્તાબેન વૈશાખ સુદ પાંચમના રોજ હૃદય રોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અનેક વર્ષોથી સોનગઢ આવીને લાભ લેતા. ગત ફાગણ માસમાં અમદાવાદથી હિંમતનગર જતાં ગુરુદેવ તેમને ત્યાં દર્શન દેવા પધાર્યા હતા. દેવ–ગુરુ–ધર્મની ઉપાસના વડે તેઓ આત્મહિત પામે–એ જ ભાવના.

વાસણા ચૌધરીના ભાઈશ્રી સોમચંદભાઈ (તે બ્ર. કેશવલાલજીના નાના ભાઈ) વૈશાખ વદી ૧૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે ગુરુદેવ સાથે યાત્રા કરેલી, અવારનવાર સોનગઢ પણ આવતા, અને છેલ્લે રણાસણ–પ્રતિષ્ઠા વખતે પણ આવેલા. ધર્મસંસ્કારમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.

# ભેદજ્ઞાન-પુષ્પમાળા

**ગુરુદેવને અત્યંત પ્રિય એવું જે સમયસાર, અને તેમાં પણ વિશેષ પ્રિય એવો કર્તાકર્મ-અધિકાર, તેના પ્રવચનોમાંથી ૮૦ પ્રશ્ન-ઉત્તરની ભેદજ્ઞાન-પુષ્પમાળા ગૂંથીને આત્મધર્મમાં રજુ કરીશું. તેનો પ્રથમ ભાગ અહીં આપીએ છીએ. ગુરુદેવના જ પ્રવચનબાગમાંથી ચૂંટેલા પુષ્પોવડે ગુંથેલી આ ભેદજ્ઞાનમાળાને જે જિજ્ઞાસુ પોતાનું આભૂષણ બનાવશે તેને ભેદજ્ઞાનરૂપી 'રત્નચિંતામણિ' પ્રાપ્ત થશે. (સં.)**

*****

(૧) કઈ ક્રિયા બંધનું કારણ છે? ને કઈ ક્રિયા મોક્ષનું કારણ છે?

રાગના કર્તૃત્વરૂપ ક્રિયા બંધનું કારણ છે; ને જ્ઞાનમય એવી જ્ઞપ્તિક્રિયા મોક્ષનું કારણ છે.

(૨) કઈ ક્રિયા બંધનું કે મોક્ષનું કારણ નથી?

જડની ક્રિયા બંધનું કે મોક્ષનું કારણ નથી.

(૩) ધર્મી જીવ જ્ઞાનની ક્રિયા ક્યારે કરે છે?

સદાય કરે છે.

## ક્રિયા અને જૈનધર્મ

(૪) અજ્ઞાની શું નથી દેખતો?

તે જ્ઞાન અને ક્રોધના ભેદને નથી દેખતો; તેમાં જે લક્ષણભેદ છે તેને તે ઓળખતો નથી.

( ૫ ) જીવે શેમાં વર્તવું જોઇએ ?

જીવે પોતાના જ્ઞાનભાવમાં વર્તવું જોઇએ.

( ૬ ) જીવે શેમાં ન વર્તવું જોઇએ ?

જીવે ક્રોધાદિ પરભાવમાં વર્તવું ન જોઇએ.

( ૭ ) કઇ ક્રિયા મોક્ષનું કારણ છે ?

જ્ઞાનભાવમાં વર્તવારૂપ જ્ઞાનક્રિયા તે મોક્ષની ક્રિયા છે; તે ક્રિયા મોક્ષનું કારણ છે.

( ૮ ) જૈનધર્મમાં ક્રિયા હોય ?

હા; મોક્ષની સાચી ક્રિયા જૈનધર્મમાં જ હોય.

( ૯ ) જૈન ધર્મની ક્રિયા કઇ ?

જ્ઞાનમાં તન્મય વર્તવારૂપ ક્રિયા તે જૈનધર્મની ક્રિયા છે. પણ રાગાદિમાં વર્તવારૂપ ક્રિયા તે જૈનધર્મની ક્રિયા નથી, તે તો અધર્મની ક્રિયા છે; અને દેહાદિની ક્રિયાઓ તો જડની ક્રિયા છે.

( ૧૦ ) ક્રિયાના કેટલા પ્રકાર થયા ?

ત્રણ ( ૧ ) જ્ઞાનની ક્રિયા ( ૨ ) રાગની ક્રિયા ( ૩ ) જડની ક્રિયા.

( ૧૧ ) તે ત્રણ ક્રિયાના કર્તા કોણ છે ?

જ્ઞાન ક્રિયાના કર્તા જ્ઞાની છે; રાગાદિ ક્રિયાનો કર્તા અજ્ઞાની છે; જડની ક્રિયાનો કર્તા જડ છે.


( ૧૨ ) આત્મા જડની ક્રિયાનો કર્તા કેમ નથી ?

કેમકે આત્મા જડ નથી. ( જડ હોય તે જ જડની ક્રિયા કરી શકે. )

( ૧૩ ) જ્ઞાન રાગનું કર્તા છે ?


ના; કેમકે જ્ઞાન પોતે રાગ નથી. જ્ઞાન અને રાગ જુદા છે.

( વિશેષ આવતા અંકે )



જૈનધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ અને અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર, એ બંને ભગવંતોની ખડ્ગાસન વીતરાગી મુદ્રા કેવી શોભી રહી છે? કયાં બીરાજે છે આ મૂર્તિ? ખબર છે? લંડન શહેરના બ્રિટિશ મ્યુઝીયમને આ બંને ભગવંતો શોભાવી રહ્યા છે; દર વર્ષે લાખો માણસો એમનાં દર્શન કરીને રાજી થતા હશે. બ્રિટિશ રાજ્યના અમલદારોને અવ્યક્તપણે પણ, ભારતના આ અણમૂલ વૈભવનો વીતરાગી દેદાર દેખીને તેના પ્રત્યે આદર બહુમાન જાગ્યા હશે એટલે તેઓ એ વીતરાગીનિધાનને પોતાના દેશમાં લઇ ગયા હશે.–ખરું જ છે, વીતરાગતા કોને ન ગમે? આ ભગવંતોની મુદ્રા બોલ્યા વગર પણ વીતરાગી મોક્ષમાર્ગનો સન્દેશ જગતને આપી રહી છે.

* * * * *



## દિગંબર જિનમંદિર : ઘાટકોપર

જેમાં ઉપરના ભાગમાં ૨૪ તીર્થંકરભગવંતોની અને નીચેના ભાગમાં સીમંધર ભગવાન તથા નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા વૈશાખ માસમાં થઇ. મલાડનું જિનમંદિર પણ આવું જ ભવ્ય છે, તેમાં ઉપરના ભાગમાં સીમંધરાદિ ૨૦ ભગવંતો અને નીચેના ભાગમાં આદિનાથ ભગવાન બિરાજે છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ ( પ્રત : ૨૬૦૦ )